# શ્રી પુરૂષોતમદાસ ર. પટેલ
## (દાસકાકા)

# સન્માન ગ્રંથ



શ્રી પુ. ર. પટેલ (દાસકાકા) સન્માન સમિતિ-કડી

## શ્રી પુ. ર. પટેલ (દાસકાકા) સન્માન સમિતિ

### કાર્યવાહક સમિતિ

: અધ્યક્ષ :

**શ્રી નટવરલાલ અમૃતલાલ પટેલ**

: સંવાહકો :

શ્રી ધનાભાઇ હ. વકીલ
શ્રી માણેકલાલ મા. પટેલ
શ્રી છગનલાલ કા. પટેલ વકીલ
શ્રી ભાઇલાલભાઈ જી. પટેલ

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ

( દાસકાકા )

**સન્માન ગ્રંથ**

[illegible]

[illegible]

[illegible]

[illegible]

‘મરદ માથું આપે નાક નહિ.’

– સરદાર વલ્લભભાઈ



શ્રી દાસકાકા - યુવાનવયે

❀



શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ ( દાસકાકા ) ૮૦ વર્ષે

# શ્રી પુરુષોત્તમદાસ પટેલ ( દાસકાકા )

# સન્માન ગ્રંથ

: સંપાદકો :

મોહનલાલ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ

શ્રી પુ. ર. પટેલ (દાસકાકા) સન્માન સમિતિ
કડી ( ઉ. ગુ. )

શ્રી પુરુષોત્તમદાસ પટેલ
(દાસકાકા) સન્માન ગ્રંથ

★

: પ્રકાશક :
શ્રી પુ. ર. પટેલ સન્માન
સમિતિ
ઠે. સર્વ વિદ્યાલય કેમ્પસ્
કડી (ઉ. ગુ.)

★

સને ૧૯૭૮

★

: મુદ્રક :
ભાઈલાલભાઈ જી. પટેલ
પાટીદાર મુદ્રણાલય—કડી



# નિવેદન

**સન્માન** સમારંભ જેવા ઉપચારને સહજતાથી સ્વીકારી લેવાનું શ્રી દાસકાકાના સ્વભાવમાં નથી. એટલે આવા સમારંભ માટે એમને તૈયાર કરવામાં ઠીક ઠીક પ્રયત્ન કરવો પડ્યો. છેલ્લાં કેટલાંય વર્ષોથી જ્યારે જ્યારે એમને સન્માનવાની વાત નીકળી ત્યારે ત્યારે એ વાતને એમણે એક યા બીજી રીતે ટાળી જ દીધી. પણ દાસકાકાની ઘણી લાંબી અને ઉત્કૃષ્ટ પ્રકારની સેવાઓ, એમની કર્મઠતા અને એમણે અનેક ક્ષેત્રોમાં પૂરી પાડેલી નેતાગીરીને બિરદાવવા એમના ચાહકો આતુર હતા. એટલે એમણે દાસકાકાને જાહેરમાં સન્માનવાનું નક્કી કર્યું. અને આ અંગે વિશેષ વિચારણા કરવા કડી મુકામે એક સભા બોલાવવામાં આવી. આ સભામાં મોટી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી અને સૌએ દાસકાકાને સન્માનવાની વાત ઉમળકાભેર વધાવી લીધી.. અને આ સન્માનપર્વ માટે અભિમુખ થવા શ્રી દાસકાકાને ઉષ્માભરી વિનંતી પણ કરવામાં આવી.

આખી સભાની લાગણીને હવે પાછી ઠેલી શકાય એમ નહોતું. પણ દાસકાકા રહ્યા વિચક્ષણ પુરુષ. એમણે આ પ્રસંગને લોકકલ્યાણના એક પુરુષાર્થમાં પરિવર્તિત કરવાની એક સુંદર તક જોઈ. ગાંધીનગરમાં એક સારી શિક્ષણ સંસ્થા ઊભી કરવાની એક યોજના એમના મનમાં કેટલાય સમયથી ઘોળાઇ રહી હતી. અત્યારે એના માટે કંઇક સારું કાર્ય કરી શકાશે એવી તક એમણે આ પ્રસંગમાં જોઇ. અને પોતાને સન્માનવા માટે થનાર પુરુષાર્થનો ઉપયોગ આ કાર્ય માટે થાય તો એમને ગમશે એવી વાત પણ એમણે વ્યકત કરી. ગાંધીનગરમાં અત્યારે શેઠ ચંદુલાલ માધવલાલ હાઇસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ આકાર લઇ રહી છે તે આ પ્રસંગની ફલશ્રુતિ છે. ત્યાં પુરુષોત્તમદાસ એન્ડ ભીખાભાઇ હોસ્ટેલ પણ બંધાનાર છે તે પણ આ અવસરનું જ પરિણામ છે. આમ દાસકાકાએ પોતાને સન્માનવાના સ્નેહીઓના વિચારને લોકહિતના એક મહાન કાર્યમાં ફેરવી બતાવ્યો છે.

સન્માન સમારંભ યોજવાનું નક્કી તો થયું. પણ દાસકાકાની એક શરત તો ઊભી જ રહી: ‘જે કંઇ કરો તે અત્યંત સાદાઇથી અને કોઇપણ પ્રકારના ખાસ ખર્ચ વગર કરો.’ કોઇ સમારંભના આયોજનમાં આ શરત કેટલી કઠણ છે એ સમારંભના આયોજકો સારી રીતે જાણે છે. પણ દાસકાકા પોતાની વાતમાં દઢ એટલે આયોજકોએ એમની ઈચ્છા પ્રમાણે ચાલવાનું વિચાર્યું.

આ ગ્રંથનું પ્રકાશન પણ એમના સન્માન સમારંભના એક ભાગ રૂપ છે. દાસકાકાએ એમની લાંબી કારકિર્દી દરમ્યાન અનેક ક્ષેત્રોમાં ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો છે. પ્રજા મંડળના પ્રમુખ તરીકે તેમ જ ધારાસભા અને પાર્લામેન્ટના સભ્ય તરીકે એમણે આગવી પ્રતિભા સ્થાપી છે. કેબિનેટ કક્ષાનું મંત્રીપદ પણ એ શોભાવી ચૂકયા છે. અનેક લડતોમાં એમણે આગવું ખમીર દેખાડયું છે. એક વિચક્ષણ રાજપુરુષ ઉપરાંત એ ખેડૂતોના હમદર્દ, સામાજિક દૂષણો સામેના એક પ્રખર બાગી અને કેળવણી ક્ષેત્રે ક્રાંતિકારી વિચારસરણી ધરાવનાર વ્યક્તિ તરીકે જાણીતા થયેલા છે. એમણે અનેક પત્રો ચલાવ્યાં છે. આવી બહુમુખી પ્રતિભા ધરાવનાર દાસકાકાના જીવનના એવા અનેક પ્રસંગો હોય કે જે કેમેરાની આંખે ચઢી ચૂકયા હોય. આવી કિંમતી પળોની કેટલીક છબીઓના બ્લોકસ આ ગ્રંથમાં મૂકવાની અમારી ઇચ્છા હતી. પણ દાસકાકા પાસેથી આવી છબીઓ મળે તો દાસકાકા શાના? પ્રસંગોચિત ફોટોગ્રાફ મેળવવાની કે એને સંઘરવાની એમનામાં વૃત્તિ જ નથી. આ બાબતમાં એમની ઉદાસિનતા એટલે સુધીની છે કે અમે એમના પરિવારનો સમૂહ ફોટોગ્રાફ પણ મેળવી શકયા નથી જેની ઊણપ આ ગ્રંથમાં દેખાઇ આવશે.

આમ તો, દાસકાકાનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ અને સમૃદ્ધ છે કે એમના જીવનનાં બધાં પાસાંને આલેખવામાં એક દળદાર ગ્રંથ તૈયાર થાય. પણ નજર આગળ મર્યાદિત પૃષ્ઠ સંખ્યા હોઈ એ શકય બન્યું નથી. વળી એ જ કારણથી દાસકાકાનાં પ્રવચનો અને એમના લેખોમાંથી કેટલાંક ઉદ્ધરણો આપવાનો લોભ જતો કરવો પડયો છે.

જે સ્વજનોએ પોતાના લેખો આપીને તેમ જ અન્ય રીતે પ્રોત્સાહન આપીને આ ગ્રંથને આકાર આપવામાં સહાય કરી છે તેમનો તથા એમાં જાહેર ખબર આપીને આર્થિક સહાય કરનાર શુભેચ્છકોનો આભાર માનીએ છીએ.

ગ્રંથને અનેરો ઉઠાવ આપી શકે એવું દાસકાકાના સ્કેચ સાથેનું ટાઈટલ સંસ્થા પરિવારના જ સભ્ય શ્રી દિલિપકુમાર રોયે તૈયાર કરી આપ્યું છે એ માટે એમનો પણ આભાર માનીએ છીએ.

**માણેકલાલ મા. પટેલ**
**ધનાભાઇ હ. વકીલ**
**મોહનલાલ બા. પટેલ**
**નરોત્તમભાઈ જો. પટેલ**
**ભાઈલાલભાઇ જી. પટેલ**
સન્માન ગ્રંથ સમિતિ

**વંદના**

આનર્તના સપૂત શાર્દૂલ કર્મવીર!
કૃતાર્થ નામ-ગુણ, રે સમરે શું ધીર.
ધન્યા ધરા, જનની જન્મભૂમિ સુ-જન્મે,
લાખો ઉરો, નયન, શિર શું ભક્તિ નામે.

**—अनामी**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| નિવેદન | સન્માન ગ્રંથ સમિતિ | ૩ |
| સંદેશાઓ | શ્રી ઇશ્વરભાઈ પટેલ, (કુલપતિ)<br>શ્રી હિતેન્દ્રભાઇ દેસાઈ<br>શેઠશ્રી જયકૃષ્ણભાઇ હરિવલ્લભદાસ<br>શ્રી માણેકલાલ મ. ગાંધી (પંચાયત મંત્રી) | |
| લોકાભિમુખ કર્મવીર | ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી' | ૯ |
| ક્રાન્તિકારી દાસભાઈ | શ્રી પીતાંબર પટેલ | ૧૧ |
| નીડર દાસભાઈ | શ્રી પોપટલાલ ગુ. પટેલ | ૧૪ |
| મુ. શ્રી દાસભાઇ એટલે ? | શ્રી વકીલ ધનાભાઇ હ. પટેલ | ૧૬ |
| આવા છે શ્રી દાસકાકા | શ્રી ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડા | ૨૧ |
| મુરબ્બી શ્રી દાસભાઇ | ડૉ. અશ્વિનભાઇ ડી. પટેલ | ૨૨ |
| કર્તવ્યશીલ 'દાસકાકા' | શ્રી કલ્યાણભાઇ ગો. પટેલ | ૨૪ |
| વડલા સમી છાયા | શ્રી મોહનલાલ બા. પટેલ | ૨૬ |
| ખેડૂતોના હમદર્દ અને નિડર વિચક્ષણ રાજપુરુષ | શ્રી પ્રભાતકુમાર દેસાઇ | ૨૯ |
| શ્રી દાસકાકા મારી નજરે | શ્રી ઇશ્વરભાઇ જી. પટેલ | ૩૨ |
| કેળવણી ક્ષેત્રે દાસકાકા | શ્રી નરોત્તમભાઇ પટેલ | ૩૫ |
| પરમ પુરુષ પુરુષોત્તમ | ડૉ. પ્રહલાદ્ વિ. કસ્વેકર | ૩૭ |
| આદ્યસ્થાપકોમાંના એક : શ્રી દાસભાઇ | શ્રી કુબેરદાસ છોટાલાલ પટેલ | ૩૯ |
| સમાજ સુધારક સેવાભાવી કાર્યકર : શ્રી દાસભાઇ | શ્રી રતિલાલ અમીન | ૪૦ |
| દાસકાકા : એક અનોખું વ્યક્તિત્વ | શ્રી ભાઇલાલભાઈ જી. પટેલ | ૪૨ |
| ટેકનીકલ શિક્ષણના હિમાયતી શ્રી દાસકાકા | શ્રી ત્રિભોવનભાઇ કા. સુથાર | ૪૮ |
| શ્રી દાસકાકાને અતિપ્રિય કર્મભૂમિ :<br>સર્વ વિદ્યાલય કેમ્પસની ઝાંખી... ... ... | ... | ૪૯ |

# શુભેચ્છા સંદેશાઓ

સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે જીવનભર ઝઝૂમનાર અને સ્વાતંત્ર્ય બાદ દેશને બેઠો કરવા માટે અનેકવિધ વિકાસ-પ્રવૃત્તિઓમાં યોગદાન આપનાર દાસકાકા, લુપ્ત થતી પેઢીના એક પ્રેરણાપુરુષ છે. સર્વ વિદ્યાલય, કડી અને તેની સંસ્થાઓના વિકાસ ઉપરાંત મહેસાણા જિલ્લા અને ગુજરાતભરમાં એમણે એમની સેવાનો હાથ લંબાવ્યો છે. આવા એક નીડર, પ્રામાણિક અને નિષ્ઠાવાન કાર્યકરનું તમે સન્માન કરો છો તે નવી પેઢીને પ્રેરણાદાયી નીવડશે. દાસકાકાને હું સ્વાસ્થ્ય અને દીર્ઘ સેવાજીવન પ્રાર્થું છું.

ઇશ્વરભાઈ પટેલ
કુલપતિ
ગુજરાત યુનિવર્સિટી

[ ૨ ]

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી તરફથી શ્રી પુરુષોત્તમદાસ પટેલ ( દાસકાકા ) નું સન્માન કરવાનું નક્કી કર્યું, એ જાણી આનંદ થયો. શ્રી દાસકાકા વર્ષોથી ગુજરાતના જાહેરજીવનમાં પડેલા છે, અને ખાસ કરીને ખેતી, સહકારી તેમ જ કેળવણી ક્ષેત્રે વર્ષો સુધી સેવા આપી છે. મારો પરિચય બહુ જૂનો છે, અને થોડો સમય તેઓ મારા પ્રધાનમંડળમાં પણ રહ્યા હતા. નિખાલસતા અને સરળતા એમની વિશિષ્ટતા છે. તેઓ લાંબુ આયુષ્ય ભોગવે અને પ્રજાની સેવા કરતા રહે, એવી મારી હાર્દિક શુભેચ્છા છે.

— હિતેન્દ્ર દેસાઈ

[ ૩ ]

ગુજરાતના અને ખાસ કરીને મહેસાણા જિલ્લાના જાહેર-જીવનમાં દાયકાઓ સુધી રહી ગુજરાત અને જીલ્લાનાં હિતો અને સર્વાંગી વિકાસનું ચિંતન કરનાર મુ. શ્રી દાસકાકાનું સન્માન કરવામાં આવે છે તે સર્વ રીતે યોગ્ય છે.

મારે અને શ્રી દાસકાકાને જાહેર જીવનના અનેક પ્રસંગોએ મળવાનું થયું છે. આવા કોઇપણ પ્રસંગે તેઓ કોઈ વ્યકિતગત વાતો કરવાને બદલે સહકાર, કેળવણી, ગ્રામ વિકાસ અને રાજકીય ક્ષેત્રની તેમ જ રાજ્યના બીજા પ્રાણપ્રશ્નોની ચર્ચા કરતા રહ્યા છે. તે જ તેમનો જાહેર પ્રશ્નો પરત્વેનો પ્રેમ દર્શાવે છે.

સૌ પ્રથમ ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી પાછળથી લોકસભાના સભ્યપદેથી તેમ જ ગુજરાત રાજ્યના પ્રધાનપદેથી શ્રી દાસકાકાએ ગરીબ અને નિરક્ષર પ્રજા માટે કેળવણી, ગ્રામ વિકાસ અને ખેડૂતોના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહી મહત્વનું અને નોંધપાત્ર પ્રદાન કર્યું છે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને વિકસાવવામાં તેમનો ફાળો મહત્ત્વનો છે, જે કેળવણી પ્રત્યેની તેમની નિષ્ઠાનું ઉદાત્ત ઉદાહરણ પૂરું પાડે છે ૮૦ વર્ષની જૈફ ઉંમરે પણ શ્રી દાસકાકામાં લોકસેવા કરવાનો જે તરવરાટ, ઉમંગ તેમ જ ઉત્સાહ જોવા મળે છે તે એક યુવાનને શરમાવે તેવો છે. નિવૃત્ત જીવનમાં પણ જાહેર જવાબદારીઓ તેઓ ઉઠાવી રહ્યા છે તે આજની પેઢી માટે અનુકરણીય બની રહેશે. શ્રી દાસકાકાને ઉત્તમ આરોગ્ય અને દીર્ઘાયુ ઇચ્છું છું.

— જયકૃષ્ણ હરિવલ્લભદાસ

ગુજરાતના વર્ષો જુના ખેડૂતોના હિત માટે સતત લડત ચલાવતા એવા મહેસાણાના આગેવાન કાર્યકર મુ. શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલ ઉર્ફે દાસકાકાની સેવાઓ માટે બહુમાન કરવાનું ગુજરાતનું જાણીતું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડી તા. ૧૬–૪–૭૮ના રોજ યોજી રહ્યું છે તે જાણીને ખૂબ આનંદ થયો. મુ. શ્રી પુરુષોત્તમદાસભાઇને આમ તો હું વડોદરા પ્રજા મંડળના એક આગેવાન કાર્યકર તરીકે ઓળખતો હતો અને વડોદરાની ધારાસભામાં પણ તેઓ વડોદરા રાજની પ્રજાના હિત અને કલ્યાણ માટે સતત લડત ચલાવતા જ હતા પણ જ્યારે દેશી રાજ્યોનું વિલિનીકરણ થયું અને દેશની આઝાદીને લઇને પાર્લામેન્ટની રચના થઇ ત્યારે તો મુ. શ્રી દાસકાકા અને હું બંને પાર્લામેન્ટના સભ્યો તરીકે ચૂંટાઇને ન્યુ દિલ્હી ગયા ત્યારે તો મારો અને તેમનો સંબંધ મિત્રો જેવો બની ગયો. એટલું જ નહિ પણ પાર્લામેન્ટના ઘણાખરા પ્રશ્નો તો અમો બંને એક સાથે લખીને મોકલતા અને ગુજરાતના હિત માટે પાર્લામેન્ટમાં રહ્યા ત્યાં સુધી બનતું કાર્ય કર્યું. દાસકાકા સ્વભાવના જરા તીખા હોવાને કારણે સૌ કોઇને તડ અને ફડ કહી દેવામાં પાછા પડતા નહિ. ખેડૂતના દીકરા હોવાને કારણે તેઓ સતત ખેડૂતોના હિતને માટે સરકારની સામે લડવામાં પાછીપાની કરતા મેં કોઈ દિવસ તેમને જોયા નથી. બહુ વર્ષ પછી તેઓ પાછા ગુજરાતની ધારાસભામાં જોડાયા એટલું જ નહિ પણ મંત્રી મંડળમાં સિંચાઇ મંત્રી તરીકે લેવામાં આવ્યા ત્યારે તેમણે ભારે ધગશથી ખેતીનું ઉત્પાદન કેમ વધી શકે, ખેડૂતોને સિંચાઇની વધુ સગવડો કેવી રીતે મળી શકે એ માટે તેઓને મેં પ્રધાનમંડળમાં કામ કરતા જોયા છે. હમણાં છેલ્લે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડીના આશ્રય નીચે ગાંધીનગરમાં શેઠશ્રી લક્ષ્મીકાંત ભગુભાઇ તરફનું રૂા. બે લાખનું મોટું દાન મેળવી હાઇસ્કૂલના મકાનની શિલારોપણ વિધિ કરાવી ત્યારે તેમણે મને યાદ કરી નિમંત્રણ આપ્યું હતું અને હું હાજર રહ્યો હતો. આ ઉંમરે પણ તેમણે સતત ધગશથી કામ કરતા મેં જોયા છે. આવા એક આગેવાન કાર્યકરનું બહુમાન થાય એ ઇચ્છવા યોગ્ય છે એટલું જ નહિ પણ તેમના જીવનમાંથી ભાવી પેઢીને ઘણું શીખવાનું મળશે એમ હું માનું છું.

મુ. શ્રી દાસકાકાને ભગવાન લાંબુ તંદુરસ્ત આયુષ્ય આપે અને તેઓ ગુજરાતની આથી પણ વધુ સેવા કરવા ભાગ્યશાળી બને તેવી આશા સાથે તેમને હું હાર્દિક અભિનંદન પાઠવું છું.

**માણેકલાલ મ. ગાંધી**
પંચાયત મંત્રી

**કિસાનો**ને પોતાની શક્તિનો ખ્યાલ જ નથી. જગતનું પોષણ કરનારો કિસાન પામર છે, કંગાલ છે, રંક છે, એવું એવું જ્યારે હું સાંભળું છું ત્યારે મને અપાર દુઃખ થાય છે. પણ પોતાની શક્તિ ભૂલી જઈને ખુદ કિસાન એવું માનવા લાગ્યો છે એ જાણીને તો મને વધારે દુઃખ થાય છે. કરોડોની સંખ્યા એ જ એનું મોટામાં મોટું બળ છે અને એથી યે મોટું બળ એની મજૂરી કરવાની અખૂટ શક્તિ છે. જ્યારે કિસાનોને તેમની આ બે શક્તિઓનું જ્ઞાન થશે તે દિવસે એની સામે કોઈ ટકી નહીં શકે, કિસાનોને તેમની આ શક્તિનું ભાન કોણ કરાવે ?

... ... ...

**સંગઠન** વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે ત્યારે હવાના સપાટાથી પણ તૂટી જાય એવા કમજોર હોય છે. પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબ્બત કરે છે, તાણાવાણામાં વણાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગિતા અદ્‌ભૂત બની જાય છે. કિસાનો જ્યારે સૂતરના તારોની જેમ પરસ્પર મહોબ્બતથી એક સંગઠન ઊભું કરશે ત્યારે એમને પોતાની શક્તિનું ભાન થશે અને એનું માપ જડશે. એકલો અટુલો કિસાન બધાની ઠોકરો ખાતો આવ્યો છે અને ખાશે. માટે જો કિસાન જાતનું ભલું તાકતો હોય તો એણે પોતાનું મજબૂત સંગઠન ઊભું કરવું જોઈએ અને એકબીજા તરફ પ્રેમ અને વિશ્વાસ કેળવવો જોઈએ. એણે એ સમજી જવું જોઈએ કે તમામ કિસાનો એક જ પિતાનાં સંતાનો છે. હું 'કિસાન'ની આ વ્યાખ્યામાં અનેક નાના જમીનદારો તથા આપણી સાથે રાતદિવસ ખેતરોમાં મહેનત કરનારા મજૂરોનો પણ સમાવેશ કરું છું.

— **સરદાર વલ્લભભાઈ પટેલ**

# લોકાભિમુખ કર્મવીર

ડૉ. રણજિત એમ. પટેલ
( અનામી )

કડીની સર્વ વિદ્યાલય સંસ્થામાં હું પાંચ વર્ષ ભણ્યો ને મેટ્રીક થયા બાદ એક વર્ષ શિક્ષક તરીકે રહ્યો. એમ. એ. થયા બાદ ફરી પાછો એક વર્ષ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આશ્રયે ચાલતી પીલવાઈની, શેઠશ્રી જી. સી. હાઈસ્કૂલમાં અધ્યાપક તરીકે રહ્યો. આ સાત વર્ષ દરમિયાન એક વિદ્યાર્થી અને એક અધ્યાપક તરીકે અનેક મહાનુભાવોના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું. પૂ. છગનભાની વત્સલ સેવા પરાયણતા, પૂ. રામચંદ્રભાઈ અમીનની વ્યવહારદક્ષતા, પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણની નિર્વ્યાજ સરલતા, પૂ. બાપુભાઇ ગામીની સૌમ્ય આધ્યાત્મિકતા, પૂ. પોપટભાઈ પટેલની સમ્યક્ ધ્યેય પરાયણતા, પૂ. છગનભાઇની કઠોર કર્તવ્યનિષ્ઠા, શ્રી ડાહ્યાભાઇ જાનીની વેધક રસજ્ઞતા – નિજીવ્યકિતત્વનાં આવાં વ્યાવર્તક લક્ષણોથી એ મહાનુભાવોની માનસિક છબિઓ મારા ચિત્તફલક પર અંકિત થયેલી હતી; પણ આ સર્વમાં વિશિષ્ટ રીતે મુદ્રિત થયેલી ભાત તો હતી પૂ. દાસકાકાની – નિર્ભયતાની જીવંત મૂર્તિ જાણે! સાહિત્ય અને ઇતિહાસનો અભ્યાસ કરતાં, નચિકેતા, નર્મદ, દયાનંદ સરસ્વતી અને માર્ટિન લ્યૂથરની જે નિર્ભયતાનો હું ગુણાનુરાગી બન્યો હતો તેનું પ્રત્યક્ષ દર્શન મને પૂ. દાસકાકામાં થયેલું. ગીતાના ગાનારે, કેટલાક દિવ્યગુણોની ગણના કરતાં-

अभयं सत्त्वसंशुद्धि र्ज्ञानयोग व्यवस्थितः ।
दानंदमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दयाभूतेष्वलेलोलुप्त्वं मार्दूयं ह्रीरचापलम् ॥

तेजः क्षमा धृतिः शौचमद्रौहानातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥

—અભયનો ઉલ્લેખ સર્વ પ્રથમ કર્યો છે તેમાં કેવળ છંદની અનુકૂળતા ખાતર જ તેમ કર્યું નથી પણ દિવ્ય ગુણોમાં એ મૂર્ધન્ય સ્થાને છે એ સત્ય હકીકતનો નિર્દેશ કરવા તેમ કર્યું છે. અભય – નિર્ભયતા વિના નાનકડો નચિકેતા ખૂદ યમરાજ પાસેથી જીવન અને મૃત્યુનું, જીવનના શ્રેય અને પ્રેયનું તત્વજ્ઞાન પામી શક્યો હોત ? નર્મદ, દયાનંદ અને લ્યૂથર સામાજિક તેમ જ ધાર્મિક સુધારા ને ક્રાન્તિ કરી શકયા હોત ? ખૂદ ગાંધીજીની અહિંસા અને વિશ્વશાન્તિની વિભાવના પણ નિર્ભયતા પર નિર્ભર છે. નિર્ભયતા એ કેવડી મોટી સંપદ્ છે તેની પ્રત્યક્ષ પ્રતીતિ આપણને કટોકટીના ઓગણીસ માસ દરમિયાન સુપેરે થઇ છે. પૂ. દાસકાકાની પ્રત્યેક પ્રવૃત્તિનું પ્રેરકબળ મને તેમની આ નીડર મનોવૃત્તિમાં ડોકાતું લાગ્યું છે. પછી એ પ્રવૃત્તિ વેઠ – નાબૂદીની હોય કે

પીલાજીરાવ ગાયકવાડ જેવા સુબા સાથેની સાઠમારી-ની હોય, બાયલી ધારાસભાને 'રાધાસભા' ના સૂચક ને ઉપહાસજનક નામાભિધાને નવાજવાની હોય કે દેશની આઝાદીની લડતમાં યા હોમ કરીને ઝૂકાવવા-ઝંપલાવવાનું હોય, અનેક સામાજિક સુધારાનાં બહુરૂપી વરવાં સ્વરૂપો પ્રત્યે ઉચ્છેદક યુયુત્સાવૃત્તિ દાખવવાની હોય કે કેળવણી ક્ષેત્રે આમૂલક્રાન્તિ કરવા-ની હોય – પૂ. દાસકાકાની અસલી નિર્ભયતા તેમના વેધક વિચારમાં, એમની વીર્યવંતી વાણીમાં, એમના નિર્દંભ વ્યવહારમાં અને એમના પારદર્શક આચારમાં પ્રતિબિંબિત થયા વિના રહેતી નથી. નિર્ભયતા જ એમનું શીલ, એ જ એમની કાર્યશૈલી.

સરદાર વલ્લભભાઇ પટેલ ભારતના સરદાર હતા ગુજરાત, પૂ. દાસકાકાને ઉત્તર ગુજરાતના સરદાર તરીકે ઓળખે છે એમાં સરદારના અનેક ગુણોનો સમુચ્ચય પૂ. દાસકાકામાં થયાનો એકરાર છે. સરદાર વલ્લભભાઇએ પૂ. દાસકાકાની શક્તિઓને પરખી હતી અને વડોદરા રાજ્ય પ્રજામંડળની અનેક સક્રિય પ્રવૃત્તિઓમાં તેમને જોતરીને આકરી કસોટી-ઓ દ્વારા કસી પણ હતી. એ કપરી પરીક્ષાઓમાં તેઓ ઉત્તીર્ણ થયા હતા. આજે પણ પૂ. દાસકાકાને આ વાતનું ગૌરવ છે.

પૂ. દાસકાકાએ યોગક્ષેમ કાજે વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો, ગૌરવભેર એ પ્રવૃત્તિ વર્ષો સુધી કરી પણ એ પ્રવૃત્તિને જ તેમણે આયુષ્યની ઇતિ માની નહીં. દ્રવ્ય ઇષ્ટ હોવા છતાં પણ લોકસંગ્રહ જ એમનો ચરમ ને પરમ આદર્શ રહ્યો છે. એ વડોદરા ધારાસભામાં હોય કે મુંબઈ ધારાસભામાં હોય, દિલ્હીમાં સંસદ સભ્ય હોય કે ગુજરાત સરકારના પ્રધાનમંડળમા હોય – એમનું ગન્તવ્ય ને પ્રાપ્તવ્ય તો લોકસેવા ને લોકસંગ્રહ જ. એમની ભૂતકાલીન કે સાંપ્રત શિક્ષણ ને કેળવણી વિષયક અનેક પ્રવૃત્તિઓ-ના મૂળમાં આ મૂર્ધન્ય ભાવના જ વિકાસોન્મુખ થતી દેખાય છે. એમના ભાવિ પુરુષાર્થનું લક્ષ્ય પણ લોકસેવા ને લોકસંગ્રહનું સંગોપન ને સંવર્ધન કરનારી પ્રવૃત્તિઓ ને સંસ્થાઓ જ. એમણે ભગવાં પહેર્યાં નથી એટલું જ, બાકી શબ્દના સાચા અર્થમાં તો એ સંન્યાસી જ છે. એમનું જીવન એટલે પ્રવૃત્તિમય સંન્યાસનું સાચું રહસ્ય 'નિવૃત્તિ' જેવો શબ્દ જ દાસકાકાના શબ્દકોષમાં નથી. એમનું જીવન એટલે જીવંત કર્મયોગ – અનાસક્તિપૂર્વકનો કર્મયોગ. જીવનના આઠમા દાયકાના અંતમાં પણ એમની શારીરિક ને માનસિક સ્ફૂર્તિ કોઇપણ નવયુવાનને શરમાવે તેવી છે. હજી પણ નવી ક્ષિતિજો આંબવા એમના ધટડામાં ઘોડા થનગને છે. He is living by every cell – અણુએ અણુએ એ જીવંત છે. શક્તિના એ 'ડાયનેમો' છે. એમનું દર્શન અનેકને પ્રેરણારૂપ છે. નવનવા ઉન્મેષ દાખવતી એમની પ્રૌઢ–પ્રજ્ઞા, સમયસમયના નૂતન પડકારોનો પ્રતિકાર કરવા કેવી તો સમર્થ છે તે તેમના જીવનને નજીકથી જોનારને સ્પષ્ટ દેખાશે. પૂ. દાસકાકા હજી પણ વધુ અર્થ-પૂર્ણ ને તેજસ્વી જીવન જીવી લોકસંગ્રહને સમૃદ્ધ કરે તેવી પ્રભુ-પ્રાર્થના.

# ક્રાન્તિકારી દાસભાઈ

પીતાંબર પટેલ

૧૯૩૦-૩૨ ના એ દિવસો હતા ગાંધીજીનો મીઠા સત્યાગ્રહ પૂર જોશમાં ચાલતો હતો. લાઠીમારથી લોકો ઘવાતા હતા. બહેનો પણ પીકેટીંગ કરવા બહાર પડી હતી. ઘોડા દોડાવવામાં આવતા હતા. ધરપકડો થતી હતી. એ સત્યાગ્રહની અસર ગાયકવાડી પ્રદેશમાં પણ થઇ રહી હતી. ૧૯૩૨માં તો ગાંધી વિચારને વરેલી ગુજરાત વિદ્યાપીઠની પ્રેરણા લઇ ઊભી થયેલી કડીની સંસ્થાના કાર્યકરોએ પણ આઝાદી સંગ્રામમાં ઝંપલાવ્યું. વિદ્યાર્થીઓ પકડાયા. શિક્ષકો પકડાયા. કારાવાસ થયો. ત્યારે સમગ્ર વાતાવરણમાં સ્વાતંત્ર્ય જંગની ચેતનમય હવા પ્રસરી રહી હતી. તે દિવસોમાં મારા જેવા કડીની સંસ્થામાં ભણતા ૧૪ થી ૧૬ વર્ષના કિશોરો પણ એ ચેતનમય હાકલથી પર રહી શકયા નહોતા

ત્યારે મુરબ્બી દાસભાઇ કડીમાં રહેતા હતા. એ આઝાદી જંગના કડીના સેનાની જેવા હતા. પ્રજામંડળના એક અગ્રણી નેતા હતા. અમારા જેવા વિદ્યાર્થીઓના ચિત્તમાં તો ત્યારથી જ દાસભાઇની એક નીડર, પડકાર ઝીલી લેનાર, સાચા બોલા, નીભિક તેજોમય વ્યક્તિત્વની છાપ અંકિત થયેલી, એમનાં પ્રવચનો સાંભળવાં એ પણ લહાવો હતો. એમની વાણીમાં સરદાર પટેલની પેઠે કટાક્ષ, મર્માળા ચાબખા, સોંસરાં, આરપાર ઊતરી જાય એવાં વેધક વિધાનો અને સરકારને જવાબ આપવાનો પડકાર સંભળાતો. ત્યારે એમના શબ્દો સળગતા અંગારની પેઠે દઝાડે એવા નીકળતા. ગાયકવાડ સરકારના શિથિલ અને અન્યાયી વહીવટની હાંસી ઉડાવી ત્યારના મહેસાણા જિલ્લાના સુબા પિલાજીરાવની તો જાહેરમાં ઠેકડી ઉડાવતા. ધારાસભાને રાધાસભા કહેતા. પિલાજીરાવના ઘમંડને ખુલ્લો પડકારતા. એ દિવસોમાં, અમારાં મુગ્ધ હૃદયમાં નીડરતાનું ઝળાંઝળાં થતું વ્યક્તિત્વ અંકિત ન થાય તે જ નવાઇ !

પિલાજીરાવ સુબા સાથેના ઘર્ષણની વાતો તો ત્યારે તરેહવારની સંભળાતી, કિંવદંતી જેવી વાતો ત્યારે ગામે ગામ વહેતી થયેલી. ત્યારે સરકારનો પ્રભાવ લોકો પર એવો તો હતો કે કોઈ હરફ ન કાઢી શકે ! પોલીસનો કડપ પણ એવો કે સૌ તેના દર્શનથી ફફડે. સત્તાના ભયથી, ગુલામીની દશાથી લોકો મનમાં થરથરતા હતા. એવા દિવસોમાં જિલ્લાના હાકેમ જેવા સુબાની સામે બોલવું, તેની સામે ટકરાવું એ કંઇ જેવી તેવી ઘટના ન હતી ! વેઠ પ્રથા સામે, પોલીસોની જોહુકમી સામે તે લડતા હતા. તેમની પાટીદારની તેજીલી, કુહાડાફાડ ભાષાથી પિલાજીરાવ છેડાયા. દાસભાઇ પર જુદા જુદા ફોજદારી કેસ કરાવેલા. સરકારની સામે પડવું દોહ્યલું હતું. તેમાં વળી કેસ થયા. કેસ ન લડે તો જેલની સજા થાય. કેસ ઠીક ઠીક લાંબો ચાલ્યો. મુરબ્બી દાસભાઈ હિંમતપૂર્વક એકલે હાથે ઝઝૂમ્યા, નીડરતાથી કેસ લડયા. પિલાજીરાવનાં જુઠ્ઠાણાં ખુલ્લાં પાડયાં. કેસ જીત્યા, આક્ષેપોમાંથી હેમખેમ બહાર આવ્યા. પણ આ દિવસો દરમિયાન એમને ભારે આર્થિક અને માનસિક ત્રાસ વેઠવો પડયો. ખર્ચમાં ઊતરી જવું પડયું. સરકારની સામે લડવાનું સહેલું પણ ન હતું. પણ એ નમ્યા નહિ. સમાધાન ન કર્યું. એકલે હાથે લડયા. ન્યાય મળે તે માટે, સત્ય માટે, પ્રજાકીય હક્ક માટે, લોકોના સ્વમાન માટે, વાણી સ્વાતંત્ર્ય માટે લડયા. આઝાદીના ખમીર સાથે લડયા. કોર્ટના કેસથી એમની શક્તિઓ પ્રગટ

થઇ. એમની નીડરતા પ્રકાશી ઉઠી. એમની વાણી ભયરહિત બની. એ કેસ લડયા એથી લોકોમાં હિંમત આવી. ગાંધીજી લોકોને ભયરહિત બનવાનું કહેતા હતા. મીઠા સત્યાગ્રહ દ્વારા પણ તે લોકોને બ્રિટીશ સરકારના ભયથી મુકત કરવા માગતા હતા. પ્રજાને નીડરતાથી લડવાનું શીખવી રહ્યા હતા. આ કાર્ય મુરબ્બી દાસભાઇએ કેસ લડીને, પ્રત્યક્ષ દર્શનનો પાઠ શીખવીને પ્રજાનું ઘડતર કર્યું. મહેસાણા જિલ્લાની જન જાગૃતિની આ એક ઐતિહાસિક ઘટના છે. પ્રજામંડળના કાર્યકરોમાં મુરબ્બી દાસભાઈ એમની આ નીડરતાના ગુણોથી સૌમાં અગ્રણી રહ્યા. રાજકીય સંઘર્ષના કારણે તેમના વ્યક્તિત્વને નવો ઓપ મળ્યો. તેનો સઘળો લાભ સામાજિક સુધારા પ્રવૃત્તિને અને કડીની સંસ્થાના વિકાસને મળ્યો. ત્યારે સામાજિક જાગૃતિ માટે કડવા પાટીદાર પરિષદનાં અધિવેશન ભરાતાં, બાળલગ્ન, બારમાં, કેળવણી પ્રસારણ માટેના ઠરાવો થતા અને સામાજિક જાગૃતિ માટે કડીની સંસ્થા અને કાર્યકરો પણ કામ કરતા. તે બધામાં મુરબ્બી દાસભાઇના પાસાદાર હીરા જેવા ઝળહળતા વ્યક્તિત્વનો વ્યાપક લાભ મળી રહ્યો હતો.

દાસભાઇના દિલમાં, પોતે જે સમાજમાંથી આવે છે તે ખેડૂત સમાજની ભારે દાઝ હતી. એમની રાજકીય ભૂમિકામાં પણ ખેડૂતોનું હિત મોખરે રહેતું. તે કેસ જીત્યા પણ કડી છોડી મહેસાણા ગયા. ત્યારથી તે ત્યાં જ રહે છે. મહેસાણા ગયા પછી પણ તેમની સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં તો ખેડૂત કલ્યાણ રહેલું દેખાશે. ખેડૂતના દીકરા છે તેથી તેમનામાં ધરતીનું ખમીર, ધરતીની સહનશીલતા અને નીડરતા લોહીમાં વણાઇને આવ્યાં છે. પોતાની સાચી માનેલી વાતમાં તે હંમેશાં અડગ રહે છે. એકલાએ ઝઝૂમવાનું હોય તો યે સાચી વાત છોડતા નથી. કયારેક અપ્રિયતા વહોરીને, સાથી કાર્યકરોનો વિરોધ વહોરીને પણ તે લોકહિતની સાચી વાતને પકડી રહે છે. તેમના વ્યક્તિત્વના આ ગુણો કડીમાં ભણતાં તરેહવારના પ્રસંગોમાં જોવા મળેલા. એમના વ્યક્તિત્વની એક મુદ્રા અંતરમાં અંકિત થયેલી. એથી તો મુંબઇમાં રહી 'કિરણ' માસિક કાઢતો હતો ત્યારે છેક ૧૯૫૨માં, આજથી બરાબર ૨૫ વર્ષ પહેલાં ધરદીવડા શ્રેણીમાં મુરબ્બી દાસભાઇ માટે લખેલું: "કેટલાક માણસો અનન્ય ક્રાંતિકારી હોય છે. તે હંમેશાં અન્યાય સામે ડોક ઊંચી કરે છે. જુનવાણી તંત્રનો પ્રતિકાર કરે છે. તેમનામાં શાર્દૂલ જેવો જુસ્સો અને જીદ પણ હોય છે. તે કડકા થઈ જાય તે હા વાત પણ કદી વળે નહિ. જંગલનો રાજા સિંહ ભૂખ્યો તરસ્યો રહે પણ કદી તણખલું ન ખાય તેમ આવી કક્ષાની વ્યક્તિઓ ખુવાર થઇ જાય પણ કદી ડોક નીચે નમાવતા નથી. મહેસાણા જિલ્લાના ખ્યાતનામ કાર્યકર શ્રી. પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલનું આવું સિંહ જેવું વ્યક્તિત્વ છે. એમનામાં અમોઘ કાર્યશક્તિ છે. કામ લેવાની સૂઝ છે. સાથે સાથે કુનેહ પણ છે."

મુરબ્બી પુરુષોત્તમદાસ પટેલ હવે તો ગુજરાતમાં પણ દાસભાઈના નામે ઓળખાય છે. પ્રજામંડળના સક્રિય કાર્યકરથી આરંભાયેલી એમની રાજકીય કારકિર્દી જૂજવાં રૂપે, ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ખિલતી દેખાઈ. વડોદરા રાજ્યની ધારાસભામાં, મુંબઇ રાજ્યની ધારાસભામાં, પૂરાં દસ વર્ષ લોકસભામાં, પુનઃ ગુજરાતની ધારાસભામાં એ ચૂંટાતા રહ્યા. મહેસાણા જિલ્લાની કોઇ એક વ્યકિતએ ભાગ્યે જ આટલું પાર્લામેન્ટરી જીવન ગાળ્યું હશે. એમાં એમની કુનેહે ભારે ભાગ ભજવ્યો છે. એ રાજકરણના પણ ભારે ખેલાડી સિદ્ધ થયા. રાજકરણનું પ્રભુત્વ વધતાં સામાજિક કાર્ય ગૌણ બન્યું. પણ કડીની સંસ્થાને પોતાની ગણી પોતાની રીતે તેના કામમાં લગાતાર વ્યસ્ત રહ્યા. કડીની સંસ્થાના વિકાસમાં એમનો મહત્વનો ફાળો રહ્યો છે. એ હકીકતનો સૌએ સ્વીકાર કરવો જ રહ્યો. આજે હવે રાજકરણમાં સક્રિય રહ્યા નથી; ઉંમર, તબિયતના કારણે જાહેર જીવનનો ભાર ખેંચી શકે તેમ નથી ત્યારે એમણે એમની શકિત અને પ્રવૃત્તિઓ કડીની સંસ્થા પૂરતી સીમિત કરી છે.

યુવાન વયે તો, આઝાદી નહોતી મળી ત્યારે સામે મહત્વનું કાર્ય હતું સામાજિક જાગૃતિનું. પછીથી એ કાર્ય ખેડૂત જાગૃતિમાં ફેરવાયું. પોતાના આ મીશનને સફળ કરવા તેમણે નિરંતર કલમ ચલાવી છે. ખોટ ખાઇને પણ પત્રો ચલાવ્યાં છે. આરંભમાં 'કડવા વિજય' ચલાવ્યું. બારમાં, બાળલગ્ન, પરઠણ, એક પર બીજી કરતા કુલીનો પર પ્રહારો કર્યા. લોકોને વિચારતા કર્યા. આઝાદી પછી 'ખેડૂત' પછી 'રાષ્ટ્રધર્મ' સાપ્તાહિક એકલે હાથે ચલાવ્યાં. ખેડૂતોનું શોષણ ન થાય, ખેડૂત કોઈથી દબાયેલો ન રહે, ખેડૂતને તેના કામની યોગ્ય કિંમત મળે, તેના પાકના પોષણક્ષમ ભાવ મળે. આ બધા વિશે એ લડતા જ રહ્યા. અલબત રાજકારણમાં તે જ છાયા આવતી રહે. ભરતી ઓટ પણ આવતી રહે. એ પ્રમાણે આ કુનેહબાજ કાર્યકરે પણ પોતાનું કામ ગોઠવ્યા કર્યું. પણ જે કર્યું તે ઉઘાડે છોગે કર્યું. ચૂંટાયા પછી આજની પેઠે પક્ષપલટો પણ કર્યો નથી. પાટલી બદલી નથી જાહેર જીવનમાં મતમતાંતરો તો રહે. પણ તેમણે કદી કડીની સંસ્થાના સંચાલનમાં કે તેના વિકાસમાં રાજકીય બાબતો પેસવા દીધી નથી. એમનામાં રાજકીય સહિષ્ણુતાના ગુણો સારા ખીલેલા છે. એમના વહીવટ વિશે પણ કેટલાકને કચવાટ હશે. પણ એમની પ્રમાણિકતા, ચારિત્ર્યશુદ્ધિ અને નીતિપરાયણતા વિશે તો વિરોધીઓ પણ પ્રશંસા કરશે.

એ ૧૯૩૯માં, આઝાદી પહેલાંના દિવસોમાં મહેસાણા જિલ્લાના ત્યારના લોકલ બોર્ડના પ્રમુખ થયેલા. સુવહીવટ અને કાર્યક્ષમ વહીવટનો સારો આદર્શ બેસાડેલો. માત્ર બે માસ જેટલા ટૂંકા ગાળા માટે પાતાળ કૂવા વિભાગના પ્રધાન તરીકે કામ કર્યું ત્યારે પણ ગ્રામાભિમુખ અને ખેડૂતલક્ષી નિર્ણયો લેવડાવી કામની સરળતા કરી આપી.

નવી આઝાદી પછી જન્મેલી પેઢીને મુરબ્બી દાસભાઇના ભોગનો, એ કારમા દિવસોનો સાચો અને પૂરો ખ્યાલ નહીં આવી શકે. મહેસાણા જિલ્લાના આજના સર્વ કાર્યકરોમાં મુ. દાસભાઇ જેટલું ભાગ્યે જ કોઇએ સહન કર્યું હશે. ભાગ્યે જ કોઇએ જનહિતનું અને જનજાગૃતિનું કામ કર્યું હશે પણ આજનું રાજકારણ ભૂતકાળને કયાં પ્રગટવા દે તેવું છે ?

મુરબ્બી દાસભાઇએ પંચોતેર વર્ષ પૂરાં કર્યાં એમનો અમૃતોત્સવ ઉજવાય છે ત્યારે નજર સામે પેલું કડીમાં હૃદયમાં અંકિત થયેલું પાસાદાર હીરા જેવું ઝળહળતું વ્યક્તિત્વ પ્રગટ થઇ રહે છે. પોતાના જીવનકાર્યનો દાસભાઇએ સારો હિસાબ આપ્યો છે. અવરોધો વચ્ચે ઝઝુમીને રસ્તો કાપ્યો છે, રાજકારણે કયારેક તેમની પાસે વિવાદાસ્પદ નિર્ણયો લેવડાવ્યા હશે. પણ હવે જ્યારે તેઓ જીવનની સંધ્યાએ પહોંચ્યા છે ત્યારે સર્વ પૂર્વગ્રહો, જૂના ખ્યાલો, ગમતાં વણગમતાં વળગણો પરહરી કેવળ કડીની સંસ્થાનો, સામાજિક કલ્યાણનો જ વિચાર કરે. સમાજમાં જે શક્તિ પડી છે તેનો ઉચિત વિનિયોગ કરે. કુશળ કાર્યકર પોતે ઓછું કરી, બીજા પાસેથી વધુ કામ લે છે.

આજે કડીની સંસ્થાની નીપજ પણ ભારે સમૃદ્ધ અને ખમતીધર છે. એમાં કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું હોય, કંઇક કરવાની તમન્નાવાળા હોય, દૃષ્ટિ સંપન્ન અને વિચારક હોય તે સૌને સામેથી નોંતરી શીદને સંસ્થાના વિકાસમાં ન જોતરીએ ?

કડીની સંસ્થાના સ્થાપક તરીકે છગનભા તો અમર રહેશે. પણ તેના પાલક પિતા તરીકે રામચંદ્રભાઇ અમીન અને એથી યે સવાયા દાસભાઇ નિરંતર યાદ રહેશે. સમાજ સંનિષ્ઠ સેવાને કદી વિસરતો નથી. સમાજ એટલો નગુણો નથી કે કોઇની નિષ્કામ સમાજ સેવાને વિસરી જાય ! મુરબ્બી દાસભાઇની સ્મૃતિ કાયમ જળવાઇ રહે, એમની યાદ તાજી રહે એવું સમાજોપયોગી સ્મારક બની રહેશે એવો વિશ્વાસ છે. પ્રભુ આ ભડવીરનું તંદુરસ્તી ભર્યું દીર્ઘાયુ બક્ષી સમાજને વિશિષ્ટ યોગદાન દેવાની તક પણ આપે.

# નીડર દાસભાઈ

પોપટલાલ ગુ. પટેલ

**ભા**ઇ પુરુષોત્તમ જેમને આપણો સમાજ " દાસકાકા " ના વહાલસોયા નામથી પીછાને છે તેમની સાથે મારો ગાઢો સંબંધ

અમોએ કોલેજનાં કેટલાંક વર્ષો સાથે ગાળેલાં. ઇન્ટર આર્ટસની પરીક્ષાની શરુઆતના દિવસે જ તેમને ઠીકઠીક ટેમ્પરેચર હતું. ઉકાળો, ક્વીનાઈન વગેરે હાથવગા ઉપચારો કરી ઘોડાગાડીમાં બેસાડી પરીક્ષા આપવા તેમને રવાના કરેલા. ઇશ્વરેચ્છાએ તે પરીક્ષામાં સફળ થયેલા.

કડીમાં " કડવા પાટીદાર યુવક પરિષદ " નું અધિવેશન ભરાવાનું હતું. અમદાવાદમાં રહેતા બેરીસ્ટર મગનભાઇ ચતુરભાઇ પટેલ પ્રમુખ સ્થાને બીરાજવાના હતા. " એક દિન એવો આવશે જયારે અમી ઝરણાં ઝરતાં પૃથ્વીનેય પલાળશે " એ અતિ સુપ્રસિદ્ધ કાવ્યના લેખક. એ અરસામાં અમદાવાદમાં તેમનું ભાષણ હોય ત્યારે વિદ્યાર્થી આલમ તો ખાસ તેમને સાંભળવા ઉમટે. પ્રખર ઓરેટર તરીકે તેઓશ્રી પ્રખ્ય ત હતા.

વડોદરા રાજ્યના વહીવટ અંગે કેટલાંક ભાષણોમાં એમણે સારી એવી કડક ટીકા કરેલી. એ ઉપરથી તેમના પ્રત્યે રાજ્યના અમલદારોને પૂર્વગ્રહ બંધાયેલો. અટલે વડોદરા રાજ્યમાં તેઓશ્રી ભાષણ આપે તો ટીકા કરવા પ્રેરાય એ ડરથી " યુવક પરિષદ " ના પ્રમુખ તરીકે તેઓશ્રી જે ભાષણ કરે તે " સેન્સર " કરાવીને જ કરી શકાય એવો હુકમ પરિષદના મંત્રીને રાજ્યના અધિકારીઓ તરફથી મળ્યો. આ માટે ભાઇ પુરષોત્તમ અને હું કડીથી ચાલતા રાત્રે કલોલ પહોંચ્યા અને અમદાવાદની ટ્રેન પકડી શ્રી મગનભાઇ ને મળી હકીકતથી વાકેફ કર્યા. તેમણે ભાષણ લખી આપ્યું અને એ વિધિ પતી. પરિષદ ભરાઇને સાંગોપાંગ પાર પડી. એ પરિષદના સમયથી ભાઇ પુરસોત્તમ સમાજનું કામ કરતા આવ્યા છે. એટલું જ નહિ પરંતુ તેમની માતા તથા તેમના ભાઈ વિઠ્ઠલદાસ પણ સમાજસેવામાં ઓતપ્રોત થઈ ગયેલા. તેમના ભાઈ વિઠ્ઠલદાસે સંન્યાસ ધારણ કરેલો. પછી તેમના દીકરાઓ અને ભાણાઓનો પણ બોજો દાસભાઇ ઉપર આવેલો.

તેમની કપરી આર્થિક પરિસ્થિતિમાં વકીલાતનો અભ્યાસ શરુ કર્યો. ઉપરાંત મારી સાથે થોડોક સમય સફળ શિક્ષક તરીકે કામ કર્યું. પછી વકીલની પરીક્ષા પાસ કરીને આખા કુટુંબને સારી રીતે ઉદારતાથી પોષ્યું, એટલું જ નહિ પરંતુ સમાજ સેવામાં અને રાજકારણમાં પણ સારી નામના મેળવી.

કડી, ડરણ, સોનાસણ, સાણંદ અને પાટડી મુકામે ભરાયેલી " કડવા પાટીદાર પરિષદો " માં તેમણે અગ્રભાગ લીધો હતો. કડીની તેમ જ બીજી

કેળવણીની સંસ્થાઓના સંચાલનમાં પણ તેમનું સ્થાન વિશિષ્ટ હતું.

તેમને હું નીડર, નિષ્પક્ષી અને નિર્વૈરી ગણું છું

તેમણે ખેડૂતોનો પ્રશ્ન પોતાનો કરેલો. રાષ્ટ્રધર્મ તેમ જ લોકસભામાં ખેડૂતોનો પ્રશ્ન સારી રીતે વિગતવાર, ઊંડાણથી ચર્ચી સમાજનું અને સરકારનું ધ્યાન તે તરફ દોર્યું હતું જેને પરિણામે સરકારને ખેડૂતોના પ્રશ્નો તરફ ધ્યાન આપવાની ફરજ પડી છે. ખેડૂતોને ખેતીના પાકોના, અનાજ, કપાસ વગેરેના ભાવો તેમની મહેનતના પ્રમાણમાં મળી રહે એ માટે સરકાર હવે વિચારતી થઇ છે. એ ભાવો હવે ગમે તેમ નક્કી કરાતા નથી. ખેડૂતોને ખેતીમાં રસ રહે એ પ્રમાણે ભાવનીતિ હોવી જોઇએ એવી સરકારની નીતિ થઈ છે. આવી નીતિ થવામાં શ્રી દાસભાઇની ઝુંબેશે સારો એવો ભાગ ભજવ્યો છે. દાસભાઇની નીડરતાના કેટલાક પ્રસંગો નોંધને લાયક છે.

કલોલ મુકામે પ્રજામંડળ તરફે પ્રાંત પંચાયતના સભ્યો સરદારશ્રી વલ્લભભાઇની હાજરીમાં મળેલા તે પ્રસંગે કોઇ કમીટી નીમવાનો પ્રશ્ન ઊભો થયેલો. એ કમીટીમાં મહેસાણા પ્રાંત બહારના પણ મહેસાણા પ્રાંતમાં રહેતા એવા કેટલાક સભ્યોને સ્થાન આપવાની અને મહેસાણા પ્રાંતના જ સભ્યોને બાકાત રાખવાની સ્થિતિ જેવો પ્રસંગ ઉપસ્થિત થતાં દાસભાઇએ તડ અને ફડ સભાને સંભળાવી દીધું કે મહેસાણા પ્રાંત બહારના પ્રાંતની ગુલામી કરવા સર્જાયો નથી. સરદાર સાહેબે દાસભાઇના આ પ્રસ્તાવને બરાબર સમજી લઈ, તે પ્રસ્તાવ વાસ્તવિક છે એમ ગણી લીધો.

મહેસાણા મુકામે પ્રાંત પંચાયતની સભા મળી હતી. પ્રમુખપદે સુબા પિલાજીરાવ ગાયકવાડ હતા. કોઇક સંસ્થાને ગ્રાન્ટ આપવાનો પ્રશ્ન હતો. પિલાજીરાવ એ સંસ્થાને મદદ આપવાનું સભાને પૂછ્યા ગાછ્યા સિવાય વચન આપી બેઠેલા. દાસભાઇએ આ અંગે વાંધો ઉઠાવ્યો. પિલાજીરાવે પોતાના ભાષણમાં સભ્યોને મૂર્ખ કહ્યા. દાસભાઇએ જવાબમાં "પ્રમુખ સ્થાને બેઠેલા એ તો મૂર્ખના સરદાર ગણાય" એમ કહ્યું. આના પરિણામે દાસભાઇને ખૂબ જ સહન કરવાનું થયું, એ આપણો સમાજ સારી પેઠે જાણે છે.

કડી રેસ્ટ હાઉસમાં ખેડૂત મંડળની વાર્ષિક સભા હતી. પ્રમુખ સ્થાને મહેસાણા જિલ્લાના સુબા. બંધારણ અનુસાર વર્ષોથી એમ ચાલ્યા કરતું. સમય પ્રમાણે એમાં ફેરફાર થવો જોઇએ એમ ગણી દાસભાઇએ ચૂંટણીનો પ્રમુખ હોવો જોઇએ એવી દરખાસ્ત રજૂ કરી. સુબા તો ધુંઆફુંઆ થઇ ગયા. પરંતુ દરખાસ્ત આવી, નોંધાઇ અને એ ચર્ચાનો વિષય થયો. પરિણામે એક બે વર્ષમાં ચૂંટણીનો પ્રમુખ ખેડૂત સભાને મળ્યો, અને એ પ્રમાણે બંધારણ ફેરવાયું.

કડીના સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો વિકાસ પણ તેમના પ્રયત્નોને આભારી છે. લાખો રૂપિયાનાં બજેટો કરી સંસ્થા નભાવવી એ સાધારણ કામ નથી. તેનો લાભ સમાજને મળે છે. સમાજે તેમને પૂરેપૂરો સહકાર આપવો ઘટે છે. સાયન્સ કોલેજ શરુ કરવાનું સાહસ કર્યું છે, જેમાં કેટલીક ગણતરી અવળી પણ પડી હશે. એમાં શરતચૂક થઈ હોય તો જાગ્યા ત્યાંથી સવાર એમ ગણી નવેસર શરુઆત કરવી જોઇએ.

આવા આપણા નીડર દાસભાઇ ઘણું જીવો.

# મુ. શ્રી દાસભાઇ એટલે ?

વકીલ ધનાભાઈ હ. પટેલ
કડી

મુ. શ્રી દાસભાઇ ગરીબીમાં જન્મી મોટા થયા, સુધરાઇની બત્તી પાસે બેસી અભ્યાસ કર્યો અને નીડરપણે આઝાદીની લડતમાં ઝૂકાવ્યું. ગરીબી અને મુસીબતો તેમનો ખોરાક બન્યાં અને ઉત્તર ગુજરાતે 'છોટા સરદાર'નું બિરૂદ પામેલા 'વાઘ' જેવી છાતીવાળા ખેડૂત નેતા મેળવ્યા.

## નિષ્કામ કર્મયોગી

લૉ કોલેજનો અભ્યાસ પૂરો કરી સને ૧૯૪૭માં હું વકીલાત કરવા કડીમાં રહેવા આવ્યો અને તરત જ કડી તાલુકા કોંગ્રેસના મંત્રીપદે સ્વ. શ્રી શાન્તિલાલ કે. પરીખે રહેવા આનાકાની કરી એટલે મને મૂકયો. ડો. માણેકલાલ તે વખતે કડી તાલુકા કોંગ્રેસના પ્રમુખપદે હતા. અને તે જ અરસામાં કડી તાલુકા ખેડૂત મંડળના પ્રમુખપદે રહેવા શ્રી અંબાલાલભાઇ તુલસીદાસે ના કહી એટલે 'કડી તાલુકા પટેલ ભુવન'માં મળેલી સભામાં તે જવાબદારી પણ મને સોંપી. ત્યારથી મુ. દાસભાઇ સાથે સતત જાહેરજીવનમાં કામ કરતા આવવાની મને તક મળી છે. વળી ઉત્તર ગુજરાતની જાણીતી કેળવણીની સંસ્થાઓ શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉ. મંડળમાં પણ ત્યારથી જ તેમની સાથે તે સંસ્થાઓના વ્યવસ્થાપક મંડળોમાં રહી કામ કરતો આવેલો છું. પરંતુ ત્યારથી આજ સુધીમાં તેમને પોતાના કે પોતાના કામનાં ગુણગાન ગાતા કે આપ વડાઇ કરતા કયાંય મેં સાંભળ્યા કે જોયા નથી. પોતાનો સ્વાર્થ સાધવાની મનોવૃત્તિથી કયાંય સ્વાર્થી બાંધછોડ પણ કરી નથી અને શ્રી છગનભાઇ રા. વકીલના શબ્દોમાં કહું તો "પોતાના પ્રમાણિક વિચારો માટે ઝઝુમી ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે સહન કરનાર જો કોઇને મર્દ કહેવો હોય તો તે શ્રી દાસભાઈ છે." પોતાની આ નિષ્કામ કર્મયોગી વૃત્તિના કારણે તે આજે એંશી વરસની ઉંમરે પણ કડીની કેળવણીની સંસ્થાઓનું કામ દોડતા કરી રહેલા જોવા મળે છે.

## પ્રાણવાન ખેડૂત નેતા

સ્વરાજની લડતમાં ખેડૂતો અને ગામડાંની જનતા ભાગ લઇ લડતને જોમવંતી બનાવી ઘણું સહન કરતી હતી. પૂ. ગાંધીજીએ સ્વરાજ્યની મહાન લડતમાં ભાગ લઇ ભોગ આપી રહેલા કચડાયેલા કિસાનો અને ગ્રામ જનતાને સ્વરાજ આવ્યા પછી સ્વરાજ શાના માટે લેવામાં આવેલું છે તેનો ખ્યાલ રહે એટલા માટે 'નાગપુર ઝંડા સત્યાગ્રહ' અને

'બારડોલીના સત્યાગ્રહ' પછી એક અંગ્રેજના આવેલા પત્રના કારણે સને ૧૯૩૧ની કરાંચીની મહાસભામાં 'પ્રજાના મૂળભૂત હક્કો' નામનો ઠરાવ જાતે મૂકી સ્વરાજ આવ્યા પછી તેમને શું મળશે તેનું વચન આ દસ્તાવેજ જેવા ઠરાવ મારફત રાષ્ટ્રીય મહાસભા પાસે પસાર કરાવી અપાવેલું. આ ઠરાવમાં સ્વરાજ આવ્યા પછી ખેડૂતોનું જમીન મહેસુલ ઘટીને તરત જ અડધું કરાશે અને ધીમે ધીમે બાકીનું પણ રદ્દ કરાશે, ' અને સરકારી તંત્રમાં સરકારી નોકરનો માસિક પગાર રૂા. ૫૦) થી ઓછો નહિ અને રૂા. ૫૦૦) થી વધારે નહિ, તેવાં બે મહત્વનાં વચનો બીજાં વચનો સાથે આપેલાં. તેના કારણમાં પૂ. ગાંધીજીએ જણાવેલું કે ખેડૂતો રાષ્ટ્ર ઉપયોગી ખેતીનો ધંધો કરી પોતાના ઘરનાંને અને અન્યને કામ અને રોજી પૂરી પાડે છે. વળી દેશના ઉદ્યોગોને રૂઉ, તેલીબીયાં વગેરે જેવો મહત્વનો કાચો માલ પૂરો પાડે છે અને બિન ખેડૂતોને અનાજ–શાકભાજી પૂરાં પાડે છે. સરકારી તંત્રમાં કમરતોડ ખર્ચને પહોંચી વળવા સરકાર ખૂબ કરવેરા નાખે છે. ખેડૂતો અને આમ જનતા જે માલ વાપરે છે તે ઉપરના આડકતરા કર પણ તેઓ ભરે છે. એટલે ખેડૂતો અને આમજનતાને માથેથી ભારે બોજ હળવો કરવાની જવાબદારી સ્વરાજની સરકારે આ રીતે અમલ કરી અદા કરવાની રહેશે. સ્વરાજની સરકારનો વડો પ્રધાન ખેડૂત હોય અને રાષ્ટ્રપતિપદે ભંગી હોય તેવી રાષ્ટ્રહિતની કલ્પના પણ ખરી લોકશાહી અને સાચા સ્વરાજના અમલ માટે તેમણે મૂકેલી. પણ સ્વરાજ આવતાંની સાથે પૂ. ગાંધીજી ગયા અને જેમનાં સંગઠન હતાં તેવા તમામે પોતાનાં ભાણાં ભારે પગાર દ્વારા અને મોંઘવારી ભથ્થાં તથા બીજી મફત સવલતો મેળવી ભરી લીધાં અને સંગઠનના અભાવે ખેડૂતો અને આમ જનતા દૂર ધકેલાઇ ગયાં. તેમના ભાગે વધુને વધુ શોષાવાનું આવ્યું. પાકો માલ મોંઘો થતો ચાલ્યો. ખેડૂતોના હિતની વાત કરનારાઓ સામે ખૂદ તે વખતથી (સને ૧૯૪૯માં) કોંગ્રેસે વાંધો લીધો. પણ જન્મે ખેડૂત એવા મુ. શ્રી દાસભાઇએ ખેડૂત સંગઠનની અને ખેડૂતોના હિતની ભેરી ગજાવી. "મહેસાણા જિલ્લા ખેડૂત મંડળ" અને "ખેડૂત" છાપાં મારફત પૂ. ગાંધીજીના પેલા "પ્રજાના મૂળભૂત હક્કો મારફત" ખેડૂતોના સંગઠનના અધિકારનો હક્ક છે તે વાત નીડરતાથી જણાવી. અને ખેડૂતો અને ગ્રામજનતાને એ ઠરાવ મારફત આપેલા વચનનો અમલ કરવાની માગણીઓ ગાજતી કરી ખેડૂતો અને ગ્રામ જનતાનું સંગઠન કરવાનું કપરૂં કામ તેમણે ઉપાડયું. જે લોકો આઝાદીની લડત પહેલાં કોંગ્રેસ સામે કામ કરતા હતા તેઓ આઝાદી આવતાંની સાથે કોંગ્રેસમાં પેસી ગયા અને ખેડૂતો અને ગ્રામજનતાના સંગઠનની જરૂર નથી તેવી કાગારોળ મચાવી. હું તે વખતે કડી તાલુકા કોંગ્રેસ તરફે ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં ડીલીગેટ હતો. તે નાતાથી નાસિક કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપેલી. તે પહેલાં હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે જઇ આવેલો હતો. મુ. દાસભાઇ સાથે અમો બધાંને 'ખેડૂતો અને ગ્રામ જનતાનું સંગઠન કરવાના ગુના' માટે સ્વાર્થી કોંગ્રેસીઓની ધાલમેલથી કોંગ્રેસમાંથી દૂર કરવામાં આવ્યા. પરંતુ આ પ્રાણવાન ખેડૂત નેતા ડગ્યો નહિ કે ડર્યો નહિ. ખેતીવાડીની પેદાશોના ભાવ ખેડૂતને પોષાય તેવા નહિ પણ બીન ખેડૂતને પોષાય તેવા અને પાકો માલ પેદા કરનારને પોષાય તેવા રાખવાની રાજકીય નીતિને ખેડૂતો આગળ આંકડાઓ સાથે ખુલ્લી પાડી. ખરા ઉનાળામાં ગામે ગામ ફરવાનું અને મોટર બંધ પડે એટલે ખરા બપોરે ગાઉના ગાઉ મુ. દાસભાઈ સાથે અમો કાર્યકરો ચાલતાં થાકી જતા પણ તેમને તો જાણે લોખંડી શરીર હોય તેમ થાક કે તાપની પરવા જ ન હતી. બબ્બે ચારચાર દિવસે ખેડૂતના ખેતરે આવેલા કૂવે નાહી કપડાં ધોઈ લેવાનાં. સમય બગાડવાનો નહિ અને ખેડૂતોને ખોટા ખર્ચા કરાવવા નહિ. એટલે રોટલા કે ભાખરી અને ડુંગળી અને છાશ એ પ્રવાસમાં ગામડે સૌનો ખોરાક રહેતો હતો. મહેસાણા જિલ્લા ખેડૂત મંડળે સને ૧૯૫૨ની ચૂંટણીઓમાં ઝંપલાવ્યું. શેઠશ્રી તુલસીદાસ મજૂર આગેવાનશ્રી

ખંડુભાઈને હરાવી ખેડૂત મંડળના ટેકાથી પાર્લામેન્ટમાં ચુંટાઇ આવ્યા. શેઠશ્રી રામદાસ, શ્રી દાસભાઈ વગેરે ધારાસભામાં ચુંટાયા. આમ ગણનાપાત્ર વિજય ખેડૂત મંડળે મેળવ્યો. પરિણામે થોડાક વખત પછી કોંગ્રેસે ખેડૂત મંડળ સાથે સમાધાન કર્યું. મુ. દાસભાઇએ સતત ધારાસભામાં અને પાર્લામેન્ટમાં અને છેવટે ગુજરાત સરકારમાં પ્રધાન પદે રહ્યા ત્યારે પણ ખેડૂતોના હિતોને જ અગ્રતા આપી ખેડૂત નેતા તરીકે પોતાની ફરજ બજાવ્યા કરેલી છે. મુંબઈ ધારા સભામાં 'ગોવધ' બંધ કરવાનું બિલ અને તે ઉપરની તેમની રજૂઆત તથા 'ખેડૂતની' હાલત વર્ણવતાં તેમનાં ભાષણો સાંભળી મુ. શ્રી મોરારજીભાઇ દેસાઇએ તે વખતે ટીકા કરેલી કે જો વિરોધ પક્ષે ત્રણ જણા શ્રી દાસભાઇ જેવા હોય તો સરકારને તોડી પાડે. કોંગ્રેસે ખેડૂત મંડળને મનાવી લીધું પણ ખેડૂત સંગઠ્ઠન તેણે મજૂર પ્રવૃતિની માફક અપનાવ્યું નહિ. ખેડૂતો અને ગામડાંની જનતાના મતે ચૂંટાયેલા વિધાનસભાના સભ્યો અને પાર્લામેન્ટના સભ્યો અન્ય હિતોના હાથા બનતા રહ્યા. ખેડૂતોના અને ગ્રામજનતાના સંગઠ્ઠનના અભાવે અને તેમના પ્રશ્નોની રજૂઆત કરે તેવાં છાપાંના અભાવે હજુ પણ તેમના પાયાના પ્રશ્નો વણઉકેલ્યા રહેલા છે. પગાર વધારા, ભાવ વધારા, મોંઘવારી ભથ્થાંના વધારા, બધાનો ભાર છેવટ તો ગામડાં અને ખેડૂતોના માથે જઇને ઠરે છે. દિવસે દિવસે ગામડાં તેથી તૂટતાં જાય છે.

## ગૌરવશાળી અને સ્વમાની ગુજરાતી

મુંબઇ રાજ્યની વિધાનસભામાં મહારાષ્ટ્રના સદસ્યોની બહુમતીના કારણે ગુજરાતને પ્રાણ પ્રશ્નોમાં પણ સહન કરવું પડતું હોવાની પરિસ્થિતિ ગુજરાતના વિધાનસભાના સ્વમાની સદસ્યો સહન કરી શકયા નહિ. ભારત સરકારના રોષને વહોરીને પણ આ સ્વમાની ગુજરાતી નરવીરોએ મહાગુજરાતના અલગ રાજ્યની રચનાની માગણી કરી લડત ઉપાડી. સ્વ. ઈંદુલાલ યાજ્ઞિક તેના કર્ણધાર બન્યા તો મુ. દાસભાઈ જેવાઓએ સેના નાયકો તરીકે ઝંપલાવી મહાગુજરાતમાં લડતની આંધી ઊભી કરી દીધી. ફરી પાછી કોંગ્રેસ સામે લડત લડવાનું બંધ રાખવા મેં મુ. શ્રી દાસભાઇને પત્ર લખ્યો કે માંડ ખેડૂત મંડળની લડાઇમાંથી પરવાર્યા છીએ અને ફરી પાછી આ 'હોળી'માં ઝંપલાવવાનું બંધ રાખો તો સારૂં. પણ કડીમાં પટેલ ભુવનમાં સભા કરી સ્વમાની ગુજરાતી મહાગુજરાતની લડતને ટેકો નહિ આપે તો ઇતિહાસકારો આપણને બાયલા કહેશે તેમ સૌને જણાવી જાહેર જનતાનો ટેકો અને રજા મેળવી લડતની રણભેરી વગાડી. ગામે ગામની જનતા વીરહાક ગજાવતી, ગોળીઓ ખાતી, જેલો ભરતી, 'મહાગુજરાત લેકે રહેંગે' નો નાદ ગજાવતી આ જવાંમર્દની પાછળ જંગે ચઢી. ફરી પાછો મુ. દાસને તેમના સાથીદારો સાથે કોંગ્રેસે જાકારો આપ્યો પણ તેની પરવા કર્યા સિવાય છેવટે મહાગુજરાતની રચના કરાવીને જ સૌ જંપ્યા. મહાગુજરાતની રચના થતાં જ જે કોંગ્રેસ તેનો વિરોધ કરતી હતી તે બહુમતીના જોર ઉપર સરકાર બથાવી પડી. મહાગુજરાત ખાદવાળું રાજ્ય બનશે તેવું કહેનારા તે બધા માલમલીદા ઉપર તૂટી પડયા. લડતનો ભાર બીજાઓએ વહન કર્યો અને લડત પછી વિજયનાં પરિણામો ચાખવા દ્રોહી ગુજરાતીઓ બેસી ગયા. મુ. શ્રી દાસ જેવા નિડર તેવા જ નિઃસ્વાર્થી, જેવા પ્રામાણિક તેવા જ ચરિત્ર્યવાન અને નિર્મોહી. તેમણે પોતાના કે પોતાના સાથીદારો માટે કયાંય પદની કે સ્વાર્થની માગણી કરી નહિ. પોતાની ફરજ બજાવી વળી પાછા ઝુંપડી જેવા મહેસાણાના ભાડાના મકાનની સાદી ઓરડીમાં પોતાનો હુક્કો ગડગડાવતા પોતાના કામે લાગી ગયા. ધન્ય છે આ ફળની સ્પૃહા નહિ કરનાર નિષ્કામ કર્મયોગી જેવા નિઃસ્વાર્થી દાસને.

## મુત્સદ્દી

મહાગુજરાતની રચના થતાં કોંગ્રેસે જેમની સામે શિસ્ત ભંગનાં પગલાં ભર્યાં હતાં તેવા મહા-

ગુજરાતની લડત લડનારા કોંગ્રેસીઓ સામેનાં પગલાં પાછાં ખેંચી લીધાં. દરમીઆનમાં કોંગ્રેસના શ્રી રાજગોપાલાચારી જેવા પીઢ આગેવાનોએ 'સ્વતંત્રપક્ષ' ની રચના કરી કોંગ્રેસ છોડી. કોંગ્રેસની 'સરકારી ખેતી' અને 'સ્ટેટ ટ્રેડીંગ' ની નીતિનો વિરોધ પોકાર્યો. મુ. શ્રી દાસભાઇની કાયમની નીતિ 'મુક્તખેતી' 'મુક્ત ધર્મ' 'મુક્ત વેપાર' ના સિદ્ધાન્તોને મળતી હતી. પણ આ વખતે તે હતા ત્યાંજ રહ્યા. અન્ય મારા જેવા કેટલાય તેમના સાથીદારો કોંગ્રેસમાં હતા પણ સિદ્ધાંતો કરતાં સ્વાર્થને વહાલો ગણનારાં જે તત્વો કોંગ્રેસમાં ઘૂસેલાં હતાં અને પૂ. ગાંધીજીના નામને વટાવતાં હતાં તેમની સાથે મેળ પાડી શકતા ન હતા. વિધાનસભા અને પાર્લામેન્ટની ટિકીટો આપવામાં ખેડૂત મંડળના કાર્યકરોને જાકારો આપનાર કોંગ્રેસે મુ. દાસભાઇને તેમના કાર્યક્ષેત્ર મહેસાણા વિભાગમાં પાર્લામેન્ટની ટિકીટ નહિ આપતાં પાટણ વિભાગની આપી. તેની પાછળ એવી ગણત્રી કરવામાં આવેલી કે મુ. દાસભાઇ પાટણની ટિકિટ નહિ સ્વીકારે અને ટાઢા પાણીએ ખસ જશે. પણ મહેસાણા જિલ્લાના આવી નીચી કક્ષાની રાજરમત રમનારાં તત્વોને મુ. દાસભાઇએ ઠંડા કલેજે કોંગ્રેસે આપેલી પાટણની ટિકિટ સ્વીકારી લપડાક લગાવી પોતાની મુત્સદ્દીગીરીનો પરચો આપી દીધો. અને વિધાનસભાના કોંગ્રેસી સાત ઉમેદવારોથી જોડાયેલ પાર્લામેન્ટના રથમાં સૂર્યનારાયણની પેઠે સ્વારી કરી તેમને પાડવા મથનારા તત્વોએ જ તેમને જીતાડવા મહેનત કરવી પડી. કહે છે કે ઘણા જ ઓછા ખર્ચે અને ઓછા જાતિકા પ્રયત્ને સફળતાએ તેમને સાચા પગલે વિજયની વરમાળા પહેરાવી. કળથી અને બળથી કામ કાઢી લેવાની તેમની કુનેહના કારણે તેમના વિરોધીઓએ છાનાં છાનાં આંગળાં કરડયાં !

## કડીની કેળવણીની સંસ્થાઓના કર્ણધાર

મુ. શ્રી દાસભાઇએ પોતાની કારકિર્દીની શરૂઆતથી જ ખેડૂતોના અને ગામડાંના પ્રશ્નો ઉકેલવા જાતને ઘસી નાંખી છે. હરિજનોની, ક્ષત્રિયોની, ગુમાસ્તાઓની, મજૂરોની. અધ્યાપકોની નેતાગીરી કરવી સહેલી છે કારણ કે જ્ઞાતિવાદ ઉશ્કેરાવવાની, વર્ગભેદ ઉભો કરવાની અને હડતાલના સાધનને વાપરવાની ત્યાં સરળતા છે. પણ ખેડૂતો પાસે હડતાલનું કે છાપાનું સાધન નથી. ખેડૂતોનો પેદા કરેલો માલ ખાનાર અને વાપરનાર બિન ખેડૂતોનો મોટો ભાગ સંગઠીત, બુદ્ધિજીવી અને છાપાં ચલાવનાર છે. વળી ખેડૂતોની ખેતીનો આધાર કાયમ ઇશ્વર જ રહેલો છે. પોતાની પેદાશના પોતે ભાવ નક્કી કરનાર ના હોય તેવો એક ફક્ત ખેડૂત જ છે. એટલે તેના પ્રશ્નોને વાચા આપી ઉકેલવા એ હિમાલય ચઢવા જેવું કપરૂં કામ છે. પણ હામ હારે એ બીજા મુ. દાસભાઇ નહિ. ખેડૂતો ખાતર જેટલી જાતને ઘસી નાંખી છે તેટલી જ મહેનત તેમણે કડીની સંસ્થાઓને પગભર કરવા અને વિકસાવવા એક અડગ કેળવણી પ્રેમીને શોભે તે રીતે કરી છે. કડીની ટેકનિકલ હાઇસ્કૂલ, ફાર્મ મિકેનિક કોર્સ, વિજ્ઞાન કોલેજ, ગુજરાત ગોશાળા વગેરે તેની સાબિતિ રૂપ છે. આ સંસ્થાઓને પગભર કરવા એંશી વરસની ઉંમરે પણ તે દોડતા કામ કરી રહેલા છે. અને હમણાં આગામી પેઢીના લાભ માટે ગુજરાતની રાજધાનીમાં ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાખા ઊભી કરવા પાછળ તેઓ જે જહેમત ઉઠાવી રહેલા છે તે તો જેમણે તેમને ગાંધીનગર–કડી અને મહેસાણાના ધક્કા ખાતા જોયા હોય તેમને જ તેનો ખ્યાલ આવી શકે તેમ છે.

## સાદાઈની અને સખ્ત પરિશ્રમ કરતા પુરુષાર્થની મૂર્તિ

વંટોળિયાની માફક ગામે ગામ ઘુમતાં રસ્તામાં મોટર બગડવાના પ્રસંગે તેમાં ઇંદ્રિયોના તમામ દરવાજા બંધ કરી નિશ્ચિત થઇ તરત જ જે પા અડધો કલાક સમય મળે તેમાં ગાડીમાં પડયા પડયા ઘસઘસાટ ઊંઘી લેવું, ગામડે રસ્તામાં ઢોરની અવર-

જવરવાળા ખુલ્લા રસ્તામાં ખાટલો નાંખી ઊંઘ ખેંચી કાઢવી આડંબર સિવાયનાં સાદાં કપડાં, સાદો ખોરાક અને સતત કામ એ બધું મુ. દાસભાઇની આગવી વિશેષતાઓ છે. ધારાસભ્ય હોય કે પાર્લામેંટના સભ્ય હોય કે પ્રધાન તરીકે હોય પણ એ જ ખાદીનું ધોતિયું, બંડી અને જભ્ભો. સાદું અને બિન આડંબરી જીવન એ તેમના સદ્‌ગુણોની ટોચ છે.

## એકલો જાને રે તારી સંગાથે કોઇના આવે તો એકલો જાને રે

પકડયું એ પૂરું કરવાની તેમની આદત છે અને તે માટે તેમનો આગ્રહ હોય છે. શ્રમ, જોખમ અને કઠણાઈ જોઇ કોઇ પકડેલા કામના રસ્તામાંથી સાથીદારો કદાચ બાજુએ ખસે તો બમણી ઝડપ અને બમણી મક્કમતાથી એ કામને 'એકલો જાને રે' એ ધગશથી આગળ ચલાવે રાખવાની તેમની હિમ્મત અને હામ છે. તે તેમના શુદ્ધ ચારિત્ર્ય, પ્રામાણિકતા, નિષ્કામ કર્મયોગ અને પોતાની પ્રમાણિક માન્યતાઓ માટે સહન કરીને પણ અમલ કરવાનું જે નિઃસ્વાર્થ દઢ મનોબળ છે તેના કારણે છે.

પુરુષોત્તમ નામને યોગ્ય એવા મુ. શ્રી દાસભાઇ આપણી સંસ્થાઓની અને જાહેર જીવનની મોંઘી મૂડી છે. તેમના સ્ફટિકશા પારદર્શક જીવનમાં સ્વાર્થની કે અપ્રમાણિકતાની કયાંય છાંટ સરખી પણ નથી અને માટે જ એ અનેક ઝંઝાવતો સામે ટકી શકયા છે. પરમકૃપાળુ પરમાત્મા તેમને તંદુરસ્ત દીર્ઘાયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના.

श्री દાસકાકા વિવિધ મુદ્રાઓમાં......



લોકસભાના સદસ્ય નિવાસમાં નિરાંતની પળે વિચારમાં



વિજય સરઘસમાં



ચાલતા ચાલતા...

શ્રી દાસકાકા જુદાજુદા પ્રસંગે......



↑

ટેકનીકલ વિભાગના ઉદ્‌ઘાટન પ્રસંગે
પૂ. રવિશંકર મહારાજ, શેઠશ્રી
અરવિંદભાઈ, શેઠશ્રી જયકૃષ્ણભાઈ તથા
શ્રી રામચંદ્રભાઈ અમીન વગેરે સાથે
૧૪-૬-૬૩

❀

શ્રી ધ. મો. છાત્રાલયના ઉદ્‌ઘાટન
નિમિત્તે શ્રી કમલનયન બજાજ પૂજા
કરી રહ્યા છે તે પ્રસંગે
૧૪-૧૨-૬૪ →

❀





સાયન્સ કૉલેજના ઉદ્‌ઘાટન
પ્રસંગે : રેલ્વે પ્રધાન
શ્રી એસ. કે. પાટીલ સાથે
૨૪-૫-૬૫

❀

# આવા છે શ્રી દાસકાકા

ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડા
સંસદ સદસ્ય

**૧૯૫૨** થી અત્યાર લગીના દાસકાકા શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ સાથેના નજીકના સંપર્કમાંથી મળેલ મારા અનુભવ ઉપરથી હું એટલું સ્પષ્ટ કહી શકું કે દાસકાકા એટલે ખેડૂતોનું લાઉડ સ્પીકર, નિડર રાજપુરુષ અને પ્રામાણિક સમાજસેવક.

૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચુંટણી વખતે સરકારી નોકરીમાંથી રાજીનામુ આપી ચાણસ્મા, હારીજ, પાટણની મુંબઈ વિધાનસભાની અનામત બેઠક ઉપર હું ઊભો રહેવા માગું છું તે વાત કહેોડાના સ્વ. શ્રી કેશવલાલ પરમારને મેં કહી. કેશવલાલ મહેસાણા પ્રાંત પંચાયતના સભ્ય હતા અને જિલ્લાના રાજકીય પ્રવાહોને સારી રીતે જાણતા હતા. તેમણે કહ્યું "મહેસાણા જિલ્લામાં સાંકળચંદ પટેલ, વિજયકુમાર ત્રિવેદી અને માનસિંહ પટેલ કરતાંયે વધારે વર્ચસ્વ ધરાવનાર કોઈ વ્યકિત હોય તો તે શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) છે. તેમનો સહકાર મળે તો જ તમે ચુંટાઇને આવી શકો. દાસકાકા વિના કોંગ્રેસની સામે ઊભા રહેવું નકામું છે."

બન્યું પણ એમ જ. ચાણસ્મા, હારીજ, પાટણ મત વિભાગમાંથી શ્રી રામદાસ કિલાચંદ અને હું તથા લોકસભાની બેઠક ઉપર સ્વ. શ્રી તુલસીદાસ કિલાચંદ અને કડી વિધાનસભા મત વિભાગ ઉપરથી શ્રી દાસકાકા સ્વતંત્ર ચુંટાઇ આવેલા, આમ ૫૨ ની ચુંટણી દરમિયાન બધાને ખાત્રી થઇ ગઇ કે શ્રી દાસકાકા મહેસાણા જિલ્લામાં એક મોટું રાજકીય બળ છે.

મુંબઇ વિધાનસભામાં દાસકાકાએ ખેડૂત અને ખેડૂતોના પ્રશ્નો વિષે ઘણું ઘણું કહ્યું છે. મને યાદ છે કે માથાસુળના બનાવ અંગે ૧૯૫૩ ના ડિસેમ્બર માસમાં મુંબઈ વિધાન સભામાં જોરદાર પ્રશ્નોતરી થયેલી. હરિજનોના પ્રતિનિધિ તરીકે મેં જોરદાર પ્રશ્નો પૂછ્યા; તો દાસકાકાએ ખેડૂતોના પ્રતિનિધિ તરીકે એથી યે વિશેષ જોરદાર પ્રશ્નો પૂછ્યા હતા. હાલના વડાપ્રધાનશ્રી મોરારજીભાઇ દેસાઇ તે વખતે મુંબઇ રાજ્યના મુખ્ય મંત્રી હતા. આખરે માથાસુળ-ની તકરારનો સુખદ અંત આવેલો.

લોકસભાની તેમની દસ વર્ષની કારકિર્દી દરમિયાન પાર્લામેન્ટમાં તેમણે જબરજસ્ત ખેડૂત લોબી ઊભી કરેલી. પાર્લામેન્ટરી ફાર્મર્સ ફોરમની સ્થાપના કરવામાં શ્રી એસ. કે. પાટીલ અને શ્રી દાસકાકા મુખ્યત્વે હતા. આ રીતે રાષ્ટ્રીય કક્ષાએ ખેડૂતોનો અવાજ બુલંદ બનાવવામાં દાસકાકાનો ફાળો અનેરો હતો.

દાસકાકા જેવા સંનિષ્ઠ, પ્રામાણિક અને નિડર રાજકીય પુરુષ બહુ ઓછા જોવા મળે છે. હું રાજ-કારણમાં પ્રવેશ્યો ત્યારથી તેમના ઉપરોકત ગુણોએ મને ઘણી પ્રેરણા પાઇ છે અને રાજકીય મતભેદ હોય ત્યારે પણ અમે જુદા પડ્યા નથી.

દાસકાકાની એક આગવી પ્રણાલિકા છે. તેમના ઘેર કોઇપણ વ્યકિત આવે તો તેને ચા પીધા વગર તે જવા જ દેતા નથી. કડી સર્વ વિદ્યાલય મંડળની

[ અનુસંધાન પાન ૨૫ ઉપર ચાલુ ]

# મુરબ્બી શ્રી દાસભાઇ

## ડૉ. અશ્વિનભાઇ ડી. પટેલ

સને ૧૯૩૨ ની સાલમાં મારી પંદર વર્ષની ઉંમરે હું આપણાં શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળા અને છાત્રાલયમાં અભ્યાસ માટે દાખલ થયો ત્યારે સંસ્થાના આદ્ય સંસ્થાપક પૂજ્ય-છગનભા જીવતા હતા. એમની સાથેના બુઝર્ગ કાર્યકર્તાઓ ઉપરાંત એ વખતે પૂરા જુવાન એવા શ્રી પુરુષોત્તમદાસ ર. વકીલ એમના એક મજબૂત ટેકેદાર અને સહકાર્યકર્તા હતા ત્યારથી હું એમનાં નામ અને કામથી આકર્ષાયેલો. બીજાઓની જેમ અમારે મન શ્રી દાસભાઇ એ વખતે એક વીરપુરુષ (Hero) સમાન હતા. એના કારણોમાં એમનાં હિંમત અને સાહસવૃત્તિ તથા નિર્ભીકતા ગણાવી શકાય. એમાંયે એ વખતના મહેસાણા પ્રાન્તના સૂબા શ્રી પિલાજીરાવ ગાયકવાડ સાથે એક પ્રસંગે સંવાદમાં શ્રી દાસભાઇને જ્યારે ઠેરી ગયેલી ત્યારે કડી–મહેસાણાના વાતાવરણમાં જાણે એ સંવાદ પડઘાયા કરતો હતો ! વાતવાતમાં કોઇ મુદ્દા પર મતભેદ પડતા જિલ્લા પંચાયતની બેઠકમાં સૂબાસાહેબે જ્યારે " You are all donkeys. " એવું કંઇક કહેલું ત્યારે બીજા બધા સભાસદો તો ઠરી ગયેલા પણ જુવાનીના ઉકળતા લોહીવાળા સ્વમાની શ્રી દાસભાઇએ સૂબાને ભળતો જ જવાબ નીચેના જેવો ભળતો આપી દીધેલો. " Well, if we are all donkeys you, as our president, are the headdonkey. " અને ખરે જ આ વિશિષ્ટ તડાતડીને લીધે એક ઊગતા પણ તેજસ્વી વકીલને એ સમયે આર્થિક અને રાજકીય રીતે ખૂબ સહન કરવું પડેલું. પણ સહન કરવું એ તો શ્રી દાસભાઇનો ભારે ગુણ છે.

શ્રી દાસભાઇને આજે પણ હુક્કો ગડગડાવતા જોવા એ એક લહાવો છે. એ વખતે એમના મનને અનેક સમસ્યાઓના ઉકેલ હાથવગા બનતા લાગે છે. જિલ્લા કક્ષાએ ઉપરના બનાવને લીધે Hero worship ના ભાગ્યશાળી બનેલ શ્રી દાસભાઇની બુદ્ધિ હુક્કા-નશાથી કુશાગ્ર બનતી આ ઉંમરે પણ જણાય છે. એમની ગરુડ નાસા તો છે જ પણ જિલ્લાથી ઉપર ઉત્તર ગુજરાત કે ગુજરાતના રાજકારણ અને સમાજકારણમાં નસીબવંતા થવામાં એમની કુશાગ્ર બુદ્ધિ પણ ઘણી કાર્યરત રહેતી જોવામાં આવી છે. એ બુદ્ધિ એમની વેધક અને ચમકીલી ગરુડી નજરમાં યે હંમેશાં પ્રતિબિમ્બિત રહી છે. કોઈ વાતની કે કોઇ મુદ્દાની એમની પકડમાં એમની વકીલ તરીકેની કુનેહ જણાઇ આવે જ. પણ એમની એ પકડ વાદ-વિવાદવેળાએ ગારુડી એટલે કે એક ફૂલવાદી

જાદુગરના જેવી જણાઈ આવે; ભલભલાને એ પાછા પાડી દે; કોઇને મચક ન આપે; એથી સંસ્થા-સંચાલનમાં કોઇકોઈવાર એમના સહકાર્યકર્તાઓમાંથી કોઇ કોઇ તો ક્ષેત્રસન્યાસ લઇ સંચાલન એમને જ સોંપીને આવતા બંધ પડી જાય એવુંયે થયું છે. પણ આને એક સારો અવસર માની સંચાલનમાં અનુભવવી પડતી નડતર ચાલો થોડી ઓછી થઇ એમ માની પોતે ઓર ઉત્સાહથી કામને આગળ ધપાવે, સંચાલન કર્યે જાય એ શ્રી દાસભાઇનો ગણો તો અનેકમાંનો એક ગુણ છે.

શ્રી દાસભાઇ સારા એવા ગણતરીબાજ છે. ભલભલાની જબાન આંકડા આપી બંધ કરી દે ત્યારે સામાવાળો સંચાલન ક્ષેત્રે કેવો બિન અનુભવી કે પૂરી પૂર્વ તૈયારી વગરનો છે એ આપણને દેખાઇ આવે. ઝીણામાં ઝીણી વિગત પણ શ્રી દાસભાઇની ગરુડી નજરમાંથી ચૂકાઇ જતી નથી. એક જાહેર કાર્યકર્તા તરીકે પણ આ ગુણ ઘણો ઉપકારક માલુમ પડયો છે. અગાઉ 'ખેડૂત' જેવી પત્રિકાઓના તંત્રપદેથી લખતી વખતે એટલા જ માટે મને લાગે છે કે શ્રી દાસભાઇએ 'ગરુડ' એવું હું જાણું છું ત્યાં સુધી પોતાનું તખલ્લુસ રાખેલું.

"કરતાં જાળ કરોળિયો ભોંય પડી પછડાય." પણ પાછો સતત ઉદ્યમી રહી પોતાની જાળ બાંધી રહીને જ જંપે. શ્રી દાસભાઇએ પણ ધગશ, ઉત્સાહ, અણનમ ખડતલપણું, સાહસિકતા વગેરે ગુણોથી તાલુકા પંચાયતથી જિલ્લા પંચાયત, ધારાસભા અને છેલ્લે લોકસભા સુધીનાં સોપાન સર કરી બતાવ્યાં છે. એ કામગીરીમાં એમની અભ્યાસ પરસ્તી તત્કાલીન પ્રશ્નો અને મુદ્દાઓની બાબતમાં રહી છે. પોતાને સાચું ન લાગે તો પોતાની રાજકીય સંસ્થાની વિરૂદ્ધમાં જઇને પણ લોકમત જાગ્રત કરવા માટે વર્તમાનપત્રોમાં સચોટ આંકડા સાથે ને દાખલાદલીલ સહિતનાં નિવેદન આપતાં પણ તેઓ ખમચાતા નથી. એમની બુઝર્ગી જોતાં આજે લગભગ ૮૩ વર્ષનાં અનુભવનાં ભાથાં એમનાં વકતવ્યો અને નિવેદનોમાં આપણને દેખા દે છે જે બીજી રીતે લોકકલ્યાણનાં કાર્યોમાં ઉપકારક નિવડે. એ બધામાં એમની Conviction–સચોટ માન્યતાને એ સૌથી વધુ વફાદાર રહેતા જણાય છે. જો કે શિક્ષણ ક્ષેત્રે એમના કેટલાક ખ્યાલ અને અભિગમ ગઇ પચીસીના આજે દેખાય પણ એથી એ જૂનવાણી કે પ્રત્યાઘાતી છે એમ ન કહી શકાય. કોઇપણ ક્ષણે એમને સમજવા પ્રયત્ન કરવો પડે એવી એમની પ્રશ્ન અંગેની Sincerity–સચ્ચાઇ –આપણને જણાઇ આવે છે. પણ એમની વાત કે મુદ્દા પ્રત્યે એ શ્રી મોરારજીભાઇની માફક ખૂબ જીદ્દી રહેતા આવ્યા છે. એથી કેટલાક સહકાર્યકર્તાઓ નારાજ પણ થાય છે; છતાં એમની વડીલાઇના હક્કમાં એને ખપાવી તેઓ સહી લે છે. મહેસાણા જિલ્લાના શું કામ, અરે આખા ઉત્તર ગુજરાતના શ્રી દાસભાઇ એ મોરારજીભાઇ છે. એમનું બહુમાન થોડુંઘણું ફંડ ઉઘરાવી કે એમના નામની કોઇ સંસ્થા પાટનગર ગાંધીનગરના વિસ્તારમાં ઊભી કરીને કરીએ એ કંઇ પૂરતું નથી. છેલ્લાં વર્ષોમાં એમની તંદુરસ્તી જળવાય અને કડીની સંસ્થાઓના સંકુલને કે બીજી સંસ્થાઓને માર્ગદર્શન આપવા માટે તેઓ પૂરતા દીર્ઘાયુ બની રહે તેમ જ કડવા પાટીદાર કોમના અને એની સાથે સંકળાયેલી બધી જ કોમોની તરક્કીનાં કાર્યોમાં એમના અનુભવ ભંડારનો આપણે હજીએ પૂરો ઉપયોગ કરી શકીએ એવી પરિસ્થિતિ ભગવાન સર્જે એવી પ્રાર્થના! વર્ષો પહેલાં વિરમગામ – સાણંદ જેવાં સ્થળોએ કડવા પાટીદાર જ્ઞાતિના એક સુધારક અને સમાજ-કરણી તરીકે જેમનાં દર્શન કરેલાં અને તે પછી એક રાજકરણી તરીકે અનેકરૂપે એમનાં દર્શન કર્યા એવા શ્રી દાસભાઇને ઉત્તર ગુજરાતના એક પ્રચંડ બૌદ્ધિક (Intellectual) લેખે તો સ્વીકારવા જ રહ્યા. એમનાં ઉજ્જવળ દૃષ્ટાન્તમાંથી ભાવિ પેઢીને ખૂબ ખૂબ પ્રેરણા મળી રહો! ■

# કર્તવ્યશીલ 'દાસકાકા'

શ્રી કલ્યાણભાઇ ગો. પટેલ
નિવૃત્ત આચાર્ય

શ્રી 'દાસકાકા'ના સન્માન અંગે કંઇક લખવાના આગ્રહને વશ થઈ જ્યારે મેં કલમ હાથમાં લીધી ત્યારે ભૂતકાળનો ભવ્ય ચિતાર દૃષ્ટિ સમક્ષ ખડો થયો.

૧૮૫૭ના બળવામાં નિષ્ફળ ગયેલું ભારત કંઇક નવીન જ્યોતિની મશાલ હાથમાં લઇ ખડું રહ્યું હતું. અસમાનતાના અંધકારમાં સબડતા ભારતને જાગૃત કરવા ખૂણે ખૂણે જ્યોત પ્રગટાવવાના પ્રયત્નો ચાલી રહ્યા હતા. એ સમયે આજે 'દાસકાકા'નું ગૌરવભર્યું અને વહાલસોયું નામ મેળવનાર શ્રી પુરુષોત્તમદાસ પટેલે આપબળે જીવનઘડતરનો પાયો નાંખી જનસેવાની પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું હતું.

નર્મદાતટે સંન્યસ્ત લેવા ગયેલા પૂ. છગનભાએ ગુરુ આજ્ઞાને માન્ય રાખી કડીમાં આવી સમાજના ઉત્થાન કાર્યની ધૂણી ધખાવી હતી. 'સ્વામી બ્રહ્માનંદ સાગર' ઊર્ફે શ્રી બહેચરભાઈ પટેલે વડોદરામાં સામાજિક સુધારાનું કાર્ય આરંભ્યું હતું. શિક્ષણક્ષેત્રે પડેલા મારા પિતાજી આવી વ્યકિતઓના સંપર્કમાં આવ્યા હતા. પરિણામે મને કડીની રાષ્ટ્રીય સંસ્થા 'પાટીદાર આશ્રમ'માં ભણવા જવાનું મળ્યું. અમારા આચાર્યશ્રી બાપુભાઇ ગામી પૂ. અરવિંદના ભક્ત હતા. પૂ છગનભા આધ્યાત્મિક જ્ઞાન અને સમાજ ઉત્થાનના કાર્યમાં ગામડે ગામડે ઘૂમીને ધન અને બાળકોનું ફંડ ઉઘરાવી રહ્યા હતા. પૂ. હરજીવનભા આર્યસમાજની પ્રવૃત્તિમાં મગ્ન હતા.

આમ કડીની સંસ્થા વિકાસના પ્રથમ તબક્કામાં જ્યારે પ્રથમ ડગલું ભરી રહી હતી ત્યારે સ્વ. પૂ. રામચંદ્રભાઇ અમીન અને શ્રી 'દાસકાકા' જેવા યુવાનો પણ આ સેવાના કાર્યમાં સાથ અને સહકાર આપી રહ્યા હતા. અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા યુવાનો તલપાપડ થઇ રહ્યા હતા ક્રાન્તિના આ ઝંઝાવાતમાં પણ વિચારસરણીમાં વિવિધતા પ્રવર્તતી હતી. પૂ. અમીન સાહેબ શાંત, નીડર અને આધ્યાત્મિક બાબતોમાં રસ ધરાવનાર હતા. સામાજિક, રાજકીય કે ધાર્મિક ક્ષેત્રે પરિવર્તન લાવવા એ સંયમપૂર્વક કામ કરવામાં માનતા હતા. 'કીડી ઉપર લાડવો મૂકીએ તો કીડી મરી જાય, ભૂકો કરી ભભરાવીએ તો ખાસી રીતે ખાય, સમજો ભાઇ સુધારાનો સાર' એ કવિ દલપતરામનો બોધ એમને રોચક લાગ્યો હતો. શઠ પ્રત્યે સૌજન્ય દાખવવાનું એમણે સ્વીકાર્યું હતું. જ્યારે બીજી બાજુ શ્રી 'દાસકાકા' જેવા યુવાનોના એક વર્ગનો કવિશ્રી નર્મદાશંકરનો 'યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે' એ માર્ગ હતો. '**शठं प्रत्यपि शाठ्यं कूर्यात्**' એમ પણ એ સ્વીકારતા હતા. યુવાનોનો એક વર્ગ હિંસા દ્વારા ક્રાંતિ કરી સ્વરાજ્ય મેળવવામાં માનતો હતો. જ્યારે બીજો વર્ગ સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ હક્ક છે અને એને અહિંસા દ્વારા મેળવીને જંપીશુ એમ માનતો હતો.

આવા સમયે શ્રી 'દાસકાકા'એ આપબળે જ પોતાના જીવનનું ઘડતર કર્યું હતું. આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં એમણે સામાજિક તેમ જ રાજકીય

સેવાના ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું. શિક્ષણ તથા સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિમાં 'દાસકાકા' રસ ધરાવતા હતા પરંતુ એમના સ્વભાવને રાજકીય ક્ષેત્રમાં પડવાનું વધારે અનુકૂળ હતું.

૧૯૩૨ ના સત્યાગ્રહની લડત વખતે કડીની રાષ્ટ્રીય સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓએ દેશહિતની આ લડતમાં જોરપૂર્વક ઝંપલાવ્યું હતું. કાર્યકર્તાઓ અને અમારા જેવા નાની ઉંમરના છાત્રોએ પણ જેલનિવાસ સ્વીકારી લીધો હતો. આ લડત પૂર્ણ થયે શ્રી 'દાસકાકા' રાજકીય ક્ષેત્રમાં વધારે રસ લેવા માંડયા. મહેસાણા જિલ્લો એ સમયે વડોદરા રાજ્યમાં હતો. સરકારી અને અમલદારશાહી ત્રાસ સામે 'પ્રજામંડળ' નામની સંસ્થા ઊભી થઇ. શ્રી 'દાસકાકા'એ એ પ્રવૃત્તિમાં ઝૂકાવ્યું. એ સમયે અમલદારો સામે બોલવામાં લોકો ડરતા હતા ત્યારે 'દાસકાકા' એ સરકારી ભૂલો, અમલદારશાહી ત્રાસ સામે જોરદાર વાણીમાં રજૂઆત કરવાની હિંમત દર્શાવી હતી. છોટા સરદાર બનીને એ ખેડૂતોના પ્રશ્નો રજૂ કરતા હતા, અને ધીમે ધીમે પ્રજાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવા લાગ્યા. આજે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ કેળવણીની જે સંસ્થાઓ ઊભી છે તેમાં ૮૨ વર્ષની જૈફ ઉંમરે પણ એક યુવાનના ઉત્સાહથી એ કામ કરી રહ્યા છે અને પોતાના અનુભવજન્ય જ્ઞાનનો લાભ એ જનહિતના કાર્યોમાં આપી રહ્યા છે. ધારાસભા, પાર્લામેન્ટ, જિલ્લા પંચાયત વગેરેમાં વિવિધ હોદ્દાઓ ઉપર કામ કરીને પ્રજાહિતના કાર્યોમાં એમણે નિષ્ઠાવાન કાર્યકર તરીકે કામ કર્યું છે. એના ફલ સ્વરૂપે એમણે લોકહૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. જીવન એક ભૂલભૂલામણી છે. પ્રગતિનાં સોપાનો સર કરવા જતાં આંટીઘૂંટીમાં પણ કાર્ય કરીને શુભ કાર્યનાં સુગંધિત પુષ્પો એમણે વેર્યાં છે. અમલદાર-શાહીનો ડંડો જ્યારે પ્રજા પર વીંઝાતો હતો ત્યારે જનહિતાર્થે અને સ્વમાન ખાતર જીવનનું સર્વસ્વ એમણે અર્પણ કરી દીધું હતું પ્રામાણિક ભૂલ અને હેતુપૂર્વકની પ્રયુક્તિ પારખવાની શક્તિ 'દાસકાકા' માં પડેલી છે. પ્રજાના હિતના જતન ખાતર આદર્શ અને વ્યવહારનો મેળ બેસાડવામાં તથા નજીવા અને અંગત પ્રત્યાઘાતોનાં જાળાં સાફ કરવામાં પૂ. અમીન સાહેબ માર્ગદર્શક નીવડયા હતા. મતભેદના કપરા સંજોગોમાં શ્રી 'દાસકાકા' ખડગ જેવા અડગ થઇ ઊભા રહેતા. પરિણામે આવા કપરા સંજોગોમાં વ્યવહારૂ ડહાપણ ખીલતું અને એમાંથી માર્ગ મળી આવતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળે કડીમાં વિવિધ જ્ઞાન પ્રપાઓ ઊભી કરી છે. આટલી જૈફ ઉંમરે 'દાસકાકા' માર્ગદર્શક બની શિક્ષણમાં રસ ધરાવનાર યુવાનોના હાથમાં ધૂરા સોંપી દે અને કન્યા કેળવણીના વિકાસની જે ઊણપ રહી છે તે પૂર્ણ કરવામાં એમના અનુભવજન્ય જ્ઞાન અને કાર્યદક્ષતાનો લાભ મળે તેવું કરે એવી અપેક્ષા રાખીએ છીએ. આવા પવિત્ર કાર્ય માટે પ્રભુ એમને તંદુરસ્ત દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના. ■

---

[ અનુસંધાન પાન ૨૧ ઉપરનું ચાલુ ]

પ્રગતિ માટે તેમણે હંમેશાં ચિંતા કરી છે. મારા દિલ્હીના નોર્થ એવેન્યુ રહેઠાણના કોર્ટયાર્ડમાં સારાં ગુલાબનાં ફૂલ જોઇ તે ગુલાબને કડી સર્વ વિદ્યાલય મંડળના પટાંગણમાં રોપવા માટે તે લઇ ગયા હતા. ત્યાં ગુલાબ ખીલ્યાં કે નહિ તેની મને ખબર નથી પરંતુ સંસ્થા તરફની તેમની ભાવના અને કર્તવ્ય બંને જોઇ શકાય છે.

ખેડૂતોના પ્રશ્નો વિષે તે હંમેશાં સજાગ રહ્યા છે. તેમના જે કોઇ પ્રશ્નો ઊભા થાય તેને વાચા આપી ગમે તેની સામે પણ અવાજ ઉઠાવવામાં તે પાછી પાની કરતા નથી. આથી જિલ્લાના ખેડૂતો, પછી તે ગમે તે કોમના હોય, તેમનું જેટલું સન્માન કરે તેટલું ઓછું છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમને દીર્ઘાયુ આપે અને સારું સ્વાસ્થ્ય બક્ષે. ■

# વડલા સમી છાયા

મોહનલાલ બા. પટેલ
આચાર્ય
સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ – કડી

મે મહિનાના પ્રખર તાપના દિવસોમાં થર્મોમીટરનો પારો ૧૧૨° ફેરનહીટથી ય ઊંચે ચઢતો હોય, માનવીઓ સૂર્યના પ્રખર તાપથી બચવા ઘરમાં ભરાઇને અળસવેળા ગુજારતાં હોય, પશુપંખીઓ કયાંક આશ્રય સ્થાન શોધીને જંપી ગયાં હોય ત્યારે બપોરે દોઢ એ વાગ્યાના અરસામાં દાસકાકા વિદ્યાર્થી આશ્રમના દરવાજામાં પેસતાં જ એકાદ સ્વભાવિક સાદથી પોતાના આગમનને જાહેર કરે. અને તેજ રફતારથી મહેમાન ગૃહમાં પ્રવેશ કરે.

આ ઇ. સ. ૧૯૬૫ અને તે પછીનાં વર્ષના ઉનાળાના ગાળાનો ક્રમ. એ વર્ષોમાં સંસ્થાની મહત્વની શાખાઓ શરૂ થતી હતી. પ્રિ. વોકેશનલ ટ્રેઇનીંગ સેન્ટર શરૂ થઇ ચૂકયું હતું. ૧૯૬૫ ના જૂનથી વિજ્ઞાન કોલેજ શરૂ થનાર હતી. અને જૂનિયર ટેકનીકલ સ્કૂલની યોજના આકાર લઇ રહી હતી. આ ત્રણેય અંગોની જવાબદારીનો બોજ ઘણો મોટો હતો. મકાનો, સાધનો, સ્ટાફની પસંદગી, વિદ્યાર્થીઓની સંખ્યા, જરૂરી નાણાંની જોગવાઇ, સરકાર સાથે પત્રવ્યવહાર, યુનિવર્સિટી અને ખાતા વગેરે સાથેની સ્પષ્ટતાઓ... આવી આવી અનેક પ્રકારની કામગીરીમાં સીધો રસ લઈ એ બધું કામ સમયસર અને સારી રીતે પાર પાડવા માટે દાસકાકાએ પુરુષાર્થ આદર્યો હતો. નાનામાં નાની બાબત પણ એમની ધ્યાન બહાર ન હોય. અનેક પ્રકારના કાગળો જાતે લખાવે, તરત ટાઈપ કરાવી રવાના કરવાનો આગ્રહ રાખે. અગાઉ લખાવેલા કાગળો બાબતમાં ખાતા કે સરકાર તરફથી જરૂરી પ્રતિભાવ સાંપડ્યો ન હોય તો સ્મૃતિપત્રો લખાવે અને જરૂર જણાય ત્યાં રૂબરૂ જઇને તાકીદ કરાવવા માટેનું સૂચન કરે.

આ નવી શાખાઓનાં મકાનો અને સાધનો માટે એમણે સરકારમાંથી ઘણી મોટી રકમો સંસ્થાને મેળવી આપી છે. એ માટે જયારે જયારે જરૂર પડે ત્યારે એ દિલ્હી અને અમદાવાદની કચેરીઓમાં જાતે જઇ આવે અને સંસ્થાને વહેલામાં વહેલી તકે સગવડ મળે એનો પ્રબંધ કરે. સંસ્થાનાં મકાનો થાય ત્યારે અનેક સ્થળોથી નકશા એકઠા કરે, એનો અભ્યાસ કરે. સંસ્થાની જરૂરિયાતો વિચારે અને પોતાના સહકાર્યકરો સાથે વિચારોની આપ લે કરે. એ પછી સંસ્થાના હિતેચ્છુ એન્જીનિયરો પાસે અથવા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી એન્જીનિયરો પાસે આ વિચારો મૂકી સંસ્થા માટે પ્લાન તૈયાર કરાવે. એ પછી સંસ્થાને કિફાયત ભાવે માલસામાન મળી રહે એ માટે દોડધામ કરે. મકાન તૈયાર થતાં હોય ત્યારે કામની પ્રગતિ વારંવાર આંખ તળે કાઢે અને આકાર લઇ રહેલાં મકાનોને મમતાપૂર્વક

નિહાળે એટલું જ નહીં પણ જે કોઇ મુલાકાતી આવે તેને પોતે જાતે ત્યાં લઇ જાય અને ઝીણવટ-ભરી વિગતે એ બધું સમજાવે. આ પ્રવૃત્તિમાં સવાર સાંજ કે બપોર... કશું ય બાધક ન નીવડે. આ બધી નવરચના માટે ઘણાં નાણાંની જરૂર પડે. નાણાં એકઠાં કરવા માટે સહકાર્યકરોનો સાથ મેળવી અનેક પ્રકારની ગોઠવણો કરે. સંસ્થાની જરૂરિયાતો વિષે સંસ્થાના હિતેચ્છુઓ વાકેફ થાય અને સૌ પુષ્પપાંખડી સંસ્થાને ચરણે ધરે એ માટે એમણે ‘ સુવર્ણ જયંતી ’ સાપ્તાહિકના પ્રકાશનની એક સફળ યોજના પાર પાડી હતી. આ ઉપરાંત ફંડ મેળવવા માટે એ અનેક વ્યક્તિઓનો સંપર્ક સાધે અને સંસ્થા માટે કંઈ ને કંઇ મેળવે જ. સંસ્થા માટે ફંડ આપનારાઓમાં એમને જબરી શ્રદ્ધા છે. એ કહે છે : “ લોકો દાન આપે છે એટલું જ નહીં પણ દાન આપતાં પહેલાં જમાડવાની શરત મૂકી પ્રેમ પણ એટલો જ દાખવે છે. ”

આ બધું કંઇ આપોઆપ બની જતું નથી. આ કાર્ય માટે એમણે ઘણો રઝળપાટ કર્યો છે. અને કડી મહેસાણાના આંટાનો તો કોઇ હિસાબ જ નથી. ભીડવાળી મોટરબસોમાં અને કંટાળો ઉપજાવે એવી ધીમી રેલગાડીઓમાં આ કાર્ય માટે કલાકો પસાર કરવામાં એમના અણથક ઉત્સાહમાં કયાં ય ઉદાસીનતા આવી નથી. સંસ્થા માટેના કોઈ પણ કાર્યમાં એમણે કયાંય પ્રમાદ સેવ્યો નથી. આશ્ચર્યની વાત તો એ છે કે કોઈ કાર્ય માટે એમણે નિશ્ચિત સમય આપ્યો હોય તો તે કદી ચૂકયા નથી. એમની આ ચોકસાઇ અને નિયમિતતા સૌ કોઇને પ્રેરણા આપે એવાં છે.

દાસકાકા આમ તો મોટા માણસ. એમણે જિલ્લાના સુબાની ઠેકડી ઉડાવી એની સાન ઠેકાણે આણી હતી. પ્રજામંડળના પ્રમુખ થયા હતા, દસદસ વર્ષ સુધી પાર્લામેન્ટના સભ્ય રહ્યા, ધારાસભ્ય થયા, રાજ્યના કેબિનેટ કક્ષાના મંત્રી પણ થયા છતાં સંસ્થાના કેમ્પસમાં દાખલ થાય એટલે પેલા કોઇ મોભાનું વળગણ એમને ન રહ્યું હોય. પોતાની સગવડનો એ કદી વિચાર ન કરે. સાયન્સ કોલેજની સ્થાપનાના શરૂઆતનાં વર્ષોમાં એક વખતે હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને જગ્યાની સંકડાશ ઊભી થઈ. કોઇ રૂમ ખાલી નહોતી. ચારેક વિદ્યાર્થી-ઓને સમાવવાના બાકી હતા. એમણે પોતાના ઉતારા માટે કાઢેલા મકાનમાં એ વિદ્યાર્થીઓને જગ્યા આપી દીધી અને પોતે પડાળીની બહાર ખુલ્લા ચોકમાં ખાટલો નાખીને પડાવ નાખ્યો. જૂન મહિનાના દિવસો. વરસાદની મોસમ શરૂ થઇ ગઇ હતી. રાત્રે વરસાદ પડવાનો પૂરો સંભવ હતો. પણ એમણે એની કશી જ પરવા ન કરી. એ તો બહાર જ સૂતા.

ભારે દુર્ધર્ષ ગણાતા કાકા, કોઇ માનવી એમને મળવા આવે ત્યારે મીણ જેવા મુલાયમ બની જાય. પ્રેમથી એને આવકારે અને એને પ્રાધાન્ય આપી સાંભળે અને વખતે ચાનો પણ આગ્રહ કરે. સંસ્થાના કોઈ હિતેચ્છુનો ભેટો થાય ત્યારે, એ ગમે તેટલો નાનો માણસ હોય તો પણ એનું ખૂબ ગૌરવ કરે અને પ્રેમથી નવાજે.

સંસ્થા માટેની એમની મમતા ઘણીવાર તો આશ્ચર્ય પમાડે એવી રીતે છતી થાય છે. કેરીની મોસમમાં મહેસાણાથી કડી આવે ત્યારે ગોટલાની વજનદાર થેલી ઉપાડતા આવે. કહે, ‘ સારામાં સારા આંબાના ગોટલા લેતો આવ્યો છું; આપણે ત્યાં એને વાવીએ અને આ સારી જાત ઉછેરીએ. ’ મહેસાણા રહ્યે રહ્યે કોઈ વખત સારું ખાતર મોકલી આપે, કોઈવાર સારાં પુસ્તકો, મેગેઝીનો, રિપોર્ટો... જે કંઇ પોતાને ગમી ગયું હોય એ મોકલી આપે અથવા પોતે લેતા આવે. આવી નાની નાની બાબતો-માં પણ સંસ્થા માટે છતો થતો એમનો પ્રેમ હૃદયને સ્પર્શી જાય એવો છે.

એમની વિચારસરણી dynamic છે. ‘ જૂનું તેટલું સોનું ’ એવા ભ્રામક વિચારમાં એ કદી રાચતા નથી. જે કોઇ નવી પ્રણાલિ કે વિચારસરણી સંસ્થા-ની પ્રગતિને ઉપકારક હોય તેને અપનાવીને એને

પાર પાડવામાં એ આનંદ માને છે. નવા વિચારો, નવી પદ્ધતિઓ, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં જે કોઇ નવી શોધો કે અખતરાઓ થયા કરતા હોય એનાથી સંસ્થાના સર્વ કર્મચારીઓ વાકેફ હોય એવી કામના એ સતત રાખે છે. એમાં જ્યારે જ્યારે ઊણપ જુએ ત્યારે એ દુઃખી થાય. સંસ્થામાં કર્મચારીની નવી ભરતી કરતી વખતે આ બાબતની એ ખૂબ જ ચીવટ રાખે છે. જ્ઞાનસમૃદ્ધ અને વાચનના શોખીન શિક્ષકની પસંદગી કરીને એ ખૂબ રાજી થાય છે. અભ્યાસી શિક્ષક સંસ્થાની મોંઘી મૂડી છે એવી એમની દૃઢમૂળ શ્રદ્ધા છે. તેથી તો સંસ્થાના શિક્ષકો પુસ્તકાલયનો સતત ઉપયોગ કરતા રહે એવી ઇચ્છા એ વારંવાર પ્રગટ કરતા રહે છે. એ માત્ર આવી ઇચ્છા વ્યક્ત કરીને બેસી રહેતા નથી. પોતે પણ સતત વાંચતા રહે છે. ઇતિહાસના એ સારા અભ્યાસી છે એ હકીકત ઘણા ઓછા જાણતા હશે.

વહીવટી ક્ષેત્રે એ ઘણા કુશળ નાયક છે. વહીવટની બાબતમાં શિથિલતા કે સિદ્ધાંતોની બાંધછોડ કોઇ પણ સંસ્થાને ઝાંખપ લગાડે છે એ વાત એ સારી રીતે જાણે છે. અને તેથી આ બાબતમાં એમનાં વલણો ઘણાં સ્પષ્ટ છે. નિષ્ઠાપૂર્વક કાર્ય કરતાં થયેલી ભૂલ તરફ એ ઉદાર દૃષ્ટિથી જુએ છે પણ ફરજચૂક કે અશિસ્ત એ ચલાવી લેતા નથી. આ બાબતમાં ગમે તેવો અવરોધ વહોરીને પણ સંસ્થાને ઝાંખી ન પડવા દેવા એ મક્કમ રહે છે.

આને લીધે કોઇકોઇ વાર એ અપ્રિયતા પણ વહો
લે છે. સંસ્થાના હિત ખાતર વહોરેલી અપ્રિયતા
એ રજમાત્ર દુઃખી થતા નથી. પોતાનું હરકોઈ પગ
સંસ્થાના હિતમાં જ હોય એની એ સતત કાળ
રાખે છે. તેથી એમના કોઇ પણ નિર્ણયમાં અં
રાગ કે સ્વાર્થ ક્યાંય દેખાતો નથી.

શૈક્ષણિક સંસ્થાઓના વડા તરફ એ પ્રેમ અ
માનની દૃષ્ટિથી જુએ છે. જરૂર જણાય ત્યાં
સલાહસૂચન જરૂર કરે, પણ એમની કાર્ય પદ્ધતિ
ક્યાંક આડે આવતા નથી. વહીવટ કરનારની સઘ
મુશ્કેલીઓ એ સમજે છે અને તેથી જ્યારે જ્ય
કોઈ કઠોર નિર્ણય લેવાના થાય ત્યારે એનું કર્તૃ
પોતાના માથે વહોરી લઇ એ હંમેશાં સંસ્થા
વડાને નિશ્ચિંત રાખે છે.

આજે ૮૦ વર્ષે પણ દાસકાકા સંસ્થાનું સુકા
એક યુવાનના જુસ્સાથી સંભાળી રહ્યા છે. હજુ
સંસ્થાની પ્રગતિનાં નવાં સોપાન એટલી જ શક્તિ
ચઢી રહ્યા છે. એ નિવૃત્તિ કે આરામનો ખ્યાલ સુદ્ધ
કરતા નથી. જો એમ હોત તો ગાંધીનગરમાં સ
વિદ્યાલય કેળવણી મંડળનું નવું સંસ્થાસંકુલ ઊભુ
કરવાનું એમણે ન વિચાર્યું હોત. એમણે સંસ્થાન
વિકાસનાં જે જે સ્વપ્ન ઘડયાં હોય એ સઘળ
એમની ઇચ્છા મુજબ પાર પાડવા માટે પ્રભુ એમને
શ્રેષ્ઠ પ્રકારનાં તંદુરસ્તી અને દીર્ઘાયુ આપે એવ
પ્રાર્થના છે.



અ. સૌ. ગંગાબેન પુરુષોત્તમદાસ પટેલ

*

## મુખ્ય મંત્રીશ્રી બાબુભાઇ જશભાઇનો શુભેચ્છા સંદેશો

—০—

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલની સેવાઓને સન્માનવા માટે સમારંભ યોજવામાં આવનાર છે એ જાણી આનંદ થયો.

મહાત્માજીના " નવજીવન " અને " યંગ ઇન્ડિયા " પત્રો સરકારે ૧૯૩૦ અને ૧૯૩૨ માં જપ્ત કર્યા ત્યારે એની સાયકલોસ્ટાઇલ નકલો કરી વહેંચવાની પ્રવૃત્તિ એમણે ઉપાડી લીધી હતી અને સત્યાગ્રહ કર્યો હતો. ૧૯૪૨ માં " હિંદ છોડો " આંદોલન દરમિયાન તેમને આઠ માસ અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. તેમણે " રાષ્ટ્રધર્મ " અને " ખેડૂત " અઠવાડિકનું સંપાદન-કાર્ય પણ સંભાળ્યું હતું. મહેસાણા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ અને ધારાસભ્ય તરીકે સેવાઓ બજાવ્યા બાદ તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. વિવિધ ક્ષેત્રોની તેમની અવિરત અને સંનિષ્ઠ સેવાઓને કારણે તેમને ભારે લોકચાહના મેળવી છે.

સન્માન સમારંભ પ્રસંગે મારી શુભેચ્છા પાઠવું છું.

બાબુભાઇ જ. પટેલ
મુખ્ય મંત્રી
ગુજરાત રાજ્ય

૨૯–૩–૭૮

# ખેડૂતોના હમદર્દ અને નિડર વિચક્ષણ રાજપુરુષ

**પ્રભાતકુમાર દેસાઈ**

[ તંત્રી : ધરતી ]

**શ્રી** પુરુષોત્તમદાસ ર. પટેલ એટલે જીવતી જાગતી ખુમારી. સિંહની છાતીવાળા વિચક્ષણ રાજ-પુરુષ તરીકે આખું ય ગુજરાત એમને પિછાને છે. એક પ્રમાણિક, નિષ્ઠાવાન, સ્વતંત્ર મિજાજ ધરાવતી વ્યક્તિ તરીકે 'દાસકાકા' નું એક અનોખું વ્યક્તિત્વ છે.

લોખંડની દિવાલને પણ ભેદીને આગેકૂચ કરી જવાની પ્રચંડ શક્તિ દાસકાકામાં આપણને જોવા મળે છે. અન્યાય અને જોહુકમી સામે પડકાર કરવાનો હોય ત્યારે દાસકાકા મોખરે જ હોય. ગાયકવાડી સત્તા સામે, અંગ્રેજ હકુમત સામે માથું મૂકીને ઝઝૂમવાનું હોય ત્યારે તો દાસકાકાની શક્તિ સાગરનાં વિરાટ મોજાંની જેમ ઉછાળા મારતી હોય. એવા પ્રસંગે એમની વીરવાણી જેમણે સાંભળી હોય તેમને સરદાર સાહેબની યાદ તાજી થયા વગર નહિ રહે.

લોકોના વિવિધ પ્રશ્નો પરત્વે–ખાસ કરીને ખેડૂત આલમના પ્રશ્નો પરત્વે ઊંડી કોઠાસૂઝ અને તલસ્પર્શી અભ્યાસની ઝલક તેમની લોકસભાની, વિધાનસભાની અને ગુજરાત રાજ્યની સિંચાઈ પ્રધાન તરીકેની કામ-ગીરી વખતે આપણે સૌએ જોઈ છે.

વડોદરા રાજ્ય પ્રજામંડળના નિડર આગેવાન તરીકે, મહેસાણા જિલ્લા ખેડૂત મંડળના પ્રમુખ તરીકે, 'ખેડૂત' અને 'રાષ્ટ્રધર્મ' ના બેધડક સાચી વાત નિડરતાપૂર્વક રજૂ કરનાર હિંમતવાન તંત્રી તરીકે, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) દ્વારા ઉત્તર ગુજરાતમાં કેળવણીનો પ્રકાશ પૂર ઝડપે ફેલાવવાનું કાર્ય જીવનભર કરનાર દાસકાકાની સેવાઓથી આપણે સૌ પરિચિત છીએ.

ખેડૂતોની વચ્ચે સદાય ઉમંગભેર ઘૂમતા, ખેડૂત સમાજનાં હિતોની રક્ષા માટે રાતદિવસ મથતા દાસકાકા ખેડૂતોના મોટા હમદર્દ છે. દાસકાકા આવ્યા છે એવું સાંભળતાં જ ગામડામાં ખેડૂતભાઇઓ તેમને પ્રેમપૂર્વક વિંટળાઈ વળે છે એવી તો ખેડૂત સમાજમાં એમની લોકપ્રિયતા છે.

આચરણથી–દાખલો બેસાડવાથી સામાજિક સુધારણા થઇ શકે છે એનું પ્રત્યક્ષ દૃષ્ટાંત દાસકાકાનું જીવન છે.

એંસી વર્ષ વટાવી ચૂકેલા દાસકાકામાં આજે ય જુવાનીની ઉછળતી ખૂમારી એવી ને એવી દેખાય છે. નવી આશાઓ તરફની મીંટ અને વિધાયક દૃષ્ટિના તેજઝગારા તમને દાસકાકામાં દૃષ્ટિગોચર થયા વગર નહિ રહે.

એવા દાસકાકાની મુલાકાત 'ધરતી' ના તંત્રી તરીકે મેં મહેસાણા ખાતે તેમના નિવાસસ્થાને લીધી હતી. આ મુલાકાતના સારભાગ તરીકે દાસકાકાની વિચારધારાની આછી ઝલક પ્રશ્નોત્તરીરૂપે અત્રે રજૂ કરી છે. આશા છે કે નવી પેઢીને તે પ્રેરણાદાયી થઈ પડશે.

ઉનાળાનો બળબળતા બપોરનો સમય હતો.

હું પૂજ્ય દાસકાકાના ઘર તરફ ડગલાં ભરતો જતો હતો અને મનમાં વિચારતો હતો કે દાસકાકા આરામ કરતા હશે. મારા જવાથી તેમને ખલેલ તો નહિ પડે ને ! હું તેમને ઘેર ગયો ત્યારે દાસકાકા ઝીણી નજરે અગત્યના કાગળોનું વાંચન કરતા જાય અને હુક્કો ગડગડાવતા જાય.

મને જોયો કે તરત જ તેમણે પ્રેમપૂર્વક હાથ લંબાવ્યો અને મારી સાથે હાથ મિલાવી ઉષ્માભર્યો આવકાર આપ્યો.

પછી તો અમારી વચ્ચે વાતચીત ચાલી.....

**પ્રભાતકુમાર :** સ્વચ્છ રાજ્ય વહીવટ માટેની લોકોની આકાંક્ષા કેવી રીતે પૂરી કરી શકાય ?

**દાસકાકા :** આઝાદી મળ્યા પછી દેશમાં ધન કમાવાની તકો વધી છે તેમ જ લોકોનું જીવનધોરણ પણ ઊંચું ગયું છે. સુખસગવડનાં નવાં સાધનો ઊભાં થયાં છે. પરિણામે ધનનું મહત્ત્વ વધ્યું છે. તેને કાબુમાં રાખવું જોઇએ.

આ પરિસ્થિતિમાં સરકારી કર્મચારીઓ અને લોકો બંને પક્ષે ગેરલાભ ઉઠાવવાની વૃત્તિ જોર પકડતી ગઇ છે. ચઢ-ઊતરના અમલદારોમાં એકબીજાના દોષો છાવરવાની વૃત્તિ દેખાય છે તેથી લાંચરૂશ્વત અને ગેરરીતિઓ અટકાવવાનું ખૂબ જ મુશ્કેલ બન્યું છે. જો કોઈ અટકાવવાની હિંમત કરે તો તેને ઘણું સહન કરવું પડે છે. છતાં તેની સામે લડત ચાલુ રાખવી જરૂરી છે.

જુઓ, આ ફોટોસ્ટેટ કૉપી, આ એક ડોકયુમેન્ટ છે – જેના આધારે એક અમલદારને મહા મુશીબતે લાંશરૂશ્વત બદલ ગુન્હેગાર ઠરાવેલ. પણ બિચારા સામાન્ય લોકો અમલદારથી ફફડે. એમની હિંમત કેમ ચાલે ? વડોદરા રાજ્યની અમલદારશાહી સામે માથું ઊંચકવામાં મારે ય ઘણું સહન કરવું પડેલું છે એ તો સૌ જાણે છે. પણ વહીવટી ગેરરીતીઓ સામે માથું ઊંચકવાની હિમ્મત દાખવવી જોઇએ. વહીવટને સ્વચ્છ કરવાનો તે જ ઉપાય છે.

હું દઢપણે માનું છું કે સ્વચ્છ રાજ્ય વહીવટ વગર દેશની આબાદી નથી. લોકો પરસેવો પાડીને સરકારની તીજોરી ભરે તેનો પૂરતો બદલો લોકોને મળવો જોઇએ. એક પાઇ પણ ન વેડફાય એવી ચોકસાઇ – ચોકી આપણે રાખતાં શીખવું જોઇએ.

વ્યક્તિગત સ્વાર્થ અનૈતિક માર્ગે સાધવાની કુબુદ્ધિ દેશને ખાડામાં નાંખશે. સ્વચ્છ વહીવટ માટે આને ડામવાની પ્રથમ જરૂર છે.

**પ્રભાતકુમાર :** સામાજિક સુધારણાનું કાર્ય કઈ રીતે આગળ જઈ શકે તે વિશે આપ કંઈ પ્રકાશ પાડશો ?

**દાસકાકા :** કોલેજના પહેલા વર્ષમાં હું હતો ત્યારથી સામાજિક સુધારણાની પરિષદોમાં મેં ભાગ લીધેલો છે. બન્યું છે એવું કે પરિષદના પ્રમુખે અને મંત્રીઓએ સમાજસુધારાના ઠરાવો કરાવ્યા પણ તેનો ભંગ તેમણે જ કરેલો. સામાજિક સુધારણા માત્ર પરિષદો ભરવાથી કે ઠરાવો કરવાથી થતી નથી પણ અમુક વ્યક્તિઓ દાખલા બેસાડે તો તેથી થાય છે. બાળલગ્ન અને બારમાં ગયાં તેની પાછળ અમુક વ્યક્તિઓએ હિંમત બતાવી અને દાખલા બેસાડયા તેથી તે કુરિવાજો ગયા.

આજે તો મહેસાણા જિલ્લાના આપણા ભાઇઓ અમદાવાદમાં વસ્યા છે તેમણે અનેક ખરા-ખોટા રિવાજો દાખલ કર્યા છે અને કુલિનોની જેને માટે આપણે ટીકા કરતા હતા તે જ તેમણે આચરવા માંડ્યું છે. નવા નુકશાન કરતા રિવાજો પડતા અટકાવવા જોઇએ.

સમાજમાં સારું અને ખોટું બંને છે. દરેક વ્યક્તિમાં સારાં અને ખોટાં લક્ષણો હોય છે. સમાજમાં જે સારું હોય તે લેવાથી સમાજ ઊંચો આવશે. ખોટું હોય તેનું પ્રદર્શન કરવાથી લાભ નથી, નુકશાન થશે.

આપણે લખવામાં – બીજાને ઉપદેશ આપવામાં જેટલા શૂરા છીએ તેનાથી દસમા ભાગના એ ઉપદેશ સ્વવર્તનમાં ઉતારીએ તો સમાજ ઉપર અસર થાય.

લાજની પ્રથા, કાંણમોકાણ, ઊંચ–નીચના સામાજિક વાડાઓ એ બધું તો મેં કયારનું ફગાવી દીધું છે.

લગ્ન જેવા ઉમંગના પ્રસંગે લોકો પોતાની સ્થિતિ પ્રમાણે ખર્ચ કરે એ તો ઠીક છે. પરંતુ ખોટી દેખાદેખીથી ખર્ચમાં અતિરેક ન થવો જોઇએ.

જમણવાર રાખ્યો હોય તો પછી સત્કાર સમારંભ રાખવાની શી જરૂર ? આ બેવડી ધાંધલ ખોટી છે.

લગ્નમાં કોઇપણ જાતની શરતો એકબીજા પર લાદવી ન જોઇએ. એથી લગ્નની પવિત્રતા ખંડિત થાય છે. કન્યા પક્ષને માથે બોજો નાંખી દેવાની વરપક્ષની વૃત્તિને હું વખોડું છું.

વરપક્ષ જમનારાનું મોટું ધાડું કન્યાપક્ષને ત્યાં લઇને જાય એ બરાબર નથી. વરપક્ષે લગ્નની ખુશાલીમાં પોતાનાં સગાંસંબંધીઓને પોતાને ત્યાં જમાડવાની પ્રથા પાડવી જોઇએ એમ હું માનું છું.

**પ્રભાતકુમાર :** આપણા ખેડૂતભાઇઓના અગત્યના પ્રશ્નો કયા છે ?

**દાસકાકા :** નવાં સુધારેલાં બી, વિવિધ પ્રકારનાં ખાતરો, પાકના રોગોનું નિદાન અને તેના ઉપાયો, સુધારેલાં ઓજારો, પિયતની સગવડો મળતાં આપણી ખેતીવાડીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સારો એવો સુધારો થયો છે. તે દિશામાં આગળ વધવું.

સિંચાઈની હજુ વધુ સગવડો ઊભી કરવાની ખાસ જરૂર છે. કૂવા, ટયૂબવેલ, નહેરો, જળાશયો દ્વારા આપણી ખેતીવાડીને પૂરતું પાણી સમયસર પહોંચાડી શકાય તો ઉત્પાદન વધારી શકાય.

ગુજરાતના ખેડૂતો પ્રયોગશીલ દૃષ્ટિવાળા અને ઘણા મહેનતુ છે. પરંતુ કપાસના ભાવો ચાલુ સાલે બેસી ગયા અને ખેડૂતો વધુ ઉત્પાદન કરીને હતાશ થયા એવું ન બને તેની કાળજી સરકારે રાખવી જોઇએ. ખેડૂતે પોતે નફા-નુકશાનના આંકડા મૂકવા જોઇએ અને તેમાંથી શીખવું જોઇએ.

ખેડૂતને તેના આખા કુટુંબે બારેમાસ રાતદિવસ મજૂરી કરી હોય તેનો પૂરેપૂરો બદલો મળી રહે તેવા ભાવો મળી રહે તેવી સરકારે ખાત્રી આપવી જોઇએ. તેમ થાય તો જ ખેડૂતનો ઉત્પાદન વધારવાનો ઉત્સાહ વધતો રહે.

હું સારી રીતે જાણું છું કે દેશની ખેતીવાડીને વધુ સમૃદ્ધ બનાવવામાં ગુજરાતના ખેડૂતો પોતાનો ફાળો આપવા હમેશાં તત્પર છે. તે માટે તેણે વધુ જ્ઞાન, વધુ સાધન-સગવડ અને યોગ્ય સ્થાન મેળવવાની જરૂર છે.

**પ્રભાતકુમાર :** નવી પેઢીને આપનો શું સંદેશો છે ?

**દાસકાકા :** કારકુનિયા કેળવણીનો યુગ હવે આથમી ચૂકયો છે. કેળવણીનાં મૂલ્યો હવે બદલાઈ રહ્યાં છે. ટેકનીકલ શિક્ષણ તરફનો ઝોક વધતો જાય છે. આ એક સારું ચિહ્ન છે.

કયારેક બેકારીનું મોજું આવી જાય છે. પણ યુવાનોએ તેથી હિંમત હારવાની જરૂર નથી. એ મોજું તો આપોઆપ ચાલ્યું જશે.

આપણા વિશાળ દેશની જરૂરિયાતો ઘણી છે. સંપૂર્ણ સ્વાવલંબી બનવા માટે નવા નવા ઉદ્યોગ-ધંધા ઊભા કરવા જ પડશે. એટલે નવી પેઢી માટે હજુ ઉદ્યોગ-ધંધાની તકો રહેલી છે એ વિશે મને કોઇ શંકા નથી.

દેશની સમૃદ્ધિમાં સૌની-યુવાનોની પણ સમૃદ્ધિ સમાયેલી છે. આ દેશ મારો છે અને હું તેને સમૃદ્ધ બનાવીશ આવી યુવાનોમાં ભાવના જગાડી દેશમાં વિકાસની નવી ભરતી લાવી શકાશે.

આપણે હક્ક માટે જેટલો આગ્રહ રાખીએ છીએ તેટલો જ આગ્રહ આપણી ફરજો વિશે રાખવો જોઇએ. કામચોરીનો રોગ યુવાનોમાં ન પેસે તેની કાળજી યુવાનોએ રાખવાની છે.

રાજકીય આઝાદી પછી આર્થિક આબાદીનું કામ નવી પેઢીને શીરે આવ્યું છે. નવી વૈજ્ઞાનિક દૃષ્ટિ અને દેશ પ્રત્યેની ભક્તિ વડે આ નવી જવાબદારીને યુવાનો હોંશપૂર્વક ઉઠાવી લેશે એવી હું આશા રાખું છું.

વંદન કરી પૂ. દાસકાકાથી હું છૂટો પડયો પણ એમની વિચારધારાના પડઘા કયાંય સુધી મારા હૃદયમાં પડયા જ કર્યા. ■

# શ્રી દાસકાકા મારી નજરે

ઈશ્વરભાઇ જી. પટેલ
આચાર્ય
આઇ. એમ. જે. સર્વ વિદ્યાલય–બલો

જીવનના નાના મોટા પ્રસંગોએ નિષ્ફળતાઓ વરમાળ લઇ વરવા આવે ત્યારે કેટલાક માણસો એવા હોય છે જેમની ડોક હાથમાં આવતી નથી –કહો કે તેઓ આવવા દેતા નથી, પરિણામે તેમનો જીવનપથ નાનીમોટી સફળતાઓની શ્રેણીવાળો બને છે. શ્રી દાસકાકા આમાંના એક છે. કોઇ પણ પરિસ્થિતિને સફળતામાં લાવી મૂકવાનું ચાતુર્ય, વ્યૂહ અને કાર્યનિષ્ઠા તેમની તીક્ષ્ણ અને ગતિમાન દૃષ્ટિ તથા હોઠ પરના અવારનવારના મરકાટમાં વ્યક્ત થયા કરતાં હોય છે. આ મરકાટ અને દીપ્તદૃષ્ટિનું સાયુજ્ય અને કેટલીક વખત તેમાં ભળી જતો તેમની ગતિનો વિશિષ્ટ લય તેમને અન્યથી સ્પષ્ટ જુદા આંકી આપે છે અને જીવનમાં આ તેમનું જુદાપણું–પોતાપણું જાળવી રાખવા અને અન્ય પર પોતાના વિચારોનું સંચલન કરવાનું તેમનું નિશાન એ તેમના વ્યક્તિત્વનું એક મોટું પાસુ છે. કેટલાક માણસો બીજાના દૃષ્ટિબિંદુને સમજી તેને ન્યાય આપવાનો પ્રયત્ન તટસ્થભાવે કરવાના ગૌરવવાળા હોય છે તો દાસકાકા બીજાના દૃષ્ટિબિંદુને એટલી ઝડપથી સમજી લે છે કે કેટલાકને ન સમજ્યાનું લાગે પરંતુ તેઓ ન્યાય તો પોતાના વિચારોને જ આપવાના. હા વકીલ તરીકે તેમણે ઘણાને ન્યાય અપાવ્યા હશે.

બીજા ઘણા કરતાં દાસકાકા એ રીતે જુદા પડે છે કે તેમના ચહેરા પર સમયના ચાસ અને ચિંતાઓ ઘર કરી શકતી નથી. એક સ્ફૂર્તિમં
યુવાનના જેવા તેમના ચહેરા અને લાંબી ઉંમર
એ પર કૂંડળી મૂકતાં ગમે તે શીખાઉ જ્યોતિષી પ
કહી શકે કે બીજાઓ ગીતા વાંચતા અને પાઠ કરત
હશે પરંતુ આ માણસ ગીતા વાંચી હોય કે ન વાંચ
હોય પરંતુ તેના હાર્દની ઘણી વસ્તુઓની રીતે જી
છે. કામ કરવું, ઘણી વખત રેતીમાં નાવ ઝંપલાવ
પરંતુ ચિંતામાં અડધા ન થવું. પ્રજામંડળ, સત્યાગ્ર
વલ્લભભાઇ, ધારાસભા, પાર્લામેન્ટ, વિધાનસભ
પિલાજીરાવ સુબા, ફોજદારી કેસ, વકીલાત, ગૃહજીવ
કડીની સંસ્થાઓ એ બધી ઘટનાઓ, વ્યક્તિઓ
અને ભૂમિકામાંથી પસાર થનાર માણસના મગજ
સમયના આટલા લાંબા ચરખાએ પણ નીચોવી દી
નથી એ છે તેમની જીવન સાધના. કેટલીક વખ
તેઓ હુક્કાની ઝડપી ફૂંકો એટલા માટે મારે છે
કોઇ રડી ખડી ચિંતા પણ ઊડી જાય.

તમે દાસકાકાના હાથના અંગૂઠા જોયા છે
બેઠા હોય અને ટેબલ પર હાથ હોય તો પણ તેમ
અંગૂઠા હંમેશાં તેમની છાતી તરફ મંડાયેલા રહેવાન
જાણે તેમનું ગૌરવ–મહત્તા પ્રતિફલિત કરતા ન હોય
એ રીતના અંગૂઠા જોયા પછી મને ઘણી વખ
થયેલું કે સફળતાનો મુખ્ય આધાર આ રીત
અંગૂઠા હોવા તેમાં તો નથી ? જો વીતવી હોય
ભલે વીતે પરંતુ છાતી સાચવવામાં-રાખવામાં કાઢવા

## શ્રી દાસકાકા જુદાજુદા પ્રસંગે......



શિક્ષણ મંત્રીશ્રી ચોખાવાલા સાથે
પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરના
ઉદ્ઘાટન પ્રસંગે
૧૧-૪-૬૭



મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઇ સાથે
ટેકનીકલ હાઇસ્કૂલના મકાનોના
ખાતમુહૂર્ત વખતે



છગનભાની પ્રતિમા પાસે શિક્ષણમંત્રી
શ્રી ચોખાવાલા સાથે
સાયન્સ કોલેજ હોસ્ટેલના
ખાતમુહૂર્ત વખતે

શ્રી દાસકાકા જુદાજુદા પ્રસંગે......



સુવર્ણ જયંતી અને પરિવાર
સંમેલનમાં પ્રવચન કરતા
૨-૩ મે ૧૯૬૦

❀



સ્વીચ એઈડ એબ્રોડના
શ્રી હંટરની મુલાકાત વખતે
સંસ્થાના કાર્યકરો સાથે

❀



શિક્ષણ મંત્રીશ્રી નવલભાઈ શાહ સાથે
ટેકનીકલ વર્કશોપમાં

૨૮-૨-૭૬

❀

...ા અને પરિવાર
પ્રવચન કરતા
... ૧૯૬૦



...ઈ શાહ સાથે
...પમાં

તેમના જેવા માણસો ઘણા ઓછા જડશે. બીજાઓ કરતાં તેમનો બરડો પણ ઘણો વધારે બોજ સહન કરે તે રીતનો છે.

સરદાર પટેલ જેમની કાર્યશક્તિ પર વિશ્વાસ મૂકે તે માણસ પોતાના વિચારોને આકાર આપીને જ જંપે તેવો હોય અને તેની પ્રતીતિ તેમના પરિચયમાં આવનાર દરેકને થઇ હશે. તેમના વ્યક્તિત્વનું બળ માત્ર ધન સાથે જ નથી જોડાયેલું તેમાં જ તેમની મહત્તા અને ગૌરવ છે. બીજા રાજકારણી સ્વકેન્દ્રિત માણસો અર્થશુદ્ધિવાળા ન હોવાથી જે કીચડમાં પડે છે તેમાંથી દાસકાકા ઉગરી ગયા અને સૌના માન અને અહોભાવને પાત્ર બન્યા તેની પાછળ તેમની અર્થશુદ્ધિ છે એમ મને લાગે છે. અને આજના રાજકારણમાં આવા માણસો શોધ્યા પણ કયાં જડશે ? આ વસ્તુ કડીનું અને પાટીદાર કૂળનું ગૌરવ છે.

અમે જ્યારે કોલેજમાં પ્રવેશતા હતા ત્યારે તેમના ખેડૂત મંડળ અને તેની પ્રવૃત્તિઓની વાતો તેમનાથી પ્રભાવિત થયેલા અમારા સિદ્ધપુર તાલુકાના ગામડાના માણસો પણ કરતા તેની મને યાદ છે. તે સમયે પુરુષોત્તમદાસની વાતો અમારા ગામના સ્વ. અંબારામ મુખીને મોંઢે સાંભળેલી તે દાસકાકાનો પરિચય સર્વ વિદ્યાલયની મિટિંગોમાં થયો પૂજ્ય રામચન્દ્ર અમીન સાહેબે છગનભા પછી કડીની જે સંસ્થાનું સૂકાન સંભાળ્યું અને વિકસિત કરી તેના સૂકાનનો ભાર શ્રી દાસકાકા પાસે આવતાં તેમણે રાજ્ય અને સરકારમાંથી બને તેટલું વધુ લાવી વધુ વિકાસ કરવા ખૂબ પ્રયત્નો કર્યા, જેની શાખ આજે તેનાં વિવિધ મકાનો અને સાધનો પૂરે છે. કડીની સાયન્સ કોલેજ એ એક વધુ પડતું સાહસ છે અને તે પણ દાસકાકા હોય ત્યાં જ સંભવી શકે, જો કે આજે શ્રી અમીન સાહેબની ટકોરનું મૂલ્ય સમજાય છે.

શ્રી દાસકાકાની ઉત્તરાવસ્થાનું સૌથી વિશિષ્ટ અને મોટું કાર્ય હોય તો તે છે ગાંધીનગરમાં કડી મંડળની વિદ્યાકીય પ્રવૃત્તિઓ માટે તેમણે પ્રાપ્ત કરેલી જમીન. મારે મન ભાવિમાં લાંબી નજર કરી તેમણે કરેલું આ એક એવું કાર્ય છે જેનું મૂલ્ય વર્ષો પછી આવનાર પેઢી જોશે. તેમના આ કાર્ય અને વિકાસમાં અનેક અંતરાયો, મુશ્કેલીઓ અને તેથી ગતિ વિલંબના અમે સાક્ષી છીએ છતાં તે કાર્ય થઇને રહેવાનું છે અને સમુજ્જવલ હશે તેનું ભાવિ.

સર્વ વિદ્યાલયની ઘણી મિટિંગોમાં દાસકાકા શિક્ષકોના બહોળા વાચન, સતત સ્વાધ્યાય પર ખૂબ ભાર મૂકતા આવ્યા છે અને તે એક જાગરૂક સંચાલકનું લક્ષણ છે. આ અંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આચાર્યો તરીકે અમારે શિક્ષકગણપક્ષે કરવાની થતી સ્પષ્ટતાઓ તેમને કેટલી સંતોષી શકી હશે એ પ્રશ્ન છે. અંગ્રેજી કોશમાં દૈનિક વપરાશમાં અમૂક કોશ તેમને માટે સારો છે તેની ચર્ચા સ. વિ. કે. મંડળની ઓફીસ આગળ એક વખત સ્વ. છગનભાઇ અને દાસકાકા વચ્ચે થયેલી તે સાંભળ્યાનું સ્મરણ છે અને તે પણ વિગતો અને ઊંડાણ સાથે. આમ જીવનમાં સ્વાધ્યાયનું મૂલ્ય–પુસ્તકનું મૂલ્ય સમજનાર માણસમાં સાચી મહાનતા હોય છે તેની પ્રતીતિ થયેલી.

દાસકાકા એટલે ભલભલાને રોકડું પરખાવી દેનાર માણસ એ પીલાજીરાવ સુબાનો પ્રસંગ ઘણાને સુવિદિત હશે પરંતુ બીજા એક નાનાશા પ્રસંગનો હું પણ સાક્ષી બનેલો. ઉનાળાના વેકેશનનો સમય, સ. વિ. કે. મંડળની મિટિંગ થવાની હતી, બપોરે જમવાના સમય પહેલાં સૌ સૌની અનુકૂળતા પ્રમાણે આવાપાછા ફરતા હતા. હું દાસકાકાની રૂમ તરફ જઇ ચઢયો ત્યાં રૂઆબદાર કપડાં કરતાંય વધુ રુઆબદાર અદામાં એક સજ્જન પોતાના મૂડ અને ધૂનમાં બેઠેલા, બાજુમાં બીજા પણ, જાણવા મળ્યું કે તે ભાઈ કોલેજ અધ્યાપક સંઘના અગ્રણી શ્રી શાસ્ત્રી હતા. પ્રશ્ન હતો. સ. વિ. કે. મંડળની કોલેજમાંથી સકારણ છૂટા કરવા પડેલા એક બે પ્રાધ્યાપકોનો. પ્રાધ્યાપકોને પાછા લેવાનો આગ્રહ અને દલીલો શાસ્ત્રી કરતા ગયા. દાસકાકા વિગતો આપી નકારતા ગયા. છેવટે શાસ્ત્રીનો ટોન અને

પિત્તો ઊંચો ગયો, તરત જ સવાયા પિત્તાથી દાસકાકાએ કહ્યું – ઊઠો, ઊઠો અહીંથી, આવ્યા છે મોટા જોહૂકમીવાળા. લેવા ન લેવા એ અમારે નક્કી કરવાનું છે. તમે અમને આ રીતે કહેનાર કોણ ? – આવી મતલબના દાસકાકાના શબ્દોથી પેલા રિસાઇને ચાલવા લાગ્યા. થોડી વારે કાકાએ કહ્યું –બપોરનો સમય થયો છે, પટેલના દીકરાને ત્યાંથી જમ્યા સિવાય ન જવાય. એ તો બોલવામાં અમે એવા રહેવાના.

પાછલાં વર્ષોમાં ગુજરાતનાં શહેરોમાં નાટકની અને એની કંપનીઓની બોલબાલા હતી એ વખતના એક ઉત્તમ અભિનયકારે ( સ્ત્રી પાત્ર લેનાર ) પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાની અને નાટક મંડળીના ઇતિહાસની એક ચોપડી છપાવેલી. તે ભાઇને આર્થિક સંકડામણ પણ હશે. તેને મદદરૂપ થવા દાસકાકાએ આ પુસ્તકની પ્રતો સ. વિ. કે. મંડળની સ્કૂલોમાં ખરીદવા અમને વારંવાર યાદ કરેલી કારણ આ પ્રકારનું સાહિત્ય પુસ્તકાલયમાં પણ જરૂરી ગણાય. આવું નાનું કામ પણ ( જે તેના લેખકને માટે મોટું ) પૂરું કરીને તેઓ છોડતા તે તેમની કાળજી અને પરહિતવૃત્તિનું સૂચક છે.

દાસકાકાનું મૂલ્ય કડી વિસ્તાર અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને ખબર છે. તેઓ તેમને હૃદયની ખૂબ નજીક છે. દાસકાકાના ચૂંટણીઓમાંના વિજયો એ પણ માત્ર જાદુ નથી પરંતુ ખેડૂત અને મજૂર વર્ગના માણસોના અંતરંગ સુધી પહોંચવાના તેમના પ્રયત્નોનું ફળ છે.

શ્રી દાસકાકા સ. વિ. કે. મંડળની તથા ક. પા. મંડળની ઘણી હાઇસ્કૂલો અને સંસ્થાનું સંચાલન કરે છે. સ. વિ. કે. મંડળની હાઈસ્કૂલોના આચાર્યો તરફનાં તેમનાં માન અને વિશ્વાસ એક ઉત્તમ સંચાલકને છાજે તેવાં છે અને તેથી જ તે સંસ્થાઓનો આવો એકધારો વિકાસ સંભવી શક્યો છે. કહેવાનું હોય તે સમય આવે કહેવા ટોકવાનું અને માર્ગદર્શન આપવાનું તેઓ ચૂક્યા નહીં હોય, પરંતુ કેટલાક સંચાલકોમાં વારંવાર દેખા દેતાં અહમ્, તોછડાઈ અને અવિશ્વાસ તેમણે કદી દાખવ્યા નથી. ઉલટું, આચાર્યોની કદર કરી પ્રોત્સાહિત કર્યા છે. આમ દાસકાકામાં વસતો એક વિશિષ્ટ સંચાલક, ગૌરવવંતો સાહસિક રાજકારણી અને સ્વનું કેન્દ્ર સાચવતો પરહિતતત્પર પુરુષ તેમની આ ઉંમરે પણ વિકાસક્રમ જાળવી રાખો એ શુભેચ્છા. अस्तु

# કેળવણી ક્ષેત્રે દાસકાકા


## નરોત્તમભાઈ પટેલ

આચાર્ય

સાયન્સ કોલેજ – કડી


**મુ. દાસકાકાનું** વિરલ વ્યક્તિત્વ મુખ્ય ત્રણ પાસામાં ઉપસ્યું છે; રાજકીય, સામાજિક અને શૈક્ષણિક. અહીં આપણે એમના શૈક્ષણિક ક્ષેત્રે પ્રગટેલ વ્યક્તિત્વ વિષે વિચારીશું

લગભગ ૧૯૬૨ થી સર્વ વિદ્યાલય કેમ્પસની પ્રવૃત્તિઓનો જે ઝડપી વિકાસ થયો તે મહદ્અંશે દાસકાકાને આભારી છે. એમણે પોતાના વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી તે સાથે જ લગભગ અને તેને અનુસંગી સંસ્થાઓની સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રવૃત્તિઓમાં ખૂબ સક્રિય બન્યા. પૂજ્ય સ્વ. છગનભાનો જીવનમંત્ર એના સાચા અર્થમાં દાસકાકાનો જીવનમંત્ર બની રહ્યો.

કડીમાં હોય ત્યારે તો એ વહેલી સવારથી મોડી રાત સુધી કેમ્પસની બધી સંસ્થાની કામગીરીઓમાં ઓતપ્રોત હોય તે સમજી શકાય; પરંતુ મહેસાણા એમના ઘેર બેઠાંબેઠાં પણ હર પળે આપણી બધી સંસ્થાઓના આયોજન અને વિકાસના વિચારોથી ઘેરાએલા હોય છે. એમના વારંવાર આવતા પત્રો, સંદેશાઓ અને ત્વરિત મુલાકાતો ઉપરથી જોવા મળ્યું છે કે ઘેર બેઠાં એ જે કંઈ વાંચે છે કે વિચારે છે એ બધું કેમ્પસની સંસ્થાઓ માટે જ – પછી એ સાયન્સ કોલેજ હોય, સર્વ વિદ્યાલય હોય, ટેકનિકલ હાઇસ્કૂલ હોય કે પછી ગોશાળા હોય. પરિણામે નિયમિત રીતે એમનાં સક્રિય સૂચનો સંસ્થાઓના વડાઓને મળતાં જ રહે છે.

કેમ્પસની કોઇપણ સંસ્થાની શિક્ષણેતર પ્રવૃત્તિમાં એમની હાજરી હોય જ. કોલેજ કે હાઇસ્કૂલોનો વાર્ષિકોત્સવ હોય, વિજ્ઞાનમેળો હોય, કોઇ તપાસ સમિતિ આવવાની હોય કે કોઈ મહેમાન આવવાના હોય એમની હાજરી અવશ્ય રહેવાની. કોઇ પણ સંસ્થામાં કોઇ નિમણૂક કરવાની હોય ત્યારે સંસ્થા-શિક્ષણના હીતમાં કામ કરે એવી વ્યક્તિની પસંદગી થાય તે માટે એ ખૂબ કષ્ટ ઉઠાવે. સંસ્થાની ગોશાળાએ આશ્રમના વિદ્યાર્થીઓની પિકનિકમાં પણ લગભગ કોઇને કોઇ મહેમાન સાથે ઉપસ્થિત હોય જ. શાળા કોલેજનાં પરિણામો જાણવાની પણ એટલી તીવ્ર ઉત્કંઠા કે પરિણામોની સૌ પ્રથમ વિગત એમને મોકલવાની બધી સંસ્થાઓના વડા કાળજી રાખે. કેમ્પસમાં હરતાફરતા હોય ત્યારે બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રેમપૂર્વક મળે અને પ્રવૃત્તિઓના ખબર અંતર પૂછે. વિદ્યાર્થીઓ ખૂબ અભ્યાસ કરે અને શિક્ષકો વધુને વધુ પ્રવૃત્તિમય રહે તેવી લાગણી વાતચીતમાં હંમેશાં વ્યક્ત કરે.

આજે હાયર સેકન્ડરીના ૧૧ અને ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી વિષય તરીકે મુખ્યત્વે કેમીકલ ટેકનોલોજી શીખવાય છે. તેમાં લખવાની શાહી, સાબુ, મીણબત્તી ચોક વગેરે બનાવવાનું છે. દાસકાકાએ ઘણાં વર્ષો પહેલાં આ પ્રકારની તાલીમ વિદ્યાર્થીઓને મળે તે અંગે આયોજન કર્યું હતું. આજથી સાત વર્ષ પહેલાં સાયન્સ કોલેજના અધ્યાપકને આ ઉદ્યોગોની તાલીમ માટે વડોદરા મોકલ્યા હતા. દાસકાકાના શિક્ષણકાર તરીકેના વ્યક્તિત્વની આ એક ઝલક છે. આજે ટેકનીકલ હાઇસ્કૂલના ઇલેકટ્રિશિયન, વાયરમેન કે ફાર્મ મિકેનિકના અભ્યાસક્રમો એમની શિક્ષણ અંગેની સૂઝને આભારી છે.

એમનો સાયન્સ, મેથેમેટિક્સ અને અંગ્રેજી વિષેનો આગ્રહ પણ અદ્‌ભૂત છે. સાયન્સ અને મેથેમેટિક્સ વિષયો તરફના એમના પક્ષપાતને કારણે આજે મંડળની સાયન્સ કોલેજની ૧૯૬૫ માં સ્થાપના થઈ છે. ઝડપી આર્થિક પ્રગતિ માટે ભારતે ટેકનોલોજી ક્ષેત્રે ખૂબ વિકાસ કરવો જોઈએ એવા એમના વિચારોના પરિપાક રૂપે કેળવણી મંડળની ટેકનિકલ હાઈસ્કૂલ અસ્તિત્વમાં આવી છે. આજે નામના ખાતર કે દ્રવ્યોપાર્જન ખાતર આર્ટ્સ અને કોમર્સ કોલેજ શરૂ કરવા માટે ઘણાં મંડળો કે પ્રોપ્રાઈટર્સ આગળ આવ્યા છે. પણ સાયન્સ કોલેજ કે ટેકનિકલ હાઇસ્કૂલ શરૂ કરનાર મંડળો ગુજરાતમાં જૂજ છે. એમાં આપણું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એક છે. આ બંને સંસ્થાઓના સર્જનનો યશ દાસકાકાને જાય છે.

ગુજરાતનો વિદ્યાર્થી ભારતના અન્ય પ્રાંતોના વિદ્યાર્થીઓથી પાછળ ન રહી જાય તેની સતત ચિંતા એમને રહ્યા કરી છે. ગુજરાતનો વિદ્યાર્થી આઈ. એ. એસ. કેમ ન થઇ શકે ? ગુજરાતનો વિદ્યાર્થી ફક્ત અંગ્રેજીમાં નબળો રહેવાને કારણે જ આવા પદની નોકરીઓથી વંચિત રહી જાય છે. અને તેથી ગુજરાતના વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમ દ્વારા પણ શકય હોય ત્યાં શિક્ષણ આપવું જોઇએ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે 'શેઠ ચંદુલાલ માધવલાલ હાયર સેકન્ડરી સ્કૂલ' શરુ થનાર છે. તેમાં અંગ્રેજી માધ્યમ દ્વારા પણ શિક્ષણની વ્યવસ્થા કરવાની છે. આ નિર્ણય પણ દાસકાકાના ઉપરોકત વિચારોના સમર્થન રૂપે જ છે. ગાંધીનગર સુધી આપણા મંડળની વિદ્યાકીય પ્રવૃત્તિઓનું થઈ રહેલું વિસ્તરણ પણ દાસ કાકાની દૂરંદેશી યોજના છે. એઓ કહે છે કે આપણે પણ આપણી રીતે પાટનગરના વિકાસ અને ઘડતરમાં ફાળો આપવો જોઇએ.

આ ઉંમરે પણ તેઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ખૂબ જ સક્રિય છે. જ્યારે જ્યારે રાજ્યને શિક્ષણ અંગે કોઈ નવું આયોજન કરવાનું હોય કે તેના ચાલુ માળખામાં કોઇ વહીવટી ફેરફાર કરવાનો હોય અને પરિણામે કોઇ ધારાકીય જોગવાઇઓ વિચારવાની હોય ત્યારે દાસકાકાએ પોતાના શિક્ષણક્ષેત્રના લાંબા અનુભવ અને સૂઝના નીચોડ રૂપે સ્પષ્ટ વિચારોની રાજ્યમાં સફળતા પૂર્વક રજૂઆતો કરી છે. જરુરિયાત પ્રમાણે લેખિત કે રુબરુ રજુઆત જ્યારે ત્યારે શૈક્ષણિક સત્તા મંડળો સમક્ષ કરવા માટે તેઓ હંમેશાં આગળ આવ્યા છે.

દાસકાકાનો પુસ્તકપ્રેમ પણ ગજબનો છે. આ ઉમરે તેઓની ચાલતી આવતી અનેક વિધ પ્રવૃત્તિઓની વચ્ચે પણ નવાં પ્રગટ થતાં પુસ્તકોનું એમનું વાચન ચાલતું જ હોય છે. જ્યારે કડીની સંસ્થાઓની મુલાકાત લે ત્યારે બધાને મળે તે વખતે એમણે જે નવું વાંચન કર્યું હોય તેનો અને તેના સંદર્ભમાં એમની ટીકા અને રસદર્શનનો લાભ મળતો હોય છે. કેમ્પસની સંસ્થાઓમાં વસાવવા લાયક નવતર પ્રકાશનો અંગે પણ તેઓ સારાં સૂચનો કરતા રહે છે. કેમ્પસની સંસ્થાઓની લાયબ્રેરીઓ માતબર અને વૈવિધ્ય સભર બને તેવો તેમનો હંમેશાં ખ્યાલ રહ્યો છે. કેમ્પસ ખાતે એક સ્વતંત્ર વિશાળ લાયબ્રેરી ઉભી કરવાની યોજના આજે પણ એમના મનમાં ઘુમરાય છે.

આ ઉપરાંત તેઓ સંસ્થાની ગૌશાળાની ખેતીવાડી અને તેને સંલગ્ન પશુપાલન વિષયમાં પણ ખૂબ ઉંડો રસ લે છે. ગૌશાળા અને તેને લગતી ખેતીમાં સુધારણા તરફ હંમેશ તેઓ લક્ષ આપતા આવ્યા છે.

આમ શિક્ષણ અંગેના એમના વિચારોનો કોઈ જડ ઢાંચો નથી. માણસના ઘડતર માટે કોઇ દોઢડહાપણભરી કે રૂઢ પ્રણાલી પણ એમણે જરુરી નથી ગણી. જડ આંખોમાં સ્થપાયેલી આસ્થા ઉપર ચાલનારા પણ દાસકાકા નથી. એમની પ્રવૃત્તિઓનું ખેડાણ ધનના ઢગલા તરફ પણ થયું નથી એમણે આ માટે નમણા હાસ્ય વચ્ચે આકર્ષતી સત્તાને પણ ઝંખી નથી. એમને તો હવે એમની આ સંસ્થાઓ દ્વારા માનવીના ઘડતરની પ્રક્રિયામાં જ રસ રહ્યો છે.

■

# પરમપુરુષ પુરુષોત્તમ

ડૉ. પ્રહ્લાદ વિ. કસ્વેકર
પ્રાધ્યાપક
સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા
તા. સિદ્ધપુર

**આ** વિશ્વમાં જેને નૂતન કહી શકાય તેવું કંઈ નથી. કાળચક્રમાં પુરાણી ચીજો અને જીવો ફરીફરી નવા સ્વાંગમાં નજરે પડે છે. પરમ તત્ત્વની બાબતમાં પણ આ આટલું જ સાચું છે. તે તત્ત્વની ઉપાસના પણ જુદા જુદા યુગોમાં નવી રીતે થતી આવી છે. સોક્રેટીસના જમાનામાં જ્ઞાન પર ભાર મૂકાયો. ઇસુખ્રિસ્તે દયાને પ્રગટાવી. બુદ્ધે અને મહાવીર સ્વામીએ અહિંસાને પ્રાધાન્ય આપ્યું. વિશ્વનો ઉદ્ધાર સતત ચાલ્યા કરે છે. આપણા જીવનકાળમાં ગાંધીજીએ સત્યને પરમ તત્ત્વ માની તેનો સાક્ષાત્કાર કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો.

દરેક મહાપુરુષના વિચારના મહાન તરંગો ફેલાય છે; અને એની પકડમાં કેટલીક વ્યક્તિઓ આવે છે; અને યુગપુરુષના કાર્યમાં સહકાર આપે છે.

સન ૧૯૨૦ થી ૧૯૩૨ નો સમય ભારત માટે ગાંધીજીની વિશાળ ક્ષેત્રમાં વ્યાપેલી પ્રભાનો હતો. દેશી રાજ્યોના પ્રદેશો પણ આનાથી વંચિત ન હતા.

આમ તો વડોદરા રાજ્ય પ્રગતિશીલ રાજ્ય ગણાતું; પણ અમલદારશાહી ખૂંચે તેવી હતી. સત્યના ઉપાસકને આપખુદી ખપતી નથી. જનતા જનાર્દનને સાધન બનતી તે સહન કરી શકતો નથી. વડોદરા રાજ્યના પ્રજામંડળના નર-કેસરી તરીકે શ્રી દાસકાકા મોખરે આવ્યા.

કડીની સર્વ વિદ્યાલય સંસ્થામાંથી પણ ઇતિહાસના શિક્ષક તરીકે તેઓશ્રી કામ કરતા અને તેમને તેમની સાફ-સાફ વાતો માટે છૂટા કરેલા; કોઈ સુબાની સામે બદનક્ષીનો કેસ લડેલા; આવી વાતો અમે છાત્રાલયમાં રહેતા ત્યારે સાંભળતા. આમ કડીની તપોભૂમિ વિદ્યાધામમાં વિદ્યાર્થીઓના હૃદયમાં મોહક પ્રતિભાધારી બની બેઠેલા. જ્યારે સંસ્થામાં પધારતા ત્યારે પૂજ્ય પોપટભાઇ, આચાર્ય બાપુભાઇ વગેરે પણ ખુશી અનુભવતા.

સરદાર વલ્લભભાઇને જર્મનીના પ્રિન્સ બિસ્માર્ક સાથે સરખાવી વિવેચકો તેમનું બહુમાન કરે છે; પણ સરદારશ્રીની શક્તિ અને પ્રભાવ અનુપમ હતાં. શ્રી દાસકાકા સરદાર વલ્લભભાઇને અનુસરતા. અમારે મન મહેસાણા જિલ્લાના શ્રી દાસકાકા સરદાર હતા.

કડીમાં વકીલ તરીકે જીવન વિતાવતાં શ્રી દાસ કાકાએ ભદ્ર વર્ગના આધિપત્ય નીચે કચડાતી જનતાને તેમનાથી અભયદાન અપાવ્યું. ખેડૂત વર્ગમાં જાગૃતિ આવી. તેમની કામ કરવાની ખૂબી તો એ હતી કે જે ભદ્રવર્ગની ચુંગાલમાંથી જનતાને છોડાવવાની હતી તે ભદ્રવર્ગના લોકો સાથે તે મૈત્રી ધર્મ સાચવતા, પરિણામે તેમની કડી તાલુકાની તેમ જ મહેસાણા જિલ્લાની નેતાગીરી જામતી ગઈ.

૧૯૩૨ થી ૧૯૩૯ ના ગાળામાં ઉદ્દામ છાત્ર તરીકે જે જીવન જીવેલો ત્યારની અસરોમાંથી ઉપરનું શબ્દ ચિત્ર આલેખાયું છે.

પૂજ્ય બાપુભાઇ ૧૯૪૩માં સ્વર્ગસ્થ થયા, ત્યારબાદ સંસ્થામાં તેમની ભારે ખોટ પડી. પૂજ્ય પોપટભાઇએ સુકાન સંભાળ્યું; પણ તેમને તદ્દન નવી દિશા પકડી અને ફરી સુકાનીની જરૂર પડી. શ્રી નાથાભાઇ દેસાઇ આચાર્યપદે નિયુક્ત થયા. સત્તર વર્ષ સુધી તેમણે આચાર્યપદ સંભાળ્યું. ૧૯૪૩ થી ૧૯૫૪ના ગાળામાં હું પણ શિક્ષક તરીકે કામ કરતો હતો. સ્વ. અમીન સાહેબ સંસ્થાના કર્ણધાર તરીકે કામ કરતા. શ્રી દાસકાકા કહેતા કે અમીન સાહેબને મેં ગુરુપદે સ્થાપ્યા છે. રાજકારણમાં અને સંસ્થામાં તે પ્રમાણે વર્તતા. પૂજ્ય અમીન સાહેબના નિર્ણયો કે કાર્યોમાં તેઓનો કદી હસ્તક્ષેપ રહેતો નહિ. જરૂર ન પડે ત્યાં સુધી ક્ષીરસાગરમાં અનન્ત શૈય્યા પર શ્રી વિષ્ણુ ભગવાન પોઢે તેમ પોઢતા; પણ જરૂર પડે અર્જુનની માફક ધનુષ્યટંકાર કરી રણક્ષેત્રમાં ઝંપલાવી વિજય પ્રાપ્ત કરતા.

એક વાર કડીની સંસ્થામાં સહેજ મળવા ગયો; અને ચોવીસ કલાક તેમની સાથે કિશોરકુંજના તેમના મંત્રી કાર્યાલયમાં રહેવાનું થયું. મને તે કહેવા લાગ્યા. જો ઊઠતાં જ ચાહ પીઉં છું, ગીતાપાઠ કે એવું બીજું કંઇ કરતો નથી. એક પછી એક કાર્યમાં સમય આમ વીતે છે. બોલ આ પ્રવૃત્તિમાં તને શું દેખાય છે ?" મેં કહ્યું, "તમારી શકિતનાં દર્શન વિશાળ ફલકના અભાવે સૌ કોઇને થઈ શકયાં નથી. આર્કિમિડિઝ કહેતો કે મને ઊભા રહેવા બીજી પૃથ્વી મળે તો આ પૃથ્વીને દડાની માફક ઉછાળું. આપનું પણ તેવું જ છે."

ત્યારબાદ તેઓ ગણ્યા ગાંઠયા દિવસો માટે ગાંધીનગરમાં મંત્રી તરીકે પણ જઇ આવ્યા. આ બધું મારી દૃષ્ટિએ તેમના વ્યક્તિત્વની ગણનામાં આવતું નથી. હું તેમનાથી જે બાબતથી મુગ્ધ છું તે તો આ છે :

શોક, હર્ષ ભય, ક્રોધ, મોહ, સ્પૃહાને તેમણે સ્પર્શ થવા દીધો નથી. તેમની શારીરિક અસ્વસ્થાતામાં પણ મેં તેમને બેચેન જોયા નથી.

કામની પાછળ તે પડયા નથી. સહજ ધર્મે જે કાર્ય સામે આવીને પડે તેને ન્યાય આપવાનું જ તેમણે પસંદ કર્યું છે.

આજે મારા સત્તાવનમા વર્ષમાં મારે પણ વિનંતી આવતાં સહજભાવે લખાઈ રહ્યું છે. પ્રારંભમાં જે વિચાર મૂકયો છે તેને જોડી લઈ જણાવું છું કે કડીની સંસ્થામાં પૂજ્ય અમીન સાહેબ અને શ્રી દાસકાકાનું મિલન બ્રહ્મા અને વિષ્ણુનું છે. વિષ્ણુની સહનશીલતા અને વ્યાપકતા શ્રી દાસકાકામાં મૂર્તિમાન બની છે. આપણા પ્રદેશમાં તેમનો પ્રાદુર્ભાવ એ પરમાત્માની અનરાધાર દયા છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

# આદ્યસ્થાપકોમાંના એક : શ્રી દાસભાઈ


## કુબેરદાસ છોટાલાલ પટેલ

વિરમગામ


શ્રી પુરુષોત્તમદાસ ( દાસભાઈ ) ની પ્રશંસા આટલી વહેલી કરી નાખવી, એ બરાબર હોવા માટે મને શંકા છે. કારણ કે કડવા પાટીદાર કેળવણી મંડળ અને તેની તરફથી શરૂ થયેલા ( પાટીદાર વિદ્યાલય ) અત્યારના સર્વ વિદ્યાલયના આદ્ય સ્થાપકોમાંના એ એક હયાત છે અને એના વિકાસ અને સંચાલનમાં અગ્રસ્થાને છે. મને ખાત્રી છે કે તેઓ ઇચ્છે કે ન ઇચ્છે છતાં તેમના જીવનના આખરી દિન સુધી આ સંસ્થાઓને એમના તરફથી સેવા મળતી રહેવાની છે જ.

સને ૧૯૧૯ માં તેઓ ગુજરાત કોલેજના વિદ્યાર્થી હતા. એ ઉંમરે પણ વડોદરા રાજ્યના અમલદાર વર્ગના વિરોધ વચ્ચે તે સમયના વિદ્વાન-તત્વજ્ઞ શ્રી મગનભાઇ ચ. પટેલ ( બેરિસ્ટર ) ના પ્રમુખપણા નીચે કડીમાં “ પાટીદાર યુવક પરિષદ ” ભરવામાં તેઓ સફળ થયા હતા. પૂજ્ય છગનભાના શુભ હસ્તે શરૂ થયેલા પાટીદાર આશ્રમને વિકસાવવા-માં દાસભાઇનો સંપૂર્ણ સહકાર હતો. સને ૧૯૨૨ના માર્ચની ૧ લી તારીખે શરૂ થયેલા પાટીદાર વિદ્યાલય ( આજના સર્વ વિદ્યાલય ) ના આદ્ય સ્થાપકોમાંના, અને શિક્ષકોમાંના તેઓ પણ એક હતા. મતભેદ પડ્યા તો શિક્ષક મટી વકીલ થયા. પ્રગતિ સાધતા જતા કડી છોડી મહેસાણાના વતની થયા. પંચાયતને ક્ષેત્રે અને રાજદ્વારી ક્ષેત્રે વિધાનસભા અને લોકસભા-માં સભ્યપદે પહોંચ્યા. પરંતુ કડી પાટીદાર આશ્રમ અને સર્વ વિદ્યાલયના વિકાસને ક્ષેત્રે તો એ સ્વ. રામચંદ્ર અમીનની સાથમાં એક અડગ કાર્યકર અને વિચારક રહ્યા જ. આજે પણ તેઓ આ સંસ્થાઓના અગ્રણી કાર્યકર અને વિચારક છે જ. આજે તેઓ આ સંસ્થાઓના અગ્રસ્થાનેથી ખસી જઇ વાનપ્રસ્થ થવા ધારતા હોય, છતાં તેઓ સંસ્થાઓની વ્યવસ્થા ( સંચાલન ) અને પ્રગતિ માટેની ચિંતા અને વિચારો-માંથી મુક્ત રહી શકશે નહિ જ.

શ્રી અમીન સાહેબ સંસ્થાઓના સ્થાપનાથી માંડીને વિકાસ અને વૃદ્ધિ ( પ્રગતિ ) માં જીવનના છેલ્લા દિવસ સુધી ફાળો આપતા રહ્યા. એ જ પ્રમાણે એમના સહકાર્યકર અને પાછલાં વર્ષોથી સંસ્થાઓના પૂરા હિતચિંતક વિચારક અને કાર્યકરનું સ્થાન દિપાવી રહેલા શ્રી દાસભાઇ ધારે તો પણ આ સ્થાનેથી અલગ થઇ શકશે નહિ જ. એની મને ખાત્રી છે.

શ્રી પરમકૃપાળુ પરમાત્મા એમને દીર્ઘાયુષ્ય અર્પો એ જ નમ્ર પ્રાર્થના.

# સમાજ સુધારક સેવાભાવી કાર્યકર : શ્રી દાસભાઈ

## રતિલાલ અમીન

❀

માતાઓને શીખ આપતાં કોઇ અનુભવી કવિએ ગાયું છે તેમ—

હે દેવી, પુત્ર આપે તો એવો આપજે કે કોઈ દાતા હોય કે શૂરવીર હોય નહિ તો વાંઝીઆ રહેવું સારું.

આ ઉક્તિ પ્રમાણે તો જે માતાએ દાસકાકા જેવા સેવાભાવી પુત્રને જન્મ આપ્યો છે તેમને હું પ્રથમ વંદન કરું છું.

હું અને પી. આર. પટેલ જે દાસકાકા તરીકે આજે નામાંકિત છે તે છ દાયકાથી લગભગ જીવન કાર્યની શરૂઆતથી ગાઢ સંબંધોમાં આવેલા આત્મીયતાથી જોડાયેલા એક જ માર્ગના યાત્રીઓ હોઇએ એવું છે. ધંધે તેઓ વકીલ હોઇ તેમણે સમાજ સુધારાનો માર્ગ અને આગળ જતાં રાજકારણનો માર્ગ સ્વીકારેલો ને હું શિક્ષક હોઇ સુધારામાં અને કેળવણીમાં રહ્યો.

હું જાણું છું તે પ્રમાણે તેમનો સુધારક જીવ પહેલવહેલો અભ્યાસ દરમ્યાન અમદાવાદમાં આપણી મહામંડળની બોર્ડીંગમાં જાગી ઉઠેલો.

આપણા આ વિદ્યાર્થી પુરુષોત્તમદાસે જેહાદ ઊઠાવી. રસોઇમાં સુધારો કરી આપવા વિનવ્યા. રોટલીઓ કાચી જેમ તેમ થાય છે અને હાલ દાળ પાણી જેવી થાય છે– ની બૂમ ઊભી કરી. ગૃહપતિ હીરાદાદાએ પુરુષોત્તમદાસને એકલા બોલાવી સમજાવવા પ્રયત્ન કર્યો. પણ સમૂહનું નુકશાન થતું જોઇ ન શકનાર જીવ દાદાના પંજામાં આવ્યો નહિ ત્યારે દાદાએ ધમકાવવા માંડયા કે 'તારી બા કેવી ગરમ રોટલી ખવડાવે છે એ હું જાણું છું.' આથી તો દાસને બળતામાં ઘી હોમાવા જેવું લાગ્યું. ને તેમની આગેવાની નીચે વિદ્યાર્થીઓ ધુંઆ ફુંઆ થઇ ઉઠયા. આ તોફાની ટુકડીના ઘેર કાગળો લખી દઇ રજાઓ પછી ઉઘડતી બોર્ડીંગે આ તોફાની ટુકડીને પાણીચાં અપાયાં તેમાં દાસભાઇ, ગોઝારીઆના નાનુભાઇ અમીન અને બીજા બે હતા જેમના હું નામ ભૂલી ગયો છું. ને મને પણ બે મહિના પછી રજા મળી હતી.

આ ટુકડીએ અમદાવાદના શેઠીઆઓ વગેરેને મળીને પોતાની મુશ્કેલીઓ જણાવી. શ્રી નગીનભાઇ જેઓ પાછળથી નિત્યાનંદ સ્વામી થયેલ તેમણે શાહપુરમાં ભાડાના મકાનમાં નવી બોર્ડીંગ શરૂ કરેલી. તેના વિદ્યાર્થી તરીકે હું પણ જોડાયેલો

સને ૧૯૧૯ માં કડી બોર્ડીંગની શરૂઆત દાસભાઇના ઘરમાં થઇ એમ કહું તો ખોટું નથી. તેઓ આ વખતની ધૂન મનમાં લઈ ફરતા કે આ સમાજનો ઉદ્ધાર કેળવણી વિના નથી. તેમાં સ્વ. છગનભા, સ્વ. મુ. રામચંદ્ર કાકાશ્રી, શ્રી કુબેરભાઇ (વિરમગામવાળા), શ્રી પોપટભાઇ ગુ. પટેલ અને શ્રી દાસભાઇ મુખ્ય હતા. આ બધાની ઓફિસ દાસકાકાનું ઘર હતી. ત્યાં ચર્ચાઓ થતી, રોટલા ઘરડાં માજી (દાસભાઇનાં બા) ના હાથના ખવાતા. કહોને આપણી આ સંસ્થાનાં બી દાસભાઇના ઘેરથી રોપાણાં.

ગામડે ફરતાં આ જીવોને જણાયું કે કણકણ કરી મણ પકવનાર અમારા ભાઇઓ ગામડે ગામડે દુઃખી છે. એને ખાવા રોટલો નથી, સૂવા સારી પથારી નથી તો બાળકોને ભણાવવાના પૈસા તો હોય જ કયાંથી ? દાસભાઇને પણ પોતાના બાંધવોની ઘોર અજ્ઞાનતા ખૂંચવા લાગી. જ્ઞાતિના રીતરિવાજો અને રહેણી કરણીથી જણાયું કે આ જ્ઞાતિ આમને આમ વર્ષો સુધી પણ ઊંચે આવશે નહિ. એટલે રોટલો કમાઈ લેવા જેટલો સમય વકીલાતમાં આપીને બાકીના સમયે રોજના રોજ આનો જ વિચાર કરતા અને આ માટે ફરતા મેં દાસભાઇને જોયા છે.

એવામાં મેં પણ ગાંધીજીના અસહકારથી પ્રેરાઇ ગામડામાં અંગ્રેજી શાળા શરૂ કરેલી પણ દષ્ટિ-સ્હેવાસ કડી સાથે જ રાખતો ને કડીની પ્રેરણા લઈ ગામડે ઠલવતો.

ખાવા ખોખાં હોય, વાણીઆનો દેવાદાર હોય પણ માબાપનું બારમું કરી હજાર તોડી નાખતા સમાજને બચાવી લેવા દાસભાઇ વિદ્યાર્થીઓની ટુકડીઓ ઊભી કરતા. સાથે લઇને પીકેટીંગ કરવા જતા, ગાળો ખાતા. કોઈ ઠેકાણે કલાકો સુધી ઘરોમાં પૂરાઇ જવું પડતું. બારમું પતી જાય એટલે બહાર કાઢે. પણ હિંમત હારતા નહિ.

બીજી બાજુ કુલીનશાહીનો કોરડો શહેરોમાં વીંઝાતો. એક ઉપર બીજી, બીજી ઉપર ત્રીજી ને ચોથી એમ કુલીનોએ માઝા મૂકી હતી. આ વસ્તુ દાસભાઇથી સાંખી જતી ન હતી. ગામડે સાટાં પેટાથી પણ ઘણાને કન્યાઓ મળતી ન હતી. આ પરિસ્થિતિ જોઈ એમનું હૃદય દ્રવી ઉઠતું. તેનો પોકાર એમણે એક પત્ર શરુ કરીને હાથથી ગયેલા કુલીનોની આંખ ઉઘાડવા કર્યો.

રાજદરબારે એમની ખ્યાતી વધતી ગઇ, શક્તિનો પ્રભાવ જણાવા લાગ્યો ત્યારે એક ઉપર બીજી ન કરવાનો કાયદો કરવા એમણે લોકમત કેળવવા માંડયો. ને વર્ષો પછી એ પસાર થયેલા કાયદાએ સ્ત્રી આલમના ઉત્થાનમાં કેટલી બધી મદદ કરી છે તે આજ આપણે જોઇ શકયા છીએ.

આપણા આ સમાજને સુધારકો—ખાસ કરીને આપણા એ વખતના મોટા ભાગના આગેવાનો વકીલો હતા— તેમણે આપણી પરિષદ દ્વારા નવો પવન ઊભો કરવા ઠીક ઠીક પ્રયત્નો ઠેરઠેર જુદા જુદા સ્થળોએ પરિષદો ભરીને વ્યાખ્યાનોથી કર્યો. તેમાં દાસભાઇને લાગેલું કે માત્ર ભાષણોથી સુધારો વેગ પકડશે નહિ કે અમલી બનશે નહિ. તેથી પોતાને ત્યાં દીકરી પરણાવાનો પ્રસંગ આવ્યો ત્યારે ગોળના આગેવાનોનો ખોફ અને સંબંધીઓ-કુટુંબની નારાજગી વ્હોરીને પણ મુરતીઓ શક્તિશાળી ગમે તે ભાગનો ગમે તે ગામનો હોય તેને પસંદ કરવામાં તેઓએ ભારે હિમ્મત અને સુઝ બતાવી છે.

રાજકીય રીતે પણ ખેડૂતને જોઇએ તેવો સહારો મળતો નથી, અમલદારો દાદ આપતા નથી અને ખેડૂત બરબાદ થતો જાય છે. તેની સામે અવાજ ઉઠાવવા એમણે આર્થિક બોજો પોતાના શીર પર લઇને ‘ખેડૂત’ નામનું પત્ર શરૂ કર્યું. તેણે ખેડૂત આલમમાં ઠીક ઠીક જાગૃતિ આણી.

દાસભાઈના હૃદયની વાણી એમની કલમ દ્વારા બહાર આવે છે. જેણે એમને સાંભળ્યા છે, એમનાં સરળ વાકયોનાં લખાણો વાંચ્યા છે તેમને અનુભવ છે કે એમનું બળતું હૃદય બોલે છે. ખેડૂતને ઊંચો લાવવાની તમન્ના, એમની રાષ્ટ્રભક્તિ અને સેવા-પરાયણતા એમનાં વિઘ્નોને દૂર કરી દેતી જણાય છે.

છેવટ છેવટના કેળવણીના મામલાને સુધારવા, ખેડૂત સમાજના બાળકો વધુ તેજસ્વી થાય એ હેતુથી ગાંધીનગરમાં સંસ્થા ઉભી કરવાની જહેમત લઇ રહ્યા છે. એમના આ મનોરથ સિદ્ધ થાય ત્યાં સુધી પરમાત્મા એમને તંદુરસ્તીભર્યું લાંબુ જીવન બક્ષે ને ખેડૂત સમાજ જેના ઉપર સારાય રાષ્ટ્રની ઉન્નતિનો આધાર છે તેને સમૃદ્ધ, જ્ઞાનવાન ને શક્તિવાન કરે એ જ પ્રાર્થના. ■

# દાસકાકા : એક અનોખું વ્યક્તિત્વ

## ભાઈલાલભાઈ જી. પટેલ

૮૦મા વર્ષે પણ દોડી રહેલા દાસકાકાનો જન્મ સંવત ૧૯૫૫ના ભાદરવા સુદ ૧ના રોજ થયેલો. માતા કાશીબા અને પિતા રણછોડદાસનું એ ત્રીજું સંતાન. સૌથી મોટા વિઠ્ઠલભાઈ અને વચેટ સમુબેન. કુટુમ્બ સામાન્ય ખેડૂત વર્ગનું, છતાં કૂપમંડુક નહિ. લાચારપણું નહિ. કંઈક બહારની દુનિયા અને ખેતી સિવાયનો વ્યવસાય પણ જોયેલો. ભણતર ઓછું પણ ગણતર ખરું. ભણતરની ઉપયોગિતા અને પ્રતિષ્ઠાનો ખ્યાલ પણ ખરો. સામાજિક દૃષ્ટિએ પણ બીજાથી અલગ પડી સારા સંબંધો બાંધવાની હામ પણ ખરી. તેમનાં બહેનને પાટડી દેસાઈ કુટુમ્બમાં પરણાવેલાં. સામાજિક રૂઢિરિવાજોમાંથી પ્રસંગ પડયે ચાતરો પાડવાની સૂઝ અને હિંમત દાખવવાની ધીટતા પણ ખરી.

સને ૧૯૧૯-૨૦માં કડીમાં વિદ્યાર્થી આશ્રમની શરૂઆત કરવાની તૈયારીઓ ચાલતી હતી. ત્યારે પૂજ્ય છગનભા અને તેમના સાથીઓને સંસ્થાના કામકાજ માટે કડીમાં અવારનવાર આવવાનું બને. તેઓ સમાજ સુધારાની હિલચાલ કરતા અને જડ ઘાલી બેઠેલાં બારમાં અને બાળલગ્નો બંધ કરવાનું કહેતા. સમાજસુધારાના પાયાના કામ તરીકે કેળવણીનું કામ ઉપાડેલું. સમાજસુધારાની પ્રવૃત્તિ સામે તીવ્ર પ્રત્યાઘાતો પડેલા અને વિરોધ પણ ભારે. તેથી કડીમાં છગનભા અને તેમના સાથીઓનાં સગાવહાલાં ખરાં પણ તેમને આવકાર ન આપી શકે પછી ઉતારા-જમવાની વાત જ કયાં રહી ? તેવા વાતાવરણમાં પણ દાસકાકાનાં માતા કાશીબા લાગણી અને હૈયાસૂઝથી છગનભા વગેરેને આવકાર આપી આગતાસ્વાગતા કરતાં – ઘર સભીડું હોવા છતાં. મોટાભાઇ વિઠ્ઠલભાઇએ આશ્રમની શરૂઆત થઇ એટલે તેના હિસાબકિતાબની જવાબદારી ઉઠાવી લીધેલી. તે વખતે દાસકાકા અમદાવાદ ગુજરાત કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેઓ સમાજસુધારાની અને શિક્ષણ પ્રચારની ઝુંબેશમાં પૂરેપૂરા રંગાયેલા હતા. તેમાં તેઓ ઉદ્દામ વિચારો ધરાવતા હતા. તેઓનો સ્વભાવ કંઇક કરી નાંખવાનો તરવરીઓ અને ટીખળી હોઈ મિત્રમંડળમાં અને આ ઝુંબેશમાં પડેલાઓમાં આગળ પડતા તરી આવતા. નેતાનું કાઠું ત્યારથી કાઢવા માંડેલું. આમ આખું કુટુંબ સમાજસુધારાના અને શિક્ષણ પ્રચારના કામમાં સાથે રહેલું.

તેઓનાં લગ્ન નાનપણમાં કડી પાસેના કાસ્વા ગામે ગંગાબેન સાથે થયેલાં. ગંગાબેન નિરક્ષર પણ તેમનું ગૃહસ્થજીવન એકધારૂં, સરળ અને શાન્તિમય વ્યતિત થયું છે. તેમની ત્રણ પુત્રીઓ અને એક પુત્રની સંતતિ ઉપરાંત ભાણેજો, ભત્રીજીઓ, ભત્રીજાઓનો બહોળો પરિવાર. તેના કેન્દ્રબિંદુએ ગંગાબેન આજે પણ શોભી રહ્યાં છે. પરિવાર ઉપરાંત સગાંસ્નેહીઓ, સંબંધીઓ અને દાસકાકાના મિત્રમંડળ તરફનો તેમનો આત્મીયતા સભર ઉમળકો એક અનોખી ચીજ છે. દાસકાકાના વિશાળ મિત્રવર્તુળ અને સાથીઓને એક સૂત્રે કરી રાખવામાં ગંગાબેનના કુદરતી ઉમળકાએ દોરાનું કામ કર્યું છે. રાજકારણ અને ચૂંટણીઓના કારણે મનઃદુઃખ થયાં હોય અને એક બીજાને મળવાનું ટાળતા હોય છતાં તેવાઓ ઘર આગળથી નીકળે તો ગંગાબેનને મળવાનું ટાળી શકે

નહિ. ઓછામાં ઓછું બે-ચાર શબ્દોમાં ખબર અંતર પૂછયા સિવાય રહી શકે નહિ. તેમનામાં શહેરી જીવનની આભા નહિ પણ હૃદયમાંથી ગ્રામીણ ભાવ-વિભોર અસ્ખલિત વહ્યા કરે છે. વાતચીતમાં તેઓ પોતાને જે કંઈ કહેવાનું હોય તે ભાષાની થોડી મૂડીમાં પણ તેમાં તન્મય થઈ સચોટ રીતે રજૂ કરી શકે છે. સરખેસરખાની નવરાશે બેઠક જામી હોય તો તેઓ એવી તો જમાવટ કરી દે છે કે તેમાં બેસનારને મુક્ત મને બોલતાં કરી દે છે. આવી બેઠકોની ઘણાઓને વર્ષો સુધી અને કેટલાકને જીવન-ભર યાદ રહી જાય એવો રંગ જમાવી શકે છે. તેઓનું જવાઆવવાનું ક્ષેત્ર મર્યાદિત પણ જ્યાં જાય ત્યાં આત્મીયતા અને ઉત્સાહનું વાતાવરણ સર્જી દે એવો એમના હૃદયનો ઉભાર હોય છે. દાસકાકા જેવા પ્રવૃત્તિમય આગેવાનના ઘરની જવાબદારી સંભળાવામાં પ્રેમાળ હૃદય, હૃદયની ઉદારતા, આત્મ-ભોગ, આવકાર આપવાની તત્પરતા, જે જોઇએ તે તેમણે બતાવ્યાં છે, અને દાસકાકાને કપરા અને ખડકાળ પંથે જીવન વહેવામાં અને સીધાં ચઢણ ચઢવામાં તેમણે સરળતા કરી આપી હૂંફ આપી છે. તેમાં પોતા તરફથી કોઇ અડચણ કે વિઘ્ન ઊભું થવા દીધું નથી.

કુળવાનોની ઉચ્ચતાગ્રંથીના તેઓ ઉગ્ર વિરોધી છે. પછી તે શહેરની હોય કે ગામડાના ગોળ-પંચોની અંદર અંદરની જુદા જુદા ગામોની હોય; તે સાંભળી તેઓ ચાબખા માર્યા સિવાય રહી શકતા નથી. શહેરના કુળવાન ગણાતા કુટુંબોમાં તેમના ઘણા મિત્રો–સ્નેહીઓ છે. તેઓ તેમને મજાકમાં કહે કે તમે લોકો પહેલાં સારી સારી છોકરીઓ લઈ જતા હતા હવે સારાસારા છોકરા લઈ જાઓ છો. તમે તો exploiter જ રહ્યા ! સમાજસુધારાના તેઓ પ્રખર હિમાયતી અને આગેવાન પણ સમાજસુધારો કરવાનો દેખાવ કરવા ખાતર તેઓએ કંઇ જ કર્યું હોય એવું બન્યું નથી. પણ તેઓએ પોતાનું રોજ-બરોજનું જીવન જ એવું ગોઠવ્યું છે કે તેમાં કુરિવાજો ખરી પડે અને તેને કોઇ પ્રોત્સાહન ન મળે. સમાજસુધારા-માં તેમની દૃષ્ટિ માનવતાવાદી રહી છે, એમાં જડતા પ્રવેશવા દીધી નથી. સગાસ્નેહીઓને ત્યાં લગ્નમાં જાય, ચાંલ્લો કરે, બધા જોડે આત્મીયતાથી હળેમળે, માંડવાને શોભાવે. તે ટાણે સુધારાવાદી જરઠતા ન આવવા દે. ત્યાં ઉપદેશની–પોપટીઆ સુધારાની વાત પોતાની જાતને ઉપસાવવા–ફેશન માટે ન કરે.

સમાજસુધારણા, રાજકારણ અને શિક્ષણ પ્રચારની પ્રવૃત્તિઓમાં ૫૦ વર્ષ સુધી સ્વ. પૂજ્ય રામચંદ્રભાઇ અમીન અને દાસકાકાની જોડી આખા ગાળાને ભરી દેતી જોઇ શકાય છે. ધ્યેય એક પણ બંનેના સ્વભાવમાં મૂળગત્ ફેર. નામ પ્રમાણે રામચંદ્રભાઇ મર્યાદા પુરુષોત્તમ રામનાં લક્ષણ ધરાવે જયારે દાસકાકા નામ પ્રમાણે પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણનાં લક્ષણ ધરાવે. રામચંદ્રભાઇ નિયમસર મધ્યમ-સર કામ કરવામાં માને. કોઈપણ બાબતમાં મર્યાદા ઓળંગવાનું ટાળે. દાસકાકાનો સાહસ કરવાનો સ્વભાવ અને તેને પાર પાડવામાં નાહક મર્યાદાની પરવા ન કરે. વાંકે લાકડે વાંકો વેહ પાડી લે.

સ્વ. રામચંદ્રભાઇ વારંવાર ચિંતામાં અને મજાકમાં કહેતા કે " દાસને ભીંત પલાણવા જોઇએ ". દાસકાકા અમીન સાહેબની આ મજાક માણતા અને તેમની ચિંતા પારખતા. દાસકાકાએ કેટલીય વખત ભીંત પલાણી છે અને તેને ચાલતી કરી બતાવી છે. એ આપણી યાદદાસ્ત ટૂંકી હોવાથી ભૂલી જવાય છે કે ભીંત ચાલતી થઇ એટલે તે ભીંત મટીને લોકનજરે ગાડી દેખાતી થઇ જાય છે. અને તેની પાછળ રહેલી સચોટ ગણતરી, તનતોડ પુરુષાર્થ ભુલાઇ જવાય છે. સાયન્સ કોલેજ, ટેકનીકલ સ્કૂલ એ આવી બાબતો હતી. છેલ્લે ગાંધીનગર શાખાની બાબત હજુ પણ ભીંત પલાણવા જેવી વાત ઘણા બધાને લાગે છે. ગાંધીનગર પાછળ ૮૦ વર્ષના દાસકાકાએ યુવાનને શરમાવે તેવી દોડધામ અને રખડપટ્ટી કરી કામની રમઝટ બોલાવી તેમાં ગરમી લાવી દીધી છે. ભીંતો ચાલતી ચણાતી થઈ ગઇ છે.

કડીની સંસ્થા માટે તેમનો પ્રેમ પોતાના સંતાનો અને સગા–સ્નેહીઓ પ્રત્યેના પ્રેમ કરતાં પણ

વિશેષ છે. તેમના કૉલેજકાળની જુવાનીમાં આ સંસ્થાની સ્થાપના. તેમાં યુવાન કક્ષાના આગેવાન તરીકે ઊંડી દિલચસ્પી શરૂઆતમાં તો તેઓ શિક્ષક તરીકે પણ એને ધર્મકાર્ય – ફરજ – સમજીને તેમાં જોડાયેલા. થોડો સમય શિક્ષક તરીકે કામ કરી વકીલાતના વ્યવસાયમાં પડયા. પણ સંસ્થા સાથેનો સંબંધ દિનપ્રતિદિન વધતો જ ગયો. તેઓ તેનું ચાલકબળ, પ્રેરણાબળ અને રક્ષકબળ બની રહ્યા. વકીલાતના વ્યવસાય અને રાજકીય પ્રવૃત્તિઓને કારણે સંસ્થાના રોજ-બ-રોજના કાર્યમાં તેઓ ઓછો સમય આપી શકતા. પરંતુ તેની ભીડને વખતે તેઓ આખા જ હાજર થઇ જાય. સંસ્થાના રક્ષક--દંડનાયક તરીકેની કામગીરી તેમના માથે આવી પડતી અને તેને તેઓ સારી રીતે આજ સુધી નિભાવતા આવ્યા છે. દંડનાયક તરીકે તેમનો મિજાજ એવો કે, સંસ્થાની સામે આંગળી ચીંધનારની આંગળી કરડી ખાઉં, બોલનારની જીભ ખેંચી કાઢું, આંખ કાઢનારની આંખ કાઢી લઉં. તેમના એ દંડનાયકી મિજાજ અને કાર્યથી સંસ્થા ઘણા નાનામોટા આંતરિક અને બાહ્ય ઝંઝાવાતોમાંથી હેમખેમ ઉગરી ગઈ છે. તેનો પણ એક લાંબો ઇતિહાસ છે. તેમાં તેમણે પોતાના વડીલ, મુરબ્બી, મિત્ર કે વર્ષોના સાથીઓની સંસ્થાના હિતને લક્ષમાં લઇને, શેહશરમ રાખી નથી. ગુજરાતના ઇતિહાસ-ખ્યાત દંડનાયકો જેવી અનુપમ શૌર્યપ્રચુર ભક્તિ દાસકાકાએ સંસ્થા પ્રત્યે બતાવી છે.

તેમને પત્રકારત્વનો ઘણો શોખ છે. નાનુંમોટું છાપું કાઢયા કરવાનું તેમના જીવનમાં એક નોંધપાત્ર લક્ષણ રહ્યું છે. કડવા પાટીદાર પરિષદનું મુખપત્ર "કડવા વિજય" તેમના નામરાશી વિરમગામવાળા સ્વ. શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ પરીખે શરૂ કરેલું અને તે તેમના અવસાનથી બંધ પડેલું. તેને કડીમાં લાવીને પુનઃ શરૂ કરેલું. વર્ષો સુધી તે ચલાવ્યું. આશ્રમના ગૃહપતિ અને કડી સંસ્થાના આદ્ય સેવકો-માંના એક શ્રી કુબેરદાસ છોટાલાલ તેના તંત્રી. તેના મુદ્રક, પ્રકાશક અને મુખ્ય લેખક દાસકાકા. ત્યાર પછી અમદાવાદથી શ્રી બબાભાઈ રામદાસ પટેલે અને મિત્રમંડળે 'ચેતન' નામનું માસિક શરૂ કર્યું. તેમાં પ્રેરણા અને ટેકો આપનાર પણ તેઓ જ. અને તેના નિયમિત લખનાર પણ તેઓ. 'ચેતન' ને ચેતનવંતુ બનાવવામાં તેમના લખાણોએ ઘણો ભાગ ભજવ્યો હતો. બારમાં અને બાળલગ્ન સામેની જેહાદે ચેતનને ભારે ખ્યાતિ આપી હતી. કોઇ લેખકે 'ઉત્તમ ખેતી'નું ચીલાચાલુ સૂત્ર ટાંકી ખેતીના વ્યવસાયનાં વખાણ કરેલાં તેની સામે તેઓએ 'ખેતી ખોટનો ધંધો' એવી લાંબી લેખમાળા લખી ખેડૂતો અને ખેતીની બેહાલીનું ખરેખરું ચિત્ર રજૂ કર્યું હતું. અને 'ઉત્તમ ખેતી'ની વેવલાઇ કરનારાઓને આંકડાઓ સાથેની દલીલોથી બરાબર ઝાટકયા હતા. તે વખતે પ્રણાલીગત માન્યતાઓ વિરુદ્ધ લખવું એ ભારે હિંમત અને વિચાર માગી લે તેવી વાત હતી.

અસહકારનો યુગ ચાલે તેવા વખતે વડોદરા રાજ્યમાંથી છાપું કાઢવું એ જ મોટું જોખમ પણ તેમના જીવને છાપા સિવાય સંતોષ ન થયો. અને કડીમાંથી પોતાના તંત્રીપદે 'સહકાર' નામનું માસિક શરૂ કર્યું. અસહકારના યુગમાં 'સહકાર' નામ રાખવું તે પણ તેમના સ્વભાવની એક લાક્ષણિકતા બતાવે છે. તેમાં પણ ટૂંકાં અને સચોટ લખાણોથી ગામડાં અને ગ્રામપ્રજાના ઉત્કર્ષની જ તેમની વાત અસ્ખલિત વહેવડાવી હતી. આર્થિક કારણોસર તે લાંબુ ચાલી શકયું નહિ. એ બંધ પડવાની તૈયારીમાં હતું ત્યાં જ સને ૧૯૩૫ માં કડી-માંથી જ તેમણે "લોકોદય" નામનું માસિક શરૂ કરાવ્યું. તેના તંત્રી હતા તેમના મિત્ર અને સાથી, સુધારા અને શિક્ષણની હિલચાલમાં ઊંડો રસ લેતા શ્રી વેણીદાસ ઉજમદાસ પટેલ. તેનું સંચાલન કરવાની જવાબદારી આ લેખકને માથે આવેલી. 'લોકોદય' ના ખરા તંત્રી દાસકાકા જ હતા. તેમાં તેઓ નિયમિત લખતા. આ પત્ર ખેડૂત અને ગ્રામપ્રજાના શોષણ અને અર્થકારણ ઉપર જોરદાર રજુઆત કરતું. મારી જાણ પ્રમાણે આવી રજુઆત કરનાર

આ પ્રથમ જ માસિક હતું. આની અસર ગામડામાં-ના સ્થાપિત હિતો ઉપર એટલી બધી થઇ કે વેપારી મંડળે તેનો પ્રતિવાદ કરવા પોતાનું પત્ર શરૂ કર્યું હતું.

પ્રાંત પંચાયતની ચૂંટણીઓમાં વડોદરા રાજ્ય પ્રજામંડળની આગેવાની લઇ દાસકાકાએ તેમાં જવલંત વિજય મેળવ્યો. તે પ્રજામંડળનો પ્રથમ પ્રચંડ વિજય હતો. તેઓ પંચાયતના પ્રમુખ થયા. પંચાયતનું કામ સારી રીતે થઇ શકે તે માટે તેઓ મહેસાણા રહેવા ગયા. ત્યાં પણ તેમની ખેડૂત અને ગ્રામોદ્ધારની ચળવળ ચાલુ રહી. ખેડૂત મંડળો સ્થાપ્યાં અને જાગતાં કર્યાં અને તેના મુખપત્ર તરીકે 'ખેડૂત' સાપ્તાહિક શરૂ કર્યું અને થોડા સમય પછી "રાષ્ટ્રધર્મ" નામનું સાપ્તાહિક પણ શરૂ કર્યું. એમ એકલે હાથે બબ્બે અઠવાડિક ચલાવવાનું ભગીરથ કાર્ય ઉપાડ્યું તેમનો વકીલાતનો ધંધો, તથા સામાજિક રાજકીય પ્રવૃત્તિઓ ભરમાર ચાલ્યે જતી. તેમાં બબ્બે સાપ્તાહિકોનો ભાર, માત્ર સંચાલન-નો, તંત્રીનો જ નહિ પણ આર્થિક ભાર વહેવો ભારે હતો. છતાં તેઓ તે સહજ રીતે નિભાવી શકતા હતા. ગમે તેટલો થાક, ચિંતા કે ભાર તેઓ હોકો ગગડાવીને દૂર કરી શકે છે તેવી રીતે લાગે છે કે લેખન પ્રવૃત્તિ પણ તેમનો ભાર ઓછો કરવામાં કામિયાબ નીવડતી હશે. હોકો ગગડાવતા જાય અને લખતા જાય, લખતા જાય અને હોકાની ફૂંક મારતા જાય, અને થાક, ચિંતા અને ભારનું નિરસન કરતા જાય.

છાપાંઓ ચલાવવામાં અને તે અંગે લેખન પ્રવૃત્તિ કરવામાં તેમનું એક જ ધ્રુવપદ રહ્યું છે કે, ખેડૂત અને ગામડાને ચૂસાતા બચાવવા, તેનું અજ્ઞાન દૂર કરી તેની મહેનતનું પૂરેપૂરું ફળ તેને અપાવવું, કુરૂઢીઓની બેડીમાંથી છોડાવવો અને માટીમાંથી મર્દ બનાવવો જેથી તે રાષ્ટ્રની ખરી મૂડી અને મોભી બનીને ઊભો રહે. ધારાસભાઓમાં અને પાર્લામેન્ટ-માં આજ વાત તેમણે ઘણી જહેમત ઉઠાવી વારંવાર અને સતત કહ્યા કરી છે.

તેમની લખાણની શૈલી વાતચીત કરતા હોય તેવી છે. ભાષાના ફોર્મની બહુ ચિંતા નહિ. પોતાને કહેવાનું સચોટ રીતે કહેવાય એટલે એમને સંતોષ. ટૂંકાં સચોટ વાકયો, વચ્ચે વચ્ચે થોડી હસીમજાક પણ કરી લે. કટાક્ષથી ધાર્યું નિશાન પાડે. બોલવાની તેમની શૈલી પણ ચોટદાર, માર્મિક અને શ્રોતાઓને બાંધી રાખે તેવી.

ખેડૂતોના હમદર્દ અને આગેવાન થવાનાં જોખમો અને મુશ્કેલીઓ તેઓ સમજે છે અને તેનો અનુભવ તેમના જેટલો બીજાઓને નહિ થયો હોય. તે માટેનો પોતાનો અસંતોષ અને ટીકા-ટીપ્પણી અવારનવાર વ્યક્ત કરતા જણાય છે. તેથી તેઓ ખેડૂતોના હમદર્દ મટી જાય છે એમ માની લેવા કોઈ તૈયાર નથી, કારણ કે તેઓનું એક માત્ર જીવનધ્યેય-– લક્ષ ખેડૂત સમાજને ઊભો કરવો. સ્વમાન સાથે સમાજના બધા વર્ગો વચ્ચે સમાન કક્ષાએ છાતી કાઢી ઊભો રહે તે જોવાનું છે.

કડીની સંસ્થાઓમાં તેમને જે કંઇ રસ છે તે ખેડૂત સમાજને ઊભો કરવાનો જ છે. તે ન હોત તો તેમના સ્વભાવ અને જીવનની લઢણથી વિપરીત એવી શિક્ષણ સંસ્થાઓની રોજની ઝીણું કાંતવાની જરો-જથામાં તે રહી શકત જ નહિ. અને હમણાં તો શિક્ષણ સંસ્થાઓના સંચાલક થવું એટલે સ્વમાન-સ્વતંત્રતા ઉપર મુંગે મોંઢે ઘા સહન કરવાના. અને એક દિવસ આ બધું ભેળાઇ જવાનો ભય સતત સેવાઇ રહ્યો હોય એવી સ્થિતિમાં પણ નવી નવી સંસ્થાઓ ઊભી કરવામાં ગળાડૂબ પડવું અને જિંદગીની સંધ્યાએ આ માટે પરિશ્રમ કરવો તેની પાછળ એક જ તમન્ના છે કે ખેડૂત સમાજને જમીન ઉપરથી ઉઠાવી ઉચ્ચાસને બેસાડવો.

તેમના વ્યક્તિત્વનું વર્ણન કરવું હોય તો આમ કરી શકાય. ચિંતાનો ભાર વેંઢારવાનું આવડે નહિ એટલે મુક્ત લાગે, પોતાનાં દુઃખ, મુશ્કેલીઓ, છેતરામણ, નિષ્ફળતાનાં ગાણાં ગાઇ સહાનુભૂતિ ઊભી કરવામાં નાનમ અનુભવે એટલે બેફીકરા અને

અહંપ્રચુર લાગે. ગંભીર બાબતોને પણ વિનોદવૃત્તિમાં લપેટી હળવી ફૂલ બનાવી અટવાયેલાઓ–ગભરાયેલાઓને હુંફ આપે તેથી પરદુઃખભંજક દેખાય, આહ્‌વાન હોય ત્યાં તેમને ખૂબ રૂચે અને ત્યાં સોળે કળાએ ખીલી ઊઠે તેથી શૌર્યમંડિત સાહસિકનાં દર્શન થાય.

સામાન્ય રીતે ચાલી જતી પ્રવૃત્તિઓમાં, સભાઓમાં તેમને બહુ રસ નથી હોતો પણ જ્યાં કંઇ વિવાદાસ્પદ પ્રશ્ન ઊભો થયો હોય, જ્યાં કંઇ ઉચ્છેદાતું અટકાવવાતું હોય કે ઉચ્છેદી નવીન સ્થાપવાનું હોય ત્યાં તેઓ અચૂક હાજર રહે છે. આખાબોલા, ઉપાલંભ ભરી વાણી બોલનાર અને ગમે તેને ખોટું લગાડવામાં હિચકિચાહટ ન રાખનાર તરીકેની તેઓની એક છાપ છે. આના મૂળમાં જઇએ તો તેમના મનમાં પડેલી વ્યથા અને અજંપાની પ્રતિક્રિયા જણાશે. તેઓ જે વર્ગમાંથી આવે છે તે ખેડૂત વર્ગની પરવશ અને પછડાયેલી અને તરછોડાયેલી પરિસ્થિતિમાંથી ઉપર ઉઠાવવાની તેમની આજીવન જહેમતમાં, જેમને માટે તેઓ આ પરિશ્રમ કરી રહ્યા છે તેમની તરફથી જોઇએ તેવો જવાબ ન મળતાં અને પોતાના હાથ ટૂંકા પડવાની પરિસ્થિતિની આ પ્રતિક્રિયા છે.

ચોખલિયાપણા – Puritinizm તરફ તેમને ભારોભાર તિરસ્કાર છે. તે લેબલ પોતાને લાગી ન જાય તે માટે તેઓ તકેદારી રાખતા હશે એમ લાગે છે અને તે માટે જ હોકો-બીડી અને ચા પીવાનું રસપૂર્વક ચાલુ રહ્યું હશે અને આજે પણ ચાલુ છે એવું અનુમાન કરી શકાય. તેવી રીતે ચીલાચાલુપણું – To fall in lines તરફ તેમને અણગમો છે. આ ક્રિયા તેમને ફાવે તેમ નથી. એમાંથી એમનું પુરુષાર્થીપણું અને અનોખું વ્યક્તિત્વ ઘડાયું છે. તેઓ ખાદી ચુસ્તપણે પહેરે છે. એટલું જ નહિ પણ ખાદી સાથે સંકળાયેલી પહેરવેશની અને જીવનની સાદાઇ તેમણે હાડમાં ઉતારી દીધી છે પણ કાંતવાની કડાકૂટમાં પડ્યા નથી.

તેઓ રાજકીય પુરુષ છે. તેમ હોવાનું તેમને ગૌરવ પણ છે. તેઓ જે ધરતી અને સમાજમાંથી આવ્યા છે તેનાથી રાજકીય કારકિર્દી ખાતર પોતાને અલગ પાડી નાંખવાનું એમણે સ્વપ્ને પણ વિચાર્યું નથી. એટલે ગામડાં અને ગ્રામપ્રજાને માટે મેળવાયેલું સ્વરાજ્ય તેથી વિપરીત રીતે ચાલવા માંડયું તે તેઓ સહન કરી શક્યા નહિ. અને તેની સામે મજબૂત અવાજ રજૂ કરવા તેઓએ મજૂર મહાજન જેવાં ખેડૂત મંડળો સ્થાપવાની અને ચલાવવાની કોંગ્રેસમાં રહીને અને બહાર નીકળીને ભારે લડત આપી. ખેડૂતોના સંગઠનનો કોંગ્રેસે સતત વિરોધ કર્યો અને દાસકાકાના જેવા વિચારો ધરાવતા કેટલાયે રાષ્ટ્રીય નેતાઓએ કોંગ્રેસ છોડી કે તેમને છોડવાની પરિસ્થિતિમાં મૂકી દીધા. કોંગ્રેસે છેલ્લે સુધી ખેડૂત સંગઠનોનો વિરોધ કર્યા કર્યો. કેન્દ્રમાંથી કોંગ્રેસ સરકાર જતાં અને જનતાપક્ષ સત્તા પર આવતાં હમણાં ખેડૂત સંગઠનનો હક્ક સ્વીકારવા જેવાં નિવેદનો થવા લાગ્યાં છે. ખેડૂત સમાજના રાજકીય અસ્તિત્વનો સ્વીકાર કરાવવા માટે દાસકાકાએ આજીવન લાંબી અને લગભગ એકલા હાથે જે લડત આપી છે તે કોઇ પણ નેતાને ગૌરવ આપે તેવી છે. તેમની આર્ષ દૃષ્ટિ વર્ષો પહેલાં જોઈ શકી છે કે ભારતની કરોડરજ્જુ સમા ખેડૂતોના મજબૂત સંગઠનો સિવાય આ દેશને ચાલવાનું નથી. તે કરવામાં જેટલો વિલંબ થાય છે તેટલું દેશને જ નુકશાન થાય છે. ખેડૂત સંગઠનોનો રાજકીય ક્ષેત્રે અવાજ નહિ સંભળાય ત્યાં સુધી વેતનદાર વર્ગોની પકડ દેશ ઉપર વધતી જશે. તે ખેતી–ખેડૂત અને ગામડાંને જે દેશનો મોભ છે તેને પાયમલ કરશે અને દેશને ડુબાડશે. તેમનું આ દર્શન છે. અને તેમની દરેક પ્રવૃત્તિ આ દર્શનને લક્ષમાં રાખીને થતી હોય છે. જે વાત સાચી છે તે વાત રાજકીય લ ભાલાભના ગણત્રીબાજ સત્તાધારીઓ અને સત્તાકાંક્ષુઓના સ્વીકારવાના અખાડાથી તેઓ વાજ આવી ગયા છે અને તેમના જીવનમાં કંઇક નાસીપાસી અને કડવાશ આવી હોય તો તે આના પ્રતાપે જ.

રાજનીતિમાં સામ, દામ, દંડ અને ભેદ કહ્યા છે. દાસકાકાને આ ચારે આચરતાં નહિ આવડતા હોય એમ નહિ હોય. પણ તેઓ સામ ઉપર બહુ રોકાતા નથી. દામ તો હોતા નથી એટલે એની વાત તો રહેતી નથી. ભેદ તો રાજકારણનો મહામંત્ર; પણ તેની લપછપમાં બહુ ફાવતું નહિ હોય એટલે તેઓ સામ-દામ-ભેદ કૂદી સીધા દંડ ઉપર પહોંચી જતા જણાય છે. રાજકીય વ્યૂહ સરસ ગોઠવી શકે છે અને તેમના ચૂંટણીવ્યૂહ તો નમૂનારૂપ હોય છે. પણ લોકોક્તિ – 'માર બુધુ અને કર સીધું' એ ઠીકઠીક અજમાવે છે. એમની કામ કરવાની ઘાટી એ રીતની છે. કુરુક્ષેત્રે ધર્મરાજાએ **'नरो वा कुंजरो वा'** કહ્યું હતું તેવા કોઈ પ્રસંગે દાસકાકાને પુછવામાં આવે તો તેઓ ધર્મરાજાની જેમ **'नरो वा कुंजरो वा'** ન કહે પણ કહી દે કે **नरश्च कुंजरश्च** – બન્ને મરાયા નર અને હાથી. ઝીણું કાંતવાનો અને વિતંડાવાદનો કંટાળો.

પોતાની જાત વિષે કહેવામાં, તેની નોંધ રાખવા રખાવવાની, ફોટા પડાવવા – સંગ્રહવા, રોજનીશી વગેરેની તેમણે જરૂર ગણી નથી. તેઓએ તે બાબત-માં બેદરકારી જ કહી શકાય તેટલી હદે ઉપરામવૃત્તિ દાખવી છે. આ સન્માન ગ્રંથ માટે સામગ્રી એકઠી કરવાનું આવ્યું ત્યાં જણાયું કે તેમણે આવું કોઈ વળગણ રાખ્યું જ નથી. આ નિર્લેપતા એમના ચારિત્ર્યની એક વિશિષ્ટતા છે. મસ્તફકીરની જેમ આ બધાંને વળગવા જ દીધાં નથી.

કામ હાથ ઉપર લીધું એટલે તેમાં તેઓ ખૂંપી જવાના. એની જ લગન લાગવાની. વંટોળની માફક બધું જ કામ પોતે ઉપાડી લે. ત્યાં નજીક કોઈ ઢૂંકી ન શકે એટલી ઝપટ. ત્યારે કોઈને લાગે કે લોકેષણા અને કીર્તિલોભ એની પાછળ હશે. પણ કામ પૂરું થાય કે સરાડે ચઢે એટલે બીજાઓએ માનેલો કીર્તિલોભ અને લોકેષણાનો વહેમ ઝાકળ જેમ ઊડી જાય અને નવી ફરિયાદ શરૂ થઈ જાય કે તેઓ તે કામ તરફ ઢૂંકતા જ નથી.

ભારતના રાજકારણમાં સંતસંગ એક પગથિયું ગણાયો છે. ઘણા રાજકીય અને સર્વોદયી સંતોની બોલબાલા રહી છે. રાજકારણમાં હનુમાન અને અંગદ કુદકા મારવા તેમનો પગથિયા તરીકેનો ઉપયોગ રાખેતા મુજબનો મનાયો છે. રેંટિયો અને કાંતવાની બાબતનો ઘણાઓને હાથે આવો ઉપયોગ થતો રહ્યો છે. પણ દાસકાકા તેનાથી દૂર રહ્યા છે. ચરણસેવા તેમનામાં જુગુપ્સા ઉત્પન્ન કરે છે.

તેઓએ કોઈને ગુરુ બનાવ્યા નથી. તેઓને ગુરુ લાધ્યો હોય તો તે પોતામાંથી જ લાધ્યો છે. તેમના સ્ફુટ અને અસ્ફુટ વલણો અને વિચારો ઉપરથી આજ તારણ ઉપર આવવું પડે. અહીં કવિવર ટાગોરના ચિત્રાંગદા નાટકની એક ઉક્તિ યાદ આવે છે. અર્જુન ચિત્રાંગદાને પુરુષોચિત રીતે દેવી કહીને સંબોધે છે. ચિત્રાંગદા તેનો ભાવ પામી જઈ જવાબ આપે છે. "હું દેવી પણ નથી અને દાસી પણ નથી, હું ચિત્રાંગદા છું." તે રીતે "હું નેતા નથી અને દાસ પણ નથી, હું પુરુષોત્તમ છું" એમ કહેતા દાસકાકા મને હરહંમેશ સંભળાયા છે.

સદ્ગુણો ઘણા ગણાવી શકાય. તેનું નાનું-સરખું લશ્કર સર્જી શકાય. લશ્કરને સેનાપતિ જોઈએ. દાસકાકાએ તેમના સદ્ગુણોનો સેનાપતિ નીમ્યો છે, તેનું નામ છે અભય. અભયની આગેવાની નીચે તેમના સદ્ગુણો વિજય પામતા જાય છે. દાસકાકાને હરાવી શકાય પણ તેમને ભય પમાડી ન શકાય એવા વજ્ર હૃદયના તેઓ ધણી છે. તેઓએ ભયના માર્યા કોઈ ઘરછોડ કર્યાનું જાણમાં નથી.

મોતની ખાતર મોતને શરણે જવાનું તેમને કબૂલ નથી. તેઓ મોતને Oblige કરવામાં માનતા નથી. તેથી ૮૦ વર્ષે પણ જીવવાનું માંડી વાળ્યું નથી. ઉમ્મરમાં જેમ દિવસો વધતા જાય છે તેમ તેમની પ્રવૃત્તિઓ વધતી જતી જોઈ શકીએ છીએ. તેઓ કામ માટે સતત તનતોડ મહેનત કરે રાખે છે એમાં ક્યાંક મોત ભેટી જાય તો તેનો તેઓ અફસોસ પણ કરે તેમ નથી. તેઓ તેની રાહ પણ જોતા નથી. રાહ જૂએ છે માત્ર પ્રવૃત્તિમય આવતી કાલની. ★

# ટેકનીકલ શિક્ષણના હિમાયતી શ્રી દાસકાકા

## ત્રિભોવનભાઇ કા. સુથાર
આચાર્ય
ટેકનીકલ હાઈસ્કૂલ, કડી

કોઈપણ રાષ્ટ્રનો વિકાસ તેણે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે કરેલી પ્રગતિ ઉપર આધાર રાખે છે. આ બાબતને મહત્વની સમજી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે શરૂઆતથી જ ઉદ્યોગ-શિક્ષણ આપવાની જોગવાઇ કરી છે. સને ૧૯૬૦ માં હાઇસ્કૂલ સાથે ટેકનીકલ વિભાગ શરૂ કરી આ દિશામાં એક મહત્વનું કદમ ઉઠાવ્યું છે.

મુરબ્બી શ્રી દાસકાકા જ્યારે લોકસભાના સભ્ય હતા ત્યારે પણ તેઓ કડીમાં ટેકનીકલ શિક્ષણની સુવિધાઓ વધે અને વિદ્યાર્થીઓ હાથ-પગ હલાવવાનું વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવે તે અંગે વિચારતા હતા. આ સમય દરમ્યાન યુનિસેફ અને ભારત સરકારના સોશિયલ સિકયોરિટી વિભાગ તરફથી ભારત ભરમાં ૬૫ પ્રિ-વોકેશનલ ટ્રેઇનીંગ સેન્ટર શરૂ કરવાનું વિચારાતું હતું. આ કેન્દ્રમાં ૧૧ થી ૧૪ વર્ષનાં બાળકો કે જેમણે પ્રાથમિક કક્ષાએ શિક્ષણ છોડી દીધું હોય તેમને ટેકનીકલ-ધંધાકીય તાલીમ આપવાની હતી. આવું એક કેન્દ્ર તેમના પ્રયત્નોથી કડીમાં શરૂ થયું.

શ્રી દાસકાકા કોઇ એક યોજના મંજૂર થઇ ગઇ એટલે અટકી જાય તેવા નથી. સને ૧૯૬૪-૬૫ દરમ્યાન તેમણે ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે કડીમાં જુનિયર ટેકનીકલ સ્કૂલ શરૂ કરવા અંગે પત્રવ્યવહાર અને વાટાઘાટો શરૂ કરી. આ સ્કીમ લગભગ અગિયાર લાખ રૂપિયાની હતી. આ યોજનાને જૂન ૧૯૬૬ માં મંજૂરી મળી ગઇ એટલે તુર્ત જ શાળા શરૂ કરવામાં આવી. જુનિયર ટેકનીકલ સ્કૂલની ગવર્નીંગ બૉડીના ચેરમેન તરીકે તેઓએ સૂત્રો સંભાળી લીધાં. આ માટે તેમના કડીના હેરાફેરા વધી ગયા. શાળાના મકાન, વર્કશૉપ અને છાત્રાલયના પ્લાન વગેરે તૈયાર કરાવી આગળની મંજૂરી મેળવી સમયસર બાંધકામ પણ તેમની દેખરેખ નીચે પૂરું કરાવ્યું. આજે પણ કેમ્પસની શોભામાં વધારો કરતાં ટેકનીકલનાં મકાનો, વર્કશૉપ, હોસ્ટેલ વગેરે શ્રી દાસકાકાની ટેકનીકલ શિક્ષણ તરફની ભાવવાની શાખ પૂરે છે.

ગુજરાતની બીજી જુનિયર ટેકનીકલ સ્કૂલો બંધ કરવાનો નિર્ણય થયો ત્યારે શ્રી દાસકાકાએ ફરીથી ટેકનીકલ શિક્ષણ ખાતામાં અને રાજ્ય સરકારમાં પત્રવ્યવહાર અને વાટાઘાટો શરૂ કરી જુનિયર ટેકનીકલ સ્કૂલ અને હાઈસ્કૂલ શરૂ કરવાની મંજૂરી મેળવી. ઉત્તર ગુજરાતની એક માત્ર બીન સરકારી ટેકનીકલ હાઇસ્કૂલ જુલાઇ ૭૦ થી કડીમાં શરૂ થઈ.

ટેકનીકલ હાઇસ્કૂલનો મહત્તમ લાભ આપણા વિસ્તારને મળે તેવી તેમની સતત ભાવના રહી છે. તેમના પ્રયત્નોથી શિક્ષિત બેકારોને ધંધાકીય તાલીમ મળે તે માટે ફાર્મ મિકેનીક તાલીમ વર્ગની શરૂઆત ગુજરાતમાં સૌ પ્રથમ કડીમાં કરવામાં આવી. શ્રી દાસકાકાની ઈચ્છા બીજા ટેકનીકલ અભ્યાસક્રમો શરૂ કરવાની હોવાથી શાળામાં વાયરમેન એપ્રેન્ટીસ અને ઇલેકટ્રીશીયનના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે જેનો લાભ આ વિસ્તારને મળી રહ્યો છે.

શ્રી દાસકાકાને વાચન શોખ અને નવું જાણવા અને નવું કરવાનો વિશિષ્ટ શોખ હોવાથી જ્યારે જ્યારે કડી સંસ્થામાં આવે ત્યારે તેમની સાથે કોઇને કોઇ પ્રકારનાં ચિત્રો, પ્લાન કે સાહિત્ય લેતા આવે. ૮૦ વર્ષની ઉંમરે પણ તેમની સાથે કોઇ મહેમાન આવે તો ટેકનીકલ સ્કૂલ, વર્કશૉપ, બોટેનિકલ ગાર્ડન વગેરે બતાવવા માટે કેમ્પસનું એક રાઉન્ડ અવશ્ય લે છે.

મુરબ્બી શ્રી દાસકાકાની શકિતઓનો લાભ બીજા ક્ષેત્રોની જેમ શિક્ષણક્ષેત્રે આપણા વિસ્તારને મળ્યો છે અને મળતો રહેશે એ જ મહેચ્છા. ■

શ્રી દાસકાકાને પ્રિય કર્મભૂમિ

# સર્વ વિદ્યાલય કેમ્પસ્

ની

# ઝાંખી



આશ્રમના મુખ્ય દરવાજા સન્મુખ શોભતી
**સંસ્થાના આદ્યસંસ્થાપક પૂજ્ય છગનભાની પ્રતિમા**

# : મંગળ વચનો :

❀

**તમારાં** બાળકોને અહીં મોકલો. તો તેઓ અહીં સાચી કેળવણી પામશે.

પૂ. ગાંધીજી

૨૭-૯-૨૯

❀

**કર** ભલા હોગા ભલા.

પૂ. છગનભા

આદ્ય સંસ્થાપક

❀

**તમારી** સંસ્થા ઇંગ્લેંડની પબ્લીક સ્કૂલ જેવું કાર્ય કરી રહી છે.

૪-૧-૨૬ શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ

❀

હું એકવીસ વર્ષ પહેલાં આવેલો તે વખતે વાવેલું બી આટલું વિકસી સુંદર વૃક્ષ બન્યું અને તેનો લાભ વિદ્યાર્થી ભાઇ-બહેનોને મળ્યો છે તેથી મને સંતોષ થયો છે. આ વૃક્ષ વધી કલ્પવૃક્ષ બનો એવી પ્રાર્થના છે.

૧૪-૬-૬૩ શેઠશ્રી અરવિંદપ્રસાદ ન. મફતલાલ

[ ટેકનીકલ વિભાગના મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ]

❀



આશ્રમનું મૂળ મકાન



શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદન : જેમાં સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ બેસે છે



ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પુષ્પ-પાંદડીથી જે બાંધવાનું શરૂ કરેલું. જેમાં વિજ્ઞાન કૉલેજ બેસે છે.

સંસ્કાર ભવન



વિદ્યાર્થીઓને અતિપ્રિય અભ્યાસેતર પ્રવૃત્તિઓનું કેન્દ્ર



સ્વ. ધનજીભાઇ મોતીભાઇ છાત્રાલય



ટેકનીકલ હાઇસ્કૂલ



ટેકનીકલ હોસ્ટેલ



ટેકનીકલ સ્કૂલની વર્કશોપ



સાયન્સ કૉલેજ હોસ્ટેલ



શુદ્ધ કાંકરેજ જાતનું સુંદર ગોધણ



શ્રી દાસકાકા સ્વીસ એઇડ એગ્રોડવાળા
શ્રી હંટર સાથે ગોશાળા ઉપર



શુદ્ધ કાંકરેજ વાલી સાંઢ

❀

## વિદ્યાર્થીઓ વર્કશોપમાં કામ કરી રહ્યા છે.
















# excellence is timeless

Our philosophy is not new. It is perhaps as old as time itself. It's a dedication to perfection. To doing the best that can be done. And then striving to make it better still. It's an endeavour that embraces every field of our activity. Whether it's textiles, plywood, dyes, chemicals or petrochemicals.

MAFATLAL GROUP

**MAFATLAL GROUP**

M. 120A

# CELLULOSE PRODUCTS OF INDIA LTD

## GUJARAT'S PROMINENT HOUSE OF CHEMICALS AND PAPER PRODUCTS VIZ :

- ☐ Sodium Carboxy Methyl Cellulose (CMC)
- ☐ Monochloro Acetic Acid (MCA)
- ☐ Sodium Monochloroacetate (SMCA)
- ☐ Cellulose Powder
- ☐ Microcrystalline Cellulose Powder
- ☐ Sodium Alginate and Alginic Acid
- ☐ Chemically Modified Tamarind Kernel Powder (T. K. P. — TAMRILOSE Brand)
- ☐ Agar Agar–China Grass ('POP' Brand Powder and Strips) Bacteriological Grade (I. P. Quality)
- ☐ Polyvinyl Alcohol
- ☐ Straw and Grey Boards

For your requirements, please contact :

# CELLULOSE PRODUCTS OF INDIA LTD

P. O. Kathwada Maize Products
Dist. **AHMEDABAD**

Grams : "CELLULOSE" Ahmedabad    Telex : AM 315    Phone : 88116/88270/88335 88336/88377




# Prints Poetic by Ambica

We've been busy.
Weaving exciting fabrics.
With sensuous textures.
Gorgeous prints.
The softest, coolest pastels.
And sizzling colours.
To adorn you.
Give you a totally new look.
So graceful...so lovely.

**SHRI AMBICA MILLS LTD.**
**SHRI ARBUDA MILLS LTD.**
**AHMEDABAD**

SHRI AMBICA GROUP

Grant.24.74

## હાર્દિક શુભેચ્છાઓ

# કૃષ્ણ ડાઇઝ ઇન્ડસ્ટ્રીઝ

મણીલાલ મેનસન, ક્રોસલેન

**અમદાવાદ**

કડી શહેરનું એક
આકર્ષણ




શેફાલી સીનેમા

## શ્રી કડી નાગરિક સહકારી બેંક લી. કડી ( ઉ. ગુ. )

ઠે. ગંજબજાર મુ. કડી

સ્થાપના :- ૧૮-૧૨-૭૪    ☎ નં. ૧૯૮    ઓડીટ વર્ગ અ

| | | | |
|---|---|---|---|
| અધીકૃત શેર ભંડોળ | ૧૦,૦૦,૦૦૦ | થાપણો | ૧૧,૫૦,૦૦૦ |
| વસુલ આવેલ શેર ભંડોળ | ૩,૭૭,૨૦૦ | ધીરાણો | ૧૦,૬૦,૦૦૦ |

**-: વ્યાજના દર :-**

**સેવીંગ્સ ખાતુ :- ૬%**

**બાંધી મુદત ખાતુ :-**

૬ માસ ૫.૫૦%    ત્રણ વર્ષ અને ઉપર ૯%

એક વર્ષ અને ઉપર ૭%    ૬૧ માસ ૧૧%

બેંક થાપણો ઉપર આકર્ષક વ્યાજ આપે છે. ઉપરાંત કડી શહેરના નાના વેપારીઓ, કારીગરો તથા ધંધાર્થીઓને સરળતાથી લોન / કેશક્રેડીટની સગવડ આપે છે.

**શ્રી રતિલાલ એમ. પટેલ** ( ચેરમેન )    **શ્રી મધુસૂદન સી. શાહ** ( વા. ચેરમેન )

**શ્રી માણેકલાલ એમ. પટેલ** ( મેને. ડીરેકટર )    **શ્રી નવીનચંદ્ર આર. ભટ્ટ** ( મેનેજર )


POWEROIL®
GLASS MOULD OIL
for crystal perfection
A highly refined Mineral Oil from Paraffinic Stocks.
• has low Sulphur Content and low Carbon Residue
• provides fast release from mould
• controls build-up of deposits on mould
• gives minimum smoke and fumes
• lubricates chute
• less fire hazardous
• approved and used by leading glass manufacturers
• AT MOST COMPETITIVE PRICE
SOR/203/1/76
Poweroil gives you maximum value for your money.
SPECIAL OILS REFINERY-TROMBAY
( Division of Apar Pvt. Ltd. )
POWEROIL ® APAR
• Mahul, Trombay, Bombay 400074. Tel . 523803-4-5 Telex: 011-3534
• 184-185, Golf Links Area, P. B. 3004, New Delhi 110003. Tel. 617654 Telex: 031-3338
• 24, Gul Mohur Building, 6-C Middleton Street, Calcutta 700071. Tel. 446868 Telex: 021-3326
• 43, General Patters Road, Madras 600002. Tel. 811630 Telex: 041-7344
• 3-4 Main Guard Cross Road, Front Building, 1st Floor, Bangalore 560 001. Tel : 54946
• Opp: 'D' Cabin, Chhani Rd, Baroda 390002. Tel. 8327 Telex: 017-220

# શ્રી ગોઝારિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ગોઝારિયા

તા. વિજાપુર જિ. મહેસાણા

રજી. નં. જિ. પં. સે. દૂ. ૧૪૪૫ * સ્થાપના તા. ૩૦-૩-૧૯૬૪

ઓડિટ વર્ગ 'અ'

**સભાસદ સંખ્યા :- ૪૧૮**

ભરપાઈ થયેલ શેર ભંડોળ ૪૯૩૦૦ * સરેરાશ દૈનિક દૂધ ખરીદ લીટર ૨૮૦૦

**-: મંડળના ઉદ્દેશો :-**

૧ દૂધ ખરીદ કરી સંઘને પહોંચાડવાનો, સ્થાનિક દૂધ વેચવાનો, સાગરદાણ, ઘી તથા કપાસખોળ વ્યાજબી ભાવે પુરા પાડવાનો છે.

૨ મંડળીએ પોતાની માલિકીનું પશુસારવાર અને પશુ સુધારણા કેન્દ્ર બાંધી સંઘ સંચાલિત ચાલુ કરેલ છે. જેનાથી સ્થાનિક તેમજ આજુબાજુના ગામોના દૂધ ઉત્પાદકોને સારો ફાયદો થયો છે.

**વ્યવસ્થાપક કમિટિના સભ્યો**

| | | |
|---|---|---|
| ૧ | જીવાભાઈ રણછોડદાસ પટેલ | પ્રમુખ |
| ૨ | નારાયણભાઈ એચરદાસ પ્રજાપતિ | ઉપપ્રમુખ |
| ૩ | જીવણભાઇ નથ્થુદાસ પટેલ | સભ્ય |
| ૪ | સેંધાભાઇ મોહનદાસ પટેલ | ,, |
| ૫ | છગનભાઈ રણછોડદાસ પટેલ | ,, |
| ૬ | નટવરભાઇ ખોડીદાસ પટેલ | ,, |
| ૭ | ચતુરભાઇ વસ્તારામ પટેલ | ,, |
| ૮ | કેવળભાઈ રાયચંદદાસ પટેલ | ,, |
| ૯ | જોઇતારામ ઇશ્વરદાસ ભાઇચંદદાસ પટેલ | ,, |
| ૧૦ | પરસોત્તમભાઇ બહેચરદાસ પટેલ | ,, |
| ૧૧ | સેંધાભાઇ જીવીદાસ પટેલ | ,, |
| ૧૨ | સોમાભાઇ વિઠ્ઠલદાસ પટેલ | સ્થાનિક ઓડીટર |

**કર્મચારી ગણ**

| | | |
|---|---|---|
| ૧ | રણછોડભાઇ ગોબરદાસ પટેલ | મંત્રી |
| ૨ | અંબાલાલ જીવાભાઇ પટેલ | કારકૂન |
| ૩ | ડાહ્યાભાઇ ધૂળાભાઇ પટેલ | ,, |
| ૪ | ચંદુભાઇ જીવાભાઇ પટેલ | ,, |
| ૫ | નાથાભાઇ શીવરામ પટેલ | ફેટ ટેસ્ટર |
| ૬ | પોપટભાઇ સેંધાભાઇ પટેલ | ,, |
| ૭ | છનાભાઇ માધવદાસ પટેલ | ફેટ ટેસ્ટર મદદનીશ |
| ૮ | બાબુભાઇ મથુરદાસ પટેલ | વેચાણ કારકૂન |
| ૯ | ગણેશભાઇ રેવાભાઇ ચૌધરી | દૂધ ભરનાર |
| ૧૦ | પશાભાઇ જોઇતારામ પટેલ | ,, |
| ૧૧ | નટવરભાઇ રામજીભાઇ દેસાઈ | ,, |

**જીવાભાઇ રણછોડદાસ પટેલ**
**પ્રમુખ**
શ્રી ગોઝારિયા દૂધ ઉત્પાદક સ. મંડળી લિ.

**રણછોડભાઇ ગોબરદાસ પટેલ**
**મંત્રી**
શ્રી ગોઝારિયા દૂધ ઉત્પાદક સ. મંડળી લિ.

ગુજરાત રાજ્ય ઉદ્યોગ ખાતા તરફથી

* પ્રમાણિત *

ગુજરાતભરમાં
મશહુર

સુપર
પીસ્તોલ
સાબુ




રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

બનાવનાર
નહેરૂ સોપ વર્કસ
મહેસાણા ફોન:૨૪૧૩

વાપરવામાં કરકસરવાળા, દૂધ જેવી સફેદ ધોલાઇ માટે

★

નં. { ઓફીસ ૨૪૧૩
રહેઠાણ ૩૦૧૬

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) ને
સન્માન પ્રસંગે
હાર્દિક અભિનંદન

# જયકિશાન પેટ્રોલિયમ સર્વીસ

(ઇન્ડીયન ઓઇલ ડીલર્સ)
કલોલ રોડ, કડી (ઉ. ગુ.)
☎ ૧૮૭
પેટ્રોલ, ડીઝલ, ક્રુડઓઈલ અને લુબ્રીકન્ટસ્ વગેરે વ્યાજબી ભાવે
અમારે ત્યાંથી મળશે

---

શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) ને
સન્માન પ્રસંગે
હાર્દિક શુભેચ્છાઓ

# પટેલ કાન્તિલાલ વિઠલદાસની કંપની

(જાસપુરવાળા)
માણેકચોક, ગેટ નીચે
અમદાવાદ

ટેલીફોન નં. ૨૩૭૭ ઓડીટ વર્ગ (અ) ટેલીએડ્રેસ 'ફારમરબેંક'

# ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, મહેસાણા

સ્થાપના સને ૧૯૧૬-૧૭

હેડ ઓફીસ, રાજમહેલ રોડ, મહેસાણા

-: શાખાઓ :-

ચાણસ્મા, કલોલ, વિસનગર, વિજાપુર, વડનગર, માણસા, કડી, સિદ્ધપુર, પાટણ, ખેરાળુ,
હારીજ, ઉંઝા, ઝોટાણા, સમી, લાડોલ, બેચરાજી, કલ્યાણપુરા, નારદીપુર, ઉમતા,
સતલાસણા, કાકોશી, મણુંદ, સીપોર, કુકરવાડા, લોદરા, ચરાડા, મેર્ડા-આદરજ,
બ્રાહ્મણવાડા, સોજા, ગોઝારીયા, લાંઘણજ, સરદારપુર, ધીણોજ, કહોડા
ઝુલાસણ, કડા, સુંઢીયા, મોઢેરા, વસાઈ, ખેરવા, ભાન્ડુ, સંડેર,
રણાસણ, પુંધરા, બાલીસણા અને કામલી

★

વસુલ આવેલ શેર ભંડોળ રૂા. ૧૬૫૭૯૧૫૦ થાપણ (ડીપોઝીટસ) રૂા. ૧૨૭૨૪૩૨૮૬
રીઝર્વ તથા તથા બીજા ફંડો રૂા. ૧૮૯૬૬૦૯૫ વર્કીંગ કેપીટલ રૂા. ૨૦૩૬૯૮૩૧૧

★

આ બેંક મહેસાણા જિલ્લા માટે તમામ સહકારી
મંડળીઓની મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા તરીકે કામકાજ કરે છે.

★

* આ બેંક તમામ પ્રકારનું બેંકીંગ કામકાજ કરે છે. *

★

આ બેંકની મુખ્ય ઓફીસ (મહેસાણા) તથા વિસનગર, પાટણ, ચાણસ્મા, હારીજ,
કડી, વિજાપુર અને ખેરાળુ શાખાઓમાં સેઇફ ડીપોઝીટ વોલ્ટની સગવડ છે.

-: વધુ વિગત માટે રૂબરૂ મળો યા લખો :-

આત્મારામભાઇ મગનલાલ પટેલ
પ્રમુખ

વેલજીભાઇ બી. પટેલ
મેનેજર

નટવરલાલ પીતાંબરદાસ પટેલ
ઉપપ્રમુખ

ગુ જ કો મા સો લ

કહો કે ગુણવત્તા કહો બંને એક જ છે.

કારણ..... **ગુ જ કો મા સો લ** એટલે જ **ગુણવત્તા**

- ❀ પેરાથીયોન ૨ ટકા ડસ્ટ
- ❀ ડી. ડી. ટી. ૧૦ ,, ,,
- ❀ બી. એચ. સી. ૧૦ ,, ,,
- ❀ મેલાથીયોન ૫ ,, ,,

તથા અન્ય જંતુનાશક દવાઓ

**આ**પના મહામુલા પાકને જીવાતોથી બચાવવા જંતુનાશક દવા તો છાંટવી જ જોઇએ પરંતુ તે પણ ઉત્તમ ગુણવત્તાવાળી ગુ જ કો મા સો લ માર્કાની જ જોઇએ. ગુજકોમાસોલ ગુણવત્તાનું બીજું નામ છે. કેમકે.... ગુજકોમાસોલ જંતુનાશકોની દરેક બેચની સંપૂર્ણ ચકાસણી કર્યા પછી જ વિતરણ કરવામાં આવે છે. અને એટલે જ ગુ જ કો મા સો લ જંતુનાશક દવાઓ હંમેશા અસરકારક પુરવાર થઈ છે.

**આ**પની જરૂરિયાત નજીકની સહકારી મંડળી અથવા જી. એસ. એફ. સી. ખાતર ડેપો ઉપરથી મેળવો અગર સંપર્ક સાધો :—

**જંતુનાશક દવા વિભાગ,**

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ,

સહકાર ભવન, રીલીફ રોડ, **અમદાવાદ-૧.**

☎ નં. ૨૪૩૧૬, ૧૭, ૧૮ : તાર ગુજકોમાસોલ

ઉંચી ગુણવત્તા ને ખાત્રીના તોલ એવા જંતુનાશકો આપે ગુ જ કો મા સો લ......

વડોદરાનું એકમાત્ર સંસ્કારી અને ઉત્તમ નિવાસ સ્થાન

# HOTEL
# ANAND NIVAS

## હોટલ આનંદ નિવાસ

જ્યુબીલી બાગ સામે, વડોદરા ૩૯ ૦૦૦૧

નં. ૬૪૮૫૧

★ ઘર જેવું સુંદર વાતાવરણ ★ શહેરની મધ્યમાં
★ ૨૪ કલાક પાણીની સગવડ ★ વ્યાજબી દર
★ બાથરૂમ સાથેના હવા-ઉજાશવાળા સીંગલ તથા ડબલ રૂમો

---

Please Enquire
for
Mahendra Fabrics

# K. AMARNATH

CLOTH MERCHANTS & COMMISSION AGENTS.

No. 37797, 31957

GRAM : "NOBILITY"

651/1, Patel Market,
*Sakar Bazar*,
AHMEDABAD - 2

# ધી મહેસાણા નાગરિક સહકારી બેન્ક લિ.
# મહેસાણા

શ્રી હરીભાઈ શીવાભાઈ પટેલ
પ્રમુખ

શ્રી સોમાભાઈ હરગોવનદાસ પટેલ
મેનેજીંગ ડાયરેકટર

| | |
|---|---|
| ભરપાઇ થયેલું શેર ભંડોળ | રૂા. ૭,૪૯,૨૫૦ |
| રિઝર્વ ફંડ | રૂા. ૩,૩૫,૫૦૦ |
| અન્ય ફંડઝ | રૂા. ૨,૯૦,૪૦૦ |
| કાયમી રોકાણો | રૂા. ૧૩,૦૩,૦૦૦ |
| ધીરાણો | રૂા. ૪૩,૪૪,૦૦૦ |
| થાપણો | રૂા. ૪૮,૩૦,૦૦૦ |
| કુલ વર્કીંગ કેપીટલ | રૂા. ૬૮,૯૦,૦૦૦ |

શ્રી માધવલાલ આર. પટેલ
મેનેજર

---

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, મહેસાણા.

ખુલ્લી હરાજી....!....સાચો તોલ....!....રોકડાં નાણાં....!!....

સને ૧૯૬૩ ના ગુજરાત ખેતી ઉત્પન્ન બજારોના કાયદા અન્વયે મહેસાણા તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, મહેસાણા બજાર નિયંત્રણનું સંચાલન કરે છે. આ માટે મહેસાણા, આંબલિયાસણ અને ઝોટાણા મુકામે **અનાજ, કઠોળ, તેલિબિયાં, કાલાં-કપાસ** વગેરેના વેચાણ માટે નિયંત્રિત બજારો સ્થાપવામાં આવેલ છે. આ ઉપરાંત મહેસાણા મુકામે શાકભાજીના વેચાણ માટે પણ નિયંત્રિત બજાર સ્થાપવામાં આવેલ છે. બજાર સમિતિના કર્મચારીઓની સીધી દેખરેખ હેઠળ નિયંત્રિત બજારોમાં ખેડૂતોના માલ (ખેતી ઉત્પન્ન)નું વેચાણ ખુલ્લી હરરાજીથી કરવામાં આવે છે અને બજાર સમિતિએ ઠરાવેલ દરોથી જ માર્કેટ ચાર્જીસ જેવા કે કમીશન, તોલાઇ, ચળાઇ, હમાલી વગેરે કાપી શકાય છે. ધર્માદા, લાગો, નમણ, એતાલો તોલ વગેરે ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ છે. ખેડૂતોના ઉત્પાદનમાં મહેસાણા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પોતાનો આગવો ફાળો આપી રહી છે ખેડૂતોએ તેમનો માલ ખાનગી વેપારીઓને ન વેચતાં માર્કેટયાર્ડમાં જ વેચવાનો આગ્રહ રાખવો જોઇએ અને બજાર ધારાથી મળેલ રક્ષણનો વધુમાં વધુ લાભ લેવો જોઇએ.

**જ. ભી. સોની**
મંત્રી,
ખેતીવાડી ઉ. બ. સમિતિ, મહેસાણા.

**નટવરલાલ પી. પટેલ**
સભાપતિ,
ખેતીવાડી ઉ. બ. સમિતિ, મહેસાણા.

# GUJCHEM DISTILLERS INDIA LIMITED

Pioneer Manufacturers of :-

* Sodium Carboxy Methyl Cellulose ( CMC )
* Monochloro Acetic Acid ( M. C. A. )
Textile Auxiliaries.
* Speciality Chemicals.
* Cross Linking Agents.
* Industrial Alcohol.
* Dichlorophenol.
* Trichlorophenol & Sodium Trichlorophenate.
* Emulsirfiers & De-Emulsifiers.
* Methyl & Ethyl Esters of MCA.
* Weed off.

**AND**

## ACETIC ACID

( First in Gujarat State )

**Reg. Office**

National Chambers, Office Nos 6, 7, 8
2nd Floor,
Near Dipali Theatre, Ashram Road,
**AHMEDABAD** 380 009
Phone : 76419
Grams : ' GUJCHEM ' AHMEDABAD

**Bombay Office**

82, Advent, 8th Floor
12-A, Gen. J.
Bhonsle Marg, Fort
**BOMBAY** 400 021
Maharashtra
Phone : 253004
Grams : ' GUJCHEMBOM ' BOMBAY

**Ankleshwar Factory**

5/2 GIDC Industrial
Estate, N. H. No. 8
**ANKLESHWAR** 393 001
Gujarat
Phone : 282, 283
Grams : ' GUJCHEM ' ANKLESHWAR

**Bilimora Factory**

P. O. Devsar
**BILIMORA** 396 380
Dist : Valsad : Gujarat
Phone : 384, 464, 465
Grams : ' GUJCHEM ' BILIMORA

# BUY
# BVM FABRICS
# AND BE SATISFIED

★

## " TERENE "

Terry Cotton 2 x 2 Suitings & Shirtings, Woven Checks, Lino Terry–Cotton Shirtings, Dobby and Plain Filaments, Weft Dobby Shirtings & Poplins, Jacquard Shirtings, 100% Printed Terene Shirtings, Suitings & Sarees.

★

## " COTTON "

2/120 × 2/120 High Twist Cambric, Sincle Cambric, Mercerised Dyed Poplins, Checks, 2 × 2 Suitings and many other printed varieties.

★

**BHARAT VIJAY FOR QUALITIES**
**SECOND TO NONE**

**The Bharat Vijay Mills Limited**
**KALOL ( N. G. )**
PIN : 382721

★

244
245

Grams : " BHARATMILL "
Telex : 012 450 B VIJAY



મનમોજી ધુમ્રપાન
જસવંત છાપ ટેલીફોન બીડી તથા સ્પેશિયલ ટેલીફોન બીડીએ વર્ષોથી પોતાની ઉચ્ચ ગુણવત્તા તથા અજોડ લોકપ્રિયતા જાળવી રાખી છે અને રોજે રોજ વધુને વધુ ધૂમ્રપાન શોખીનોને તૃપ્તિનો અનુભવ કરાવવામાં અગ્રેસર રહેલ છે.
જસવંત છાપ
ટેલીફોન બીડી
સ્પેશીયલ
ટેલીફોન બીડી
JASWANT CHHAP
TELEPHONE
સ્પેશીયલ ટેલીફોન
પરભુદાસ ફીરોઝદાસ ટોબેકો પ્રોડક્ટસ (પ્રા.) લી. અમદાવાદ-૨૨ ● ગુજરાત નાં સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ: શ્રી લક્ષ્મી બીડી ટ્રેડીંગ કંપની અમદાવાદ-૨૨
INTER P. K.112.

Res. Tel. No. 537088.

Office { Telegram : **BESTPRINT**
Tele. No. : **316821**

## D. Kantilal & Co.

**ART SILK & COTTON PRINTED SAREES MERCHANTS.**

22/24, Ganesh Wadi, 1st Floor,
Near M. J. Market,
**BOMBAY – 400002.**

**ડી. કાન્તીલાલ એન્ડ કું.**

**છાપેલી સાડીના વેપારી**

૨૨/૨૪, ગણેશવાડી, ૧ લે માળે, મુલજી જે.
મારકેટની બાજુમાં મુંબઈ ૪૦૦૦૦૨

---

## શ્રી ઉમતા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઉમતા (તા. વિસનગર)

નં. ૨૪

સ્થાપના : તા. ૧૯-૪-૬૫
સે. ટે. નંબર એન. ૫ એફ. ૭૮
ઓડીટ વર્ગ [અ]
કોડ નંબર : ૪૧૯/૨૦
રજી. નંબર ૧૪૮૨

**મંજુર થયેલ શેર ભંડોળ ૫૦૦૦૦)**
**ભરપાઈ થયેલ „ ૪૩૫૮૦)**
**સભાસદ સંખ્યા ૮૭૬)**

| મંત્રી | પ્રમુખ |
|---|---|
| **જીવણલાલ બેચરદાસ પટેલ** | **મણીલાલ ર. પટેલ** |

---

નં. ૪૨૭ ટે. એ. "સહકાર"

## વિસનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વિસનગર.

હાઈબ્રીડ બીયારણો, રાસાયણિક ખાતરો,
પાક સંરક્ષણ દવાઓ, અંકુશિત
કાપડ, સિમેન્ટ વગેરેનું
જથ્થાબંધ તથા છૂટક
વેચાણ કરવામાં
આવે
છે.

❀

| **ચેલાભાઈ ચ. પટેલ** | **ભોળાભાઈ ચ. પટેલ** |
|---|---|
| ઉપ પ્રમુખ | પ્રમુખ |

**ચતુરભાઈ હ. પટેલ**
મેનેજર

---

## સર્વોદય કોમર્શિયલ કો. ઓ. બેન્ક લિ. મહેસાણા. [સરાનો ચોક, નગરપાલિકા પાછળ]

સ્થાપના : ૨૪-૬-૭૪ ટે. નં. ૨૧૫૦ ટે. ગ્રા. **સર્વોદય**

—: ૩૦-૬-૭૬ ના રોજ —

| | | |
|---|---|---|
| **ભરપાઈ થયેલ શેરભંડોળ** | રૂા. | ૨,૩૦,૫૦૦-૦૦ |
| **થાપણો** | „ | ૫,૫૦,૨૦૦-૦૦ |
| **ધીરાણ** | „ | ૮,૭૫,૩૦૦·૦૦ |
| **નફો** | „ | ૩૩,૯૫૨-૦૦ |
| **વર્કીંગ કેપીટલ** | „ | ૧૧,૬૯,૮૫૦-૦૦ |

| **ઇંદ્રવદન કે. શાહ** | **કાન્તિલાલ એસ. મહેતા** |
|---|---|
| મેનેજીંગ ડીરેકટર, | ચેરમેન, |

**કે. આઈ. પ્રજાપતિ**
મેનેજર,

(૧) બાંધીમુદત થાપણો ઉપર ૬ાા ટકાથી ૧૧ ટકા સુધી વ્યાજ
(૨) ૬ાા વર્ષે બમણાં નાણાં માટે **કેશ સર્ટીફીકેટ** યોજના.
(૩) રીકરીંગ ખાતાં ઉપર આકર્ષક વ્યાજ.

* તદઉપરાંત અમદાવાદ તથા ગુજરાત રાજયનાં મુખ્ય વ્યાપારી સ્થળો ઉપર ડ્રાફ્ટની સગવડ આપવામાં આવે છે.
* ચેક, ડ્રાફ્ટની ઝડપી વસુલાત દ્વારા ગ્રાહકોને રાહત તથા સ્ટાફની વિનયી સેવા.

## સાંગણપુર દુધ ઉ. સહ. મંડળી લિ.,
## સાંગણપુર (તા. મહેસાણા)

અમારી સને ૧૯૭૫-૭૬ ના વર્ષની વિગતો નીચે મુજબ છે.

સ્થાપના ૬-૧૧-૬૫ મંડળીનો નોંધણી નં. સેદુ ૯૨૪૯
સભાસદ સં. ૨૯૯ ભરપાઈ થયેલ શેર ભં. રૂા. ૨૪૯૨૦
દૂધ ગ્રા. સં. ૨૦૩ સરેરાશ દૈનિક દૂધ લીટર ૮૨૫

રીઝર્વ ફંડ ૩૭૮૭૯-૫૧
મકાન ફંડ ૩૫૦૯૯-૩૧
અન્ય ફંડો ૧૩૦૫૭-૧૩ ઓડીટ વર્ગ અ

★ ★

"સત્યની વાતો કરનાર હજાર મનુષ્યો કરતાં સત્યનું પાલન કરનાર એક વ્યક્તિની કિંમત અધિક છે."

— વિશેષ

**પ્રભુદાસ જીવીદાસ**
પ્રમુખ,

**ગોરધનભાઈ શંકરદાસ પટેલ**
મંત્રી,

---

## મોટીદાઉ દૂધ ઉત્પાદક સહકારી મંડળી
## મોટીદાઉ (તા. મહેસાણા)

વાર્ષિક રૂા. બે લાખ આશરાનું દૂધ ભેગુ કરી સાગર ડેરીને આપવામાં આવે છે.

કુલ **સભ્યો ૧૨૯**

### વ્ય. મંડળ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ત્રિભુવનદાસ હીરદાસ પટેલ | પ્રમુખ |
| ૨ | શ્રી અંબાલાલ વિઠ્ઠલદાસ પટેલ | સભ્ય |
| ૩ | શ્રી કચરાભાઈ ઉમેદદાસ પટેલ | ,, |
| ૪ | શ્રી વિરચંદભાઇ શંકરદાસ પટેલ | ,, |
| ૫ | શ્રી કાનજીભાઇ ભગવાનદાસ પટેલ | ,, |
| ૬ | શ્રી બબાભાઇ શંકરદાસ પટેલ | ,, |
| ૭ | શ્રી કાંતિભાઇ કચરાભાઈ રાવલ | ,, |
| ૮ | શ્રી ભરતભાઈ ઇશ્વરલાલ | મંત્રી |

---

ફોન નં. ૫૧૯૫૫

હાર્દિક શુભેચ્છા સાથે........

## કે. સખીદાસ એન્ડ કું.

દરેક જાતના કાગળ તથા પ્રિન્ટીંગ **મટીરિયલ્સ** ના વહેપારી

-: એજન્ટસ :-

**વિલ્સન પ્રિન્ટીંગ ઈન્કસ, મદ્રાસ**

ન્યુ વાસણ મારકીટ,
માણેકચોક,
**અમદાવાદ - ૩૮૦૦૦૧.**

---

હાર્દિક શુભેચ્છા સાથે....

## બાલીસણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. બાલીસણા

તા. પાટણ * જિ. મહેસાણા

**સભ્ય સંખ્યા : ૩૫૮ ઓડીટ વર્ગ–બ**

| | |
|---|---|
| રજી. નં. તારીખ : દૂધ ૧૨૧૬૪ – ૩૦–૪–૭૩ | |
| મંજુર થયેલ શેર ભંડોળ. | ૨૫૦૦૦/૦૦ |
| ભરપાઇ થયેલ શેર ભંડોળ. | ૫૬૨૦/૦૦ |
| મકાન ફંડ, રીઝર્વ ફંડ, વ. અન્ય ફંડો | ૪૮૧૪૦/૦૦ |
| થાપણો અને શેરના રૂપમાં રોકાણો | ૬૧૬૧૦/૦૦ |

**કાનજીભાઇ ત્રિભોવનદાસ પટેલ**
પ્રમુખ,

**રામજીભાઈ ધરમાભાઈ પટેલ**
મંત્રી.

"વિકસતુ વૃક્ષ એ પ્રગતિશીલ
રાષ્ટ્રનું જીવંત પ્રતિક છે."

પંડિત જવાહરલાલ નેહરૂ



"હે ધરતીમાતા
વનોને અમારા ઉપર
સુખશાંતિ વરસાવવા દો"

वृक्षाद् वर्षति पर्जन्य
पर्जन्यादन्न संभव
अन्नाद् भवन्ति भूतानि

અધિક વૃક્ષો, અધિક વર્ષા,
અધિક વર્ષાથકી, અધિક અન્ન,
અન્ન એટલે જીવન

અને જીવન નહીં તો
વિકાસ પણ નહીં

રાષ્ટ્રની પ્રગતિ અને
સમૃધ્ધ જીવન માટે
વધુ વૃક્ષો વાવો

જી.એસ.એફ.સી
પ્રગતિશીલ
રાષ્ટ્રનું જીવંત મંદિર

GUJARAT STATE FERTILIZERS COMPANY LIMITED

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ
કંપની લિમિટેડ

પો. ફર્ટીલાઈઝરનગર, ૩૯૧૭૫૦
જિ. વડોદરા. (ગુજરાત રાજ્ય)

BIDHAN-GSFC-18 A 75/76 GUJ




હાર્દિક શુભેચ્છાઓ



# લક્ષ્મી પેપર માર્ટ

કાગળ તથા સ્ટ્રૉબોર્ડના વહેપારી
અને કમીશન એજન્ટ.

★

☎ નં. ૩૭૭૨૦
૧૯૪૦/૬, ખાડિયા ચાર રસ્તા, બસ સ્ટેન્ડની
બાજુમાં, પહેલા માળે, ગાંધી રોડ,
અમદાવાદ ૩૮૦૦૦૧.





"વિના સહકાર નહિ ઉદ્ધાર"

## વિસનગર તાલુકા મજુર સહકારી મંડળી લી. વિસનગર

**સ્થાપના સને ૧૯૫૩** ☎ નં. ૩૧૧-૩૬૦-૪૧૩-૨૭૧

શેર કેપીટલ :- રૂા. ૪૪૮૬૩૦ * રીઝર્વ ફંડ અને અન્યફંડો :- રૂા. ૯૩૨૦૦૦૦

**બાંધકામ ક્ષેત્રે પ્રગતિ :-** આ મજુર મંડળીએ શરૂઆતમાં નાનાં કામોનો ગુજરાતમાં શુભારંભ કર્યો અને વિસનગરના ભેખધારી કાર્યકર શ્રી સાંકળચંદભાઇ અને બીજા સહકારી કાર્યકરોની દોરવણી નીચે ભારતના જુદાજુદા ભાગોમાં બાંધકામ જેવાં કે રસ્તાઓ, રનવે, પુલો, મકાનો, વિગેરે અત્યાર સુધીમાં વીસ કરોડ રૂપીયાનાં કામો કરી આ દેશના નવનિર્માણમાં પોતાનો મહત્વનો ફાળો આપ્યો છે. મહાકાય બાંધકામો કરી મજુર મંડળીએ સહકારી પ્રવૃત્તિને યશકલગી અપાવી છે.

**બોરીંગ વિભાગ : હરીયાળી ક્રાન્તિ :-** અત્યાર સુધી ૨૬૦૦ પાતાળ કુવાઓ કર્યા છે. આ રીતે ગુજરાતમાંજ નહિ, પણ ભારત દેશના બીજા ભાગમાં સહકારના સહાયક દ્વારા ખેતીના અર્થતંત્રને સુદૃઢ કરવા ખેતીના પાયાની જરૂરિયાત જેવા પાણીની સગવડ મંડળીના ટયુબવેલ : બોરીગ વિભાગ દ્વારા સુયોજીત કરેલ છે.

આ રીતે કામદાર અને ખેડૂત ખભેખભા મિલાવી એકબીજાના સહકારથી આ દેશના નવનિર્માણમાં પ્રયત્નશીલ છે.

ઉત્તરોત્તર અમારી મંડળીની પ્રગતિ વધારવા આપના સહકારની આશા રાખીએ છીએ.

**પ્રભુદાસ ભીખાભાઈ પટેલ** — ચેરમેન

**નરેન્દ્રકુમાર ના. વ્યાસ** — માનદ મંત્રી

# ધી એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમિટિ, કડી (ઉ. ગુ.)

ઠે. સ્ટેશન રોડ, ભાગ્યોદય જીનની પાછળ

સ્થાપના ૧૯૫૬ — ☎ નં. ૨૧

**ખેડુત ભાઇઓ, બજારધારાની જોગવાઇઓથી મળતા લાભ મેળવવા માટે આપનો માલ ખુલ્લી હરાજીથી કડી માર્કેટ યાર્ડમાંજ વેચવાનો આગ્રહ રાખો.**

★ ★ ★ ★

હાલમાં માર્કેટ કમિટિ, કડીના મુખ્ય માર્કેટ યાર્ડમાં માર્કેટ કમિટિ, કડી તરફથી કડી માર્કેટ યાર્ડમાં જરૂરી સગવડો જેવી કે વોટરવર્કસ, ટેલીફોન, જાજરૂ, મુતરડીના બ્લોકસ, રેસ્ટીંગ શેડ, કેન્ટીન, વિજળી, ડામરના પાકા રસ્તાઓ, વેબ્રીજની સગવડો ઉભી કરવામાં આવી છે, અને દિનપ્રતિદિન માર્કેટ યાર્ડના વિકાસને અનુલક્ષીને જરૂરી સગવડો ઉભી કરવામાં માર્કેટ કમિટિ, હંમેશાં પ્રયત્નશીલ રહે છે.

★

કડી માર્કેટ યાર્ડમાં હાલમાં અનાજ, કાલાં, કપાસ, તેલિબિયાં વિભાગના ૫૮ સોપ કમ ગોડાઉનો તથા શાકભાજી ફળ-ફળાદિ વિભાગમાં ૪૮ સોપ કમ ગોડાઉનોનું બાંધકામ સંપૂર્ણ થઈ ગયેલ છે અને માર્કેટયાર્ડ ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહ્યું છે અને માલની આવકમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે. નિયંત્રિત બજાર એ ખેતી ઉત્પન્ન વેચવા માટેનું આદર્શ સ્થળ છે.

| | | |
|---|---|---|
| **રસિક આર. પટેલ** | **માધવલાલ નારણદાસ પટેલ** | **કાળીદાસ જી. પટેલ** |
| સેક્રેટરી | વાઇસ ચેરમેન | ચેરમેન |

## મહેસાણા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

રાજમહેલ રોડ, સહકાર ભવન, મહેસાણા ☎ નં. ૨૫૨૫

રજી. નંબર : ૧૪૩૮ તા. ૩-૨-૬૪ * રીઝર્વ ફંડ : ૬૭,૬૬૩-૯૧
સભાસદ સંખ્યા : ૩૦૧ * અન્ય ફંડો : ૧,૧૦,૬૩૧-૬૧
શેર ભંડોળ : ૧૦૯૭૦૦

સંસ્થામાં તમામ પ્રકારના રાસાયણિક ખાતરો, સુપર ફોસ્ફેટ, હાઇબ્રીડ બીયારણો, જંતુનાશક દવાઓ, ખેતીવાડી ઓજારો, ઇલેકટ્રીક મોટર્સ, સીમેન્ટ, ખાંડ, અંકુશીત તથા ક્રીસેલ કાપડ, અનાજ, ટયુબ ટાયર્સ વિગેરે

* ખરીદવાનું ભરોસાપાત્ર સ્થળ *

**ખરીદી માટે આપના સંઘનો સંપર્ક સાધો**

| કે. જે. પટેલ | કે. છ. પટેલ | ગ. શં. પટેલ |
|---|---|---|
| ઇ. મેનેજર | માનદ્‌મંત્રી | પ્રમુખ |

॥ વિના સહકાર નહિ ઉદ્ધાર ॥



'સહકારી સાહસ ચાહતા હૈ નયા સોપાન'

### શ્રી ગોઠવા દૂધ ઉ. સહ. મંડળી લી.
### ગોઠવા તા. વિસનગર (ઉ. ગુ.)

રજી. નં. ૧૪૬૭ કોડ નં. ૪૦
રજી. તા. ૨૫-૬-૬૪ સે. ટે. નં. N ૫ ઇ. ૧૧૦
શેર ભંડોળ રૂા. ૨૪૨૫૦ સભાસદ સંખ્યા ૪૨૩

★

શ્રી ભોળાભાઈ ચતુરભાઈ પટેલ
પ્રમુખ

શ્રી માધુભાઈ જમનાદાસ પટેલ
ઉપપ્રમુખ

શ્રી ત્રિભોવનદાસ પરસોત્તમદાસ પટેલ
મંત્રી

ખુલ્લી હરરાજી...સાચો તોલ...માલનાં રોકડાં નાણાં

### શ્રી ખેતીવાડી ઉત્પ. બજાર સમિતિ,
### વિજાપુર જિ. મહેસાણા.

સ્થાપના ૧૯૫૪-૫૫ મુખ્ય ઓફીસ વિજાપુર ☎ નં. ૧

-: બજાર ધારાનો હેતુ :-

ખેડૂતભાઇઓ પોતાનો ખેતી પેદાશનો માલ વિજાપુર બજાર સમિતિએ સ્થાપેલ માર્કેટ યાર્ડોમાં જ વેચે તેવી આગ્રહભરી વિનંતી છે અને વેપારી ભાઇઓ બજાર સમિતિએ સ્થાપેલ માર્કેટ યાર્ડો સિવાય ખેતી ઉત્પન્ન ચીજો ખરીદ કરે નહિ તેની નોંધ લેવા વિનંતી છે.

| મ. મ. પટેલ | આ. મ પટેલ |
|---|---|
| સેક્રેટરી | ચેરમેન |
| શ્રી ખેતી. ઉ. બ. સ વિજાપુર | શ્રી ખેતી. ઉ. બ. સ વિજાપુર |

# મુ. શ્રી હાસકાકાને હાર્દિક શુભેચ્છાઓ

: મુદ્રણકલા :

જ્ઞાનના ફેલાવાના સાધનરૂપ મુદ્રણકળા વ્યવસાય શિક્ષણ કાર્ય જેટલો જ પવિત્ર ને ઉન્નત છે.

લોક-વિચાર ને સમાજ-સંસ્કારને ઘડવામાં સહાયરૂપ આ ધંધો ધર્મકાર્ય જેટલો જ પવિત્ર છે.

ચિત્રમય નિરૂપણ દ્વારા જગતની રસરુચિને ઊંચે લઈ જનારો આ ઉદ્યોગ કલાકૃતિઓ જેટલો જ સુંદર અને મંગલમય છે.

: કામકાજ :

* માધ્યમિક શાળાઓને ઉપયોગી તૈયાર ફોર્મ વગેરે
* નિવેદન, સામયિક, પત્રિકા, જાહેર ખબર વગેરે
* પરીક્ષાના પ્રશ્નપત્ર, ઉત્તરવહી, લેખન-પોથી વગેરે
* બીલબુક, નોટપેપર, કાર્ડકવર, વગેરે

: આપના મુદ્રક :

## શ્રી પાટીદાર મુદ્રણાલય

રેલ્વે સ્ટેશન સામે : સર્વ વિદ્યાલય કેમ્પસ

કડી ( ઉ. ગુ. )

નવપ્રસ્થાન......



**શ્રી દાસકાકાના સ્વપ્નને આકાર આપતી સર્વ વિદ્યાલયની**
**ગાંધીનગર શાખાની શુભ શરૂઆત**
**તા. ૩-૧-૭૭**

ગાંધીનગર ખાતે શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલના ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી હીરાલાલ ભગવતી ખાતમૂહૂર્ત વિધિ કરી આરતી ઉતારી રહ્યા છે. જમણી બાજુથી શ્રી દાસકાકા, દાતા શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ ચંદુલાલ તથા સમારંભના પ્રમુખશ્રી હસમુખલાલ ચીમનલાલ વગેરે